


અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
સિદ્ધાર્થ, તમન્નાની ફિલ્મ ધી વનમાં મંજૂરી વિના ગીતની ચોરી....





પેજ-09
અમ્પાયર સાથે શ્રેયસ અય્યરની ચકમક, જાપાન સામે માંડ માંડ જીતી ટીમ ઈન્ડિયા....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 26.00 |
| વડોદરા | 35.00 | 26.00 |
| સુરત | 34.00 | 26.00 |


પેજ 5





ટાટા એઆઈએએ બદલાઈ રહેલી બજાર તકોમાં ગ્રાહકોને....


24 SEPTEMBER-2026 THURSDAY


તુર્કીયેના રાષ્ટ્ર પ્રમુખ એર્દોગનની UNGAમાં 'નાપાક' હરકત....





પેજ 10


**.....સુવિચાર.....**

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!


વર્ષ-15 । અંક-310 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# પીએમ મોદી અને અમિત શાહ વોટોની ચોરી કરીને ચૂંટણી જીતી રહ્યા છે - અરવિંદ કેજરીવાલ

એજન્સી) નવી દિલ્હી । તા. 23

આમ આદમી પાર્ટી તરફથી મોદી સરકાર અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર વારંવાર લગાવવામાં આવી રહેલા વોટ ચોરીના આરોપો પર ઈન્ડિયન એક્સપ્રેસની એક તપાસ રિપોર્ટે મહોર લગાવી દીધી છે. રિપોર્ટમાં થયેલા ચોંકાવનારા ખુલાસા બાદ ‘‘આપ’’ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તેને આઝાદ ભારતનું સૌથી મોટું કૌભાંડ ગણાવતા કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદી અને અમિત શાહ વોટોની ચોરી કરીને ચૂંટણી જીતતા રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આ વોટ ચોરીના સરગના છે. તેમણે માંગ કરી છે કે જ્ઞાનેશ કુમારની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તેમના વિરુદ્ધ દેશદ્રોહનો કેસ ચલાવવામાં આવે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચની મંજૂરી વગર ચાલી રહેલી એસઆઈઆર પ્રક્રિયા ગેરકાયદેસર છે. આ પ્રક્રિયાને રદ કરીને ત્રણ વર્ષ જૂની વોટર લિસ્ટને બહાલ કરવામાં આવે. સાથે જ, દિલ્હી, બિહાર સહિત પાછલા કેટલાક વર્ષોમાં થયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓને રદ કરીને ફરીથી કરાવવામાં આવે.બુધવારે “આપ”ના મુખ્યાલય પર સાંસદ સંજય સિંહ અને દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સૌરભ ભારદ્વાજ સાથે પ્રેસ વાર્તા કરીને અરવિંદ કેજરીવાલે કહ્યું કે અત્યાર સુધી આ દેશમાં લોકો સાંભળતા હતા કે મોદીજી અને અમિત શાહ વોટોની ચોરી



કરીને એક પછી એક ચૂંટણી જીતી રહ્યા છે. આજે ઈન્ડિયન એક્સપ્રેસની સ્ટોરીએ સાબિત કરી દીધું છે કે વાસ્તવમાં આ લોકો ચૂંટણીઓની ચોરી કરી રહ્યા છે. આ લોકો વોટોની ચોરી કરી રહ્યા છે અને ખૂબ મોટું વોટોનું કૌભાંડ કરીને ચૂંટણી જીતતા જઈ રહ્યા છે. મોદીજી અને અમિત શાહની આ વોટોની ચોરીના સરગના જ્ઞાનેશ કુમાર છે. તેમણે માંગ કરી કે જ્ઞાનેશ કુમારની ધરપકડ કરવામાં આવે, તેમના પર કેસ ચલાવવામાં આવે અને પાછલા કેટલાક વર્ષોમાં દિલ્હી, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, હરિયાણા, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં જેટલી ચૂંટણીઓ થઈ છે, આ તમામ ચૂંટણીઓ રદ કરીને ફરીથી કરાવવામાં આવે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય છે કે ચૂંટણી પંચ કોઈ એક વ્યક્તિનું નામ નથી, ચૂંટણી પંચનો અર્થ છે ત્રણ લોકો. ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને બે સભ્યો હોય છે. ત્રણેય મળીને મીટિંગ કરે છે અને તે મીટિંગમાં સર્વસંમતિથી અથવા બહુમતીથી નિર્ણયો લેવામાં આવે છે. આ ત્રણમાંથી કોઈ એક વ્યક્તિને એકલા નિર્ણય લેવાનો અધિકાર નથી. કોઈ એક વ્યક્તિ એકલો ચૂંટણી પંચ ચલાવી શકે નહીં અને કોઈ એક વ્યક્તિ એકલો ચૂંટણી પંચના અધિકારીઓને આદેશ આપી શકે નહીં. મુખ્ય ચૂંટણી કમિશનર માત્ર સમાન અધિકારીઓમાં પ્રથમ (ફર્સ્ટ અમંગ ઈક્વલ્સ) હોય છે, એટલે કે ત્રણેય સમાન છે.

## એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનો શાનદાર વિજય

(એજન્સી) જાપાન । તા. 22

એશિયન ગેમ્સ 2026 ના ચોથા દિવસે ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન પ્રભાવશાળી હતું. વેઈટલિફ્ટિંગથી લઈને સોફ્ટ ટેનિસ અને બેડમિન્ટન સુધી, ભારતના બહાદુરોએ તેમના શાનદાર પ્રદર્શનથી રાષ્ટ્રધ્વજને ઉંચો કર્યો. બુધવાર, 23 સપ્ટેમ્બરના રોજ, ભારતે કુલ પાંચ મેડલ જીત્યા, જેમાં ચાર બ્રોન્ઝ અને એક સિલ્વરનો સમાવેશ થાય છે.બુધવારે, ભારતની દિગ્ગજ વેઈટલિફ્ટિંગ સ્ટાર મીરાબાઈ ચાનુએ ભારત માટે શાનદાર પ્રદર્શન કર્યું, મહિલાઓની 49 કિગ્રા શ્રેણીમાં સિલ્વર મેડલ જીતીને. આ સાથે, તેણીએ એશિયન ગેમ્સ મેડલ ખાતું ખોલીને ઈતિહાસ પણ રચ્યો.આ મેડલ સાથે, એશિયન ગેમ્સમાં વેઈટલિફ્ટિંગમાં ભારતનો 28 વર્ષનો દુકાળ આખરે સમાપ્ત થયો. આ શ્રેણીમાં ઉત્તર કોરિયાની રી સોંગ ગમે ગોલ્ડ મેડલ જીત્યો. જ્ઞાનેશ્વરી દેવીએ પણ પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો અને કુલ ૧૯૫ કિલો વજન ઉપાડ્યું.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 24 September, 2026 | 6:30 PM | Vadodara |

Venue : Hampton By Hilton Vadodara - 14, Friends Co-Op Society, Gujarat 390007

Name : Vrushank Brahmbhatt | Mobile : 8433535141

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.


## CEC જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ દેશવ્યાપી વિરોધની જાહેરાત

પશ્ચિમ બંગાળ | પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે અને જણાવ્યું છે કે આ મુદ્દે ’INDIA’ ગઠબંધનના નેતાઓ સાથે ટૂંક સમયમાં બેઠક યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને હાલ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેથી લઈને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સુધીના વિપક્ષના અનેક નેતાઓએ તેમના રાજીનામાની માંગ કરી છે. મમતા બેનર્જીએ તો ત્યાં સુધી જાહેર કર્યું છે કે ચૂંટણી પંચ સામે કાર્યવાહીની માંગ સાથે દેશવ્યાપી આંદોલન કરવામાં આવશે અને ’INDIA’ ગઠબંધનના નેતાઓ આ અંગે ચર્ચા કરવા માટે ટૂંક સમયમાં મળશે. મમતાએ કહ્યું કે CEC જ્ઞાનેશ કુમારને લઈને સમગ્ર દેશમાં રોષ છે અને તેમની મુખ્ય માંગ એ છે કે તેમની ધરપકડ કરવામાં આવે અને તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવે. મમતા બેનર્જીએ વધુમાં ઉમેર્યું, ‘મારી પાર્ટીએ જ સૌથી પહેલા આ મુદ્દાઓ ઉઠાવ્યા હતા; ચૂંટણીના 7-8 મહિના પહેલા જ અમે કહેતા હતા કે અમારી હાર સુનિશ્ચિત કરવા માટે અમારા મતદાનના અધિકારને બળજબરીથી છીનવી લેવામાં આવી રહ્યો છે.

## મુંબઈ હાઈકોર્ટનો તહેવારોમાં ફટાકડા પર પ્રતિબંધ

(એજન્સી) મુંબઈ | તા.23

મુંબઈ હાઈકોર્ટે તહેવારો દરમિયાન જાહેર રસ્તાઓ પર ફટાકડા અને લેસર લાઈટોના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. આયોજકો માટે 1 લાખની સુરક્ષા ડિપોઝિટ પણ જમા કરાવવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે સમગ્ર મહારાષ્ટ્રમાં ઉત્સવની ઉજવણી દરમિયાન જાહેર રસ્તાઓ અને શેરીઓ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ છે. તહેવારો દરમિયાન લેસર લાઈટો, ઉચ્ચ-તીવ્રતાવાળા લ્યુમેન લાઈટો અને બીમનો ઉપયોગ પણ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. હાઈકોર્ટે આયોજકોને જૂથો માટે 1 લાખ અને વ્યક્તિઓ માટે 50,000 જમા કરાવવાનો આદેશ આપ્યો છે. જો ડેસિબલ મર્યાદા ઓળંગાઈ જશે તો આ રકમ જપ્ત કરવામાં આવશે. આયોજકોએ આંતરિક ધ્વનિ મર્યાદાઓ અને દૃશ્યમાન ડેસિબલ મીટર પણ સ્થાપિત કરવા પડશે, અને અધિકારીઓએ સરઘસ દરમિયાન અવાજનું સ્તર રેકોર્ડ કરવાની જરૂર પડશે.

## કેનેડામાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે મોટી કાર્યવાહી

## ૨૦૦ સભ્યોને દેશ છોડવાનો આદેશ

(એજન્સી) કેનેડા | તા.23

કેનેડામાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે મોટી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તપાસ એજન્સીઓએ ગેંગના ૨૦૦ સભ્યોને દેશ છોડવાનો આદેશ આપ્યો છે અને તેમાંથી ૧૧૧ સભ્યોને પહેલેથી જ દેશનિકાલ કરી દેવામાં આવ્યા છે.કેનેડાના સત્તાવાળાઓએ લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામેની કાર્યવાહી તેજ બનાવી છે. એજન્સીઓએ ગેંગના ૨૦૦ સભ્યોને દેશ છોડવાના આદેશો જારી કર્યા છે, જેમાં અંદાજે ૧૧૧ વ્યક્તિઓને પહેલેથી જ દેશનિકાલ કરવામાં આવ્યા છે. ’કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી’ના સૂત્રો અને કેનેડિયન મીડિયાના અહેવાલો અનુસાર, લોરેન્સ બિશ્નોઈ જૂથ હવે તેમના માટે પ્રાથમિકતા ધરાવતું લક્ષ્ય છે.

### કેનેડા પર કબજો કરવાના દાવા

બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા વ્યક્તિઓ પર આતંક, ખંડણી, ડ્રગ્સની હેરફેર અને કોન્ટ્રાક્ટ કિલિંગ જેવી પ્રવૃત્તિઓમાં સંડોવણીનો આરોપ છે. દરમિયાન, સપ્ટેમ્બર 2026 માં ગેંગ દ્વારા જારી કરાયેલ એક પત્ર પણ સમાચારમાં રહ્યો છે. આ પત્રમાં, ગેંગે કેનેડામાં 5,000 શૂટર્સ હોવાનો દાવો કર્યો હતો અને ટૂંક સમયમાં કેનેડા પર કબજો કરવાની ધમકી આપી હતી.

### આ કાર્યવાહી 2025 માં એક જન્મદિવસની પાર્ટીના વીડિયોથી શરૂ થઈ

આ કાર્યવાહી 2025 માં એક જન્મદિવસની પાર્ટીના વીડિયોથી શરૂ થઈ હતી.પોલીસનો આરોપ છે કે તેનો લોરેન્સ બિશ્નોઈના આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્ક સાથે સંબંધ હતો. જશનદીપ સિંહ સામે કાર્યવાહીનું એક મુખ્ય કારણ સોશિયલ મીડિયા પર સામે આવેલ એક વીડિયો હતો. આ વીડિયો ઓગસ્ટ 2025 માં એડમોન્ટનમાં આયોજિત જન્મદિવસની પાર્ટીનો હોવાનું કહેવાય છે. બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા અર્શદીપ સિંહ પણ પાર્ટીમાં હાજર હતા.




### પાક નિષ્ફળ ગયો છે અને સરકાર પ્રાકૃતિક ખેતીના પાઠ ભણાવે છે : પ્રવીણ રામ AAP

# રાજ્યમાં દુષ્કાળ અને નુકસાની વચ્ચે સરકારના સંવાદના તાયફા સામે આપ નેતા પ્રવીણ રામના આકરા પ્રહાર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ અને પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે અત્યારે ગુજરાતના હજુ પણ અમુક જિલ્લાઓની અંદર દુષ્કાળની પરિસ્થિતિ છે, ખેડૂતોનો ઊભો પાક સુકાઈ રહ્યો છે.

ગુજરાતમાં ઠેર ઠેર વીજલાઈનના થાંભલાઓને લઈને આંદોલન ચાલી રહ્યા છે. ત્યારે ગુજરાતના ખેડૂતોને અપેક્ષા હતી કે ગુજરાતની આ ભાજપ સરકાર દુષ્કાળની જાહેરાત કરશે, એના માટે યોગ્ય વળતર આપશે, વીજલાઈનના થાંભલાઓ માટે સરકાર યોગ્ય વેતન આપશે, પરંતુ ગુજરાતની આ ભાજપ સરકારે કોથળામાંથી બિલાડું કાઢ્યુ છે. ખેડૂતો માટે જાહેરાત કરી છે કે ભાજપનો કિસાન સેલ ગુજરાતના તાલુકા તાલુકા, ગામડે ગામડે જશે, એ ખેડૂતો સાથે મીટિંગ કરશે અને મીટિંગની અંદર પ્રાકૃતિક ખેતીની વાતો કરશે, ખેડૂતોને સરકારથી જે લાભો મળ્યા છે એમના વિશે ચર્ચાઓ કરશે.

aતમને શરમ પણ નથી આવતી? જ્યારે ગુજરાતનો ખેડૂત પીડાઈ રહ્યો છે ત્યારે એની પાસે જઈને મીટિંગો કરી એને પ્રાકૃતિક ખેતીની વાતો કરવાની? ગુજરાતના ખેડૂતો દુષ્કાળ જાહેર કરવીની માંગ કરી રહ્યા છે, તમે શું આપી રહ્યા છો? પ્રાકૃતિક ખેતીની વાતો.

શું પ્રાકૃતિક ખેતીની વાતો કરવાથી ખેડૂતોનો ઊભો પાક જે સુકાયેલો છે એ પાછો આવી જશે, એ નુકસાની પાછી આવી જશે? પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતને લઈ જવા એ સારી વાત છે, પણ અત્યારે ખેડૂતોને જે પ્રશ્નો ઊભા થયા છે



**ગુજરાતનો ખેડૂત સંવાદ નથી માંગી રહ્યો, ગુજરાતનો ખેડૂત સમાધાન માંગી રહ્યો છે : સૂકાતા પાક અને દેવામાફીના પ્રશ્ને મીટિંગો નહીં, ખેડૂતોને સીધા વળતરના ચેક આપો : પ્રવીણ રામ**

તેનું નિરાકરણ તો કરો. ગુજરાતનો ખેડૂત નુકસાનીના વળતરનો ચેક માંગી રહ્યો છે અને તમે મીટિંગની તારીખ આપી રહ્યા છો? આ તો કેવી વાત? તમે ક્યાં મોઢે મીટિંગ કરો છો ? મને એ સમજાતુ નથી.

પ્રવીણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે આ તો એના જેવી વાત છે કે દવાખાનાની અંદર કોઈ દર્દી છે, જે સીરિયસ છે અને તેનું ઓપરેશન કરવું પડે એમ છે અને ત્યાં ડોક્ટર આવી અને સ્વાસ્ સારું રહે એના માટે બે કલાક લેક્ચર આપે, તમને શરમ પણ નથી આવતી?

જો હકીકતમાં તમે ગુજરાતના ખેડૂતોનું હિત ઈચ્છતા હોવ, તો તમે દુષ્કાળ જાહેરાત કરો , યોગ્ય વળતર આપો. તમને ચોક્કસમાં ગુજરાતના ખેડૂતની પડી હોય તો જ્યાં વીજલાઈનના થાંભલા આવે છે ત્યાં જે ખેડૂતોની માંગણી છે, કે ચાર ગણી રકમ આપો તે રકમના ચેક આપો. ખેડૂતોની વર્ષોથી માંગણી છે કરજ માફીની, દેવા માફીની, એ દેવા માફીની જાહેરાત કરો.

તમારે એ કઈ નથી કરવું, તમારે તાયફા કરવા છે, તમારે ખોટી ખોટી વાતો કરી અને ગુજરાતના ખેડૂતને અત્યારે જે પીડા છે એના તરફથીએ નું ધ્યાન ડાયવર્ટ કરવું છે. પણ મને વિશ્વાસ છે કે ગુજરાતનો ખેડૂત પણ સમજદાર છે, એનું ધ્યાન ડાયવર્ટ નહીં થાય, અને તમે જે ધરતીનો સાથ કિસાન સંવાદની વાતો કરી રહ્યા છો એમાં તમને ખબર પડી જશે કે ગુજરાતનો ખેડૂત કેટલો દુઃખી છે, કેટલો આક્રમક છે. ગુજરાતનો ખેડૂત સંવાદ નથી માંગી રહ્યો, ગુજરાતનો ખેડૂત સમાધાન માંગી રહ્યો છે

# ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકો માટે બે મોટી યોજના

**અધ્યાપકોના પુસ્તક પ્રકાશનનો ખર્ચ યુનિ. ઉઠાવશે, અધ્યાપકોને રિસર્ચ માટે 2 લાખ સુધીની ગ્રાન્ટ મળશે**

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ અને ઈન્ટેન્સીપ યોજના શરૂ કરી હતી. જે બાદ હવે અધ્યાપકો માટે પણ બે યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતા તમામ અધ્યાપકો માટે પ્રકાશન અને રિસર્ચ યોજના શરૂ કરાઈ છે. જેમાં ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકોના જ્ઞાન લોકો સુધી પહોંચાડવા યુનિવર્સિટી પોતાના ખર્ચે અધ્યાપકોના પુસ્તક પ્રકાશિત કરશે. પ્રકાશનથી લઈને પ્રકાશિત કરવા સુધીનો તમામ ખર્ચ ગુજરાત યુનિવર્સિટી જ ઉઠાવશે.

તેમજ છેલ્લા 6થી 7 વર્ષથી રિસર્ચ માટે અધ્યાપકોને ગ્રાન્ટ ન મળતી હોવાથી તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રિસર્ચ કરવામાં આવતા અધ્યાપકોની અરજી મગાવી તેની સ્ક્રુટીની કરી બે લાખ સુધીની રિસર્ચ ગ્રાન્ટ આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. જેથી હવે અધ્યાપકોને રિસર્ચ માટે ગ્રાન્ટને લઈને કોઈ સમસ્યાનો સામનો નહીં કરવો પડે. ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ડૉ. જગદીશ જોશીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટી માટે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટી સ્ટાફ ખૂબ અગત્યના હોય છે. જેમાં વિદ્યાર્થીઓને સ્કોરલશિપ નથી તેમના માટે અલગથી સ્કોલરશીપ અને ઈન્ટર્નશિપ માટેનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ હવે અધ્યાપકો માટે બે યોજના શરૂ કરવામાં આવી છે. પ્રકાશનથી જ અધ્યાપકોના વિચારો અને જ્ઞાન લોકો સુધી પહોંચતું હોય છે. જેથી ગુજરાત યુનિવર્સિટી તમામ અધ્યક્ષકોના આવેદનપત્ર મગાવી રહી છે. તેમજ જે લોકોની સ્ક્રીપ્ટ ઓરીજનલ હશે જે જ્ઞાન લોકો સુધી પહોંચવું જોઈએ તેવા પ્રકારના જ્ઞાનને જે લોકો પ્રકાશિત કરવા માંગે છે તેના પુસ્તકો ગુજરાત યુનિવર્સિટી જ પ્રકાશિત કરી આપશે. અન્ય લોકો સુધી અધ્યાપકોનું જ્ઞાન પહોંચે તેવી વ્યવસ્થા પણ ઊભી કરાશે. પ્રકાશનના સેટિંગથી લઈને પ્રકાશિત કરવા સુધીની પ્રક્રિયા ગુજરાત યુનિવર્સિટી કરશે અને સંપૂર્ણ ખર્ચ પણ ઉઠાવશે. અધ્યાપકો માટેની રિસર્ચ યોજનાને લઈને ડૉ. જગદીશ જોશીએ જણાવ્યું હતું કે, તેમજ બીજી યોજના અધ્યાપકોના રિસર્ચ માટે શરૂ કરવામાં આવી છે. જેમાં UGC સ્કીમ એવું કહે છે કે અધ્યાપકોના રિસર્ચ માટે આર્થિક મદદ મળવી જોઈએ.

## News Brief

### કુબેરનગરમાં લારીવાળાને માર મારી તોડફોડ કરી ; ભાજપના કોર્પોરેટરની યુવક સાથે ઉગ્ર બોલાચાલી

અમદાવાદ | અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં નાસ્તાની લારી પર વહેલી સવારે ત્રણ યુવકો દ્વારા પૈસા આપવા બાબતે લારી ધારક અને તેની પત્ની પર હુમલો કરવાની ઘટના બની હતી. લારીમાં તોડફોડ કરીને મારા મારી કરવામાં આવી હતી. જેના પગલે લારી ધારક સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર સન્નીખાન ચંદાણીની ઓફિસે રજૂઆત કરવા ગયો હતો. તોડફોડ અને મારામારી કરનાર એક યુવક નજીકમાં જ રહેતો હોવાથી તેને બોલાવીને આ બાબતે વાતચીત કરતા તેણે ભાજપના કોર્પોરેટર સાથે પણ ઉગ્ર બોલાચાલી કરી હતી. જેથી સરદારનગર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. લારીધારકે પણ સરદારનગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી, ત્યારે પોલીસ દ્વારા આ મામલે ગુનો નોંધવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર સન્નીખાન ચંદાણીએ જણાવ્યું હતું કે, કુબેરનગર ખાતે એક લારી વાળાને માર મારવામાં આવ્યો હતો જેથી તેઓ મારી પાસે રજૂઆત કરવા આવ્યા હતા. પરમાર શખ્સ નજીકમાં જ રહેતો હોવાથી તેને આ બાબતે ઠપકો આપ્યો હતો, ત્યારે તેને ઉગ્ર બોલાચાલી કરી હતી. નશેડી હોવાને લઈને બોલાચાલી વધુ કરતો હોવાથી પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર પહોંચી અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

કુબેરનગરમાં ઈશ્વર તોરાણી તેમના પરિવાર સાથે રહે છે અને શ્રીરામ દૂધ ઘરની સામે દાળ પકવાનની લારી ઉભી રાખીને વ્યવસાય કરે છે. આજે 23 સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે તેઓ અને તેના પત્ની બંને લારી ઉપર હાજર હતા. આશિયા ઉર્ફે ભૂરીઓ મારવાડી નામનો યુવક અને અન્ય બે વ્યક્તિ આવ્યા હતા અને નાસ્તો કરવાના 10 ઓછા આપવામાં આવ્યા હતા જે બાબતે તેમને બોલા ચાલી થઈ હતી.

### દહેગામના ડુમેચા પાસે દારૂ ભરેલી ક્રેટા ઝાડ સાથે અથડાઈ

ગાંધીનગર | ગાંધીનગરના દહેગામ-બાયડ રોડ પર ડુમેચા ગામ નજીક લોકલ ક્રાઈમ બ્રાન્ચની નાકાબંધી જોઈને ફિલ્મી ઢબે ભાગવા જતાં દારૂ ભરેલી એક કાર ઝાડ સાથે અથડાઈ હતી. જેના પગલે બુટલેગર વાહન સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસે ગાડીમાંથી 2.77 લાખની કિંમતનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો તેમજ 10 લાખની ક્રેટા કાર મળી 12.77 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

LCB PI કે.જે.રાઠોડની ટીમ રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન મળેલી બાતમીના આધારે બાયડ-દહેગામ રોડ પર આવેલા ડુમેચા ગામના ચાર રસ્તા પાસે બહુચર માતાના મંદિર નજીક નાકાબંધી ગોઠવવામાં આવી હતી. દહેગામ તરફ પુરઝડપે આવી રહેલી શંકાસ્પદ નંબર પ્લેટ વગરની સફેદ કલરની હ્યુન્ડાઈ ક્રેટા ગાડીના ચાલકે પોલીસની આડશ જોઈને કાર યુ-ટર્ન મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જો કે યુ-ટર્ન મારવા જતાં બેફામ સ્પીડે જતી કાર રોડની સાઈડના ખાડામાં ઉતરી જઈને ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત બાદ કારચાલક અંધારાનો લાભ ઉઠાવી ગાડી સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યો હતો. અકસ્માતમાં કારના આગળના ભાગે ભારે નુકસાન થયું હતું અને ટાયર પંચર થઈ ગયું હતું.

### આશ્રમશાળાઓના શિક્ષકોની નિયુક્તિ મામલે ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ

અમદાવાદ | ગુજરાત હાઈકોર્ટે રાજ્યની આશ્રમશાળાઓમાં શિક્ષકોની અછત મુદ્દે સુનાવણી કરી. ચીફ જસ્ટિસની ખંડપીઠે સરકારને ટકોર કરી કે આશ્રમશાળાના શિક્ષકોની અન્ય ગ્રાન્ટ ઈન સ્કૂલોમાં બદલી ન થવી જોઈએ. GSLSAની તપાસમાં કેટલીક NGO પૂરતા શિક્ષકો વિના આશ્રમશાળાઓ ચલાવતી હોવાનું સામે આવ્યું. હાઈકોર્ટે આ અંગે ચિંતા વ્યક્ત કરી અને સરકારને નવી નીતિ ઘડવા 4 અઠવાડિયાનો સમય આપ્યો છે.રાજ્યની આશ્રમશાળાઓની કથળી ગયેલી સ્થિતિ અને શિક્ષકોની ભારે અછત મામલે ગુજરાત હાઈકોર્ટમાં મહત્ત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસની ખંડપીઠે રાજ્ય સરકારને ટકોર કરતાં જણાવ્યું હતું કે, 'આશ્રમશાળાઓ માટે નીતિ ઘડતી વખતે એ નિયમ સ્પષ્ટ રાખવો કે અહીં નિયુક્ત થયેલા શિક્ષકોની અન્ય ગ્રાન્ટ ઈન શાળા(બિન-સરકારી)ઓમાં બદલી કરી શકાશે નહીં. સરકાર પબ્લિકના પૈસે શિક્ષકોને પગાર ચૂકવતી હોય તો તેના પર કોઈને જલસા નથી કરવા દેવાના.' ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઑથોરિટી દ્વારા આશ્રમશાળાઓની સ્થળ તપાસ કરાવવામાં આવતાં અત્યંત ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો કે, કેટલીક બિનસરકારી સંસ્થાઓ(NGO) દ્વારા પૂરતા શિક્ષકો વિના જ આશ્રમશાળાઓ ચલાવવામાં આવી રહી છે. હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરતાં સવાલ ઉઠાવ્યો હતો કે, 'આવી રામભરોસે ચાલતી આશ્રમશાળાઓમાં બાળકોને શું ભણાવતા હશે?' સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટકોર કરી હતી કે આશ્રમશાળાઓમાં ભરતી થતાં શિક્ષકો એવું બહાનું કાઢી શકે નહીં કે તેઓ અંતરિયાળ કે આદિવાસી વિસ્તારોમાં ભણાવવા નહીં જાય. હવેથી આશ્રમશાળાઓ પણ સરકારી અને ખાનગી ફંડથી ચાલશે, જેથી ત્યાં કડક નિયમો લાગુ કરવા જરૂરી છે. કોર્ટે રાજ્ય સરકારને પ્રશ્ન કર્યો હતો કે આશ્રમશાળાના શિક્ષકોની ભરતી અને બદલી અંગે નિયમો ઘડવામાં કેટલો સમય લાગશે? આ મામલે સરકારી વકીલે નિયમો તૈયાર કરવા માટે 4 અઠવાડિયાનો સમય માગ્યો હતો. હાઈકોર્ટે સરકારની વિનંતી ગ્રાહ્ય રાખીને વધુ સુનાવણી એક મહિના પછી મુલતવી રાખી છે.

### ડિજિટલ એરેસ્ટના કેસમાં હાઈકોર્ટ આકરા પાણીએ

અમદાવાદ | ગુજરાત હાઈકોર્ટે 'ડિજિટલ એરેસ્ટ'ના વધતા જતાં કેસો અને સિનિયર સિટીઝનો સાથે થતી કરોડોની ઠગાઈ મામલે પોલીસની ઢીલી તપાસ સામે આકરા પ્રહારો કર્યા છે. હાઈકોર્ટે પૂછ્યું કે, સાયબર પોલીસને કેટલી સમજણ પડે છે અને કેટલા પીડિતોને નાણાં પાછા મળ્યા? 60 લાખ ગુમાવનાર પીડિતને રકમ પરત ન મળતાં કોર્ટે મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવામાં પોલીસની નિષ્ફળતા પર સવાલ ઉઠાવ્યા. તપાસ અધિકારીને નાણાકીય વ્યવહારોનો સંપૂર્ણ ચાર્ટ રજૂ કરવા આદેશ અપાયો છે. સાયબર ક્રાઈમના વધતા જતાં કિસ્સાઓ અને ખાસ કરીને 'ડિજિટલ એરેસ્ટ'ના નામે સિનિયર સિટીઝનો સાથે થતી કરોડોની ઠગાઈ મામલે ગુજરાત હાઈકોર્ટે પોલીસની ઢીલી તપાસ સામે આકરા પ્રહારો કર્યા છે. હાઈકોર્ટે આકરી ટકોર કરતાં જણાવ્યું હતું કે, 'પોલીસ હંમેશા એવી ફિલોસોફી ઠોક્યા કરે છે કે સિનિયર સિટીઝનને સમજણ પડતી નથી એટલે તેઓ ડિજિટલ એરેસ્ટનો ભોગ બને છે, પરંતુ સવાલ એ છે કે સાયબર પોલીસને કેટલી સમજણ પડે છે? અત્યાર સુધીમાં કેટલા પીડિતોને તેમના નાણાં પાછા અપાવી શકાયા છે?' સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ગંભીર નોંધ લેતાં કહ્યું કે, 'એક પીડિતના 60 લાખ રૂપિયા ઠગાઈમાં જતા રહ્યા છે, છતાં પોલીસ યોગ્ય તપાસ કેમ કરતી નથી?

## વિદ્યાર્થીની પર ક્રેન ફરી વળવાની ઘટના મુદ્દે AAP પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે ભાજપ સરકારની ઘેરી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે GenZ માટે આ સરકાર કેટલી સંવેદનશીલ છે એનું એક ઉદાહરણ હાલ જોવા મળ્યું. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે સિલ્વર ઓક કોલેજમાં બીએસસી બાયો ટેકનોલોજીના બીજા વર્ષમાં અભ્યાસ કરતી એક દીકરી કોલેજ જઈ રહી હતી અને રોડ પર પાણી ભરાયેલું હતું, એટલા માટે એ સાઈડમાંથી ચાલી રહી હતી અને એના પર ક્રેન ફરી વળી. જે દીકરી સાયન્ટિસ્ટ બનવા માંગતી હતી એ અકાળે ભગવાનના ઘરે પહોંચી ગઈ. સામાન્ય પરિવાર પોતાના દીકરા દીકરીઓને ભણાવવા માટે કમર કસે છે અને આ અસંવેદનશીલ સરકારને કંઈ પડી નથી. આ ઘટના અમદાવાદના ગોતા વિસ્તારમાં બની હતી તો ગુજરાતના બીજા વિસ્તારોમાં શું



હાલત હશે?વધુ આમ આદમી પાર્ટીના નેતા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, વિકાસની વાતો સિવાય કંઈ થતું નથી, વિદ્યાર્થીઓની સુરક્ષા માટે કંઈ નથી. આવી ઘટના બને છે ત્યારે બે ચાર દિવસ લોકો વાત કરે છે પરંતુ પછી ભૂલી જઈએ છીએ. ક્યાંક આગ લાગે, ક્યાંક ખાડા પડે, ક્યાંક બિલ્ડિંગ પડે, ક્યાંક બ્રિજ પડે, પરંતુ હકીકતમાં સામાન્ય પરિવારોના ભવિષ્ય પડી રહ્યા છે. આ ઘટના રોડ બનાવનાર મોટા એન્જિનિયર કે મોટા નેતાના દીકરા દીકરી સાથે બની હોત તો? મારી આ સરકારને અને કોર્પોરેશનને પણ વિનંતી છે કે જે પરિવારે આ દીકરી ગુમાવી છે એ પરિવારને ઓછામાં ઓછું એક કરોડનું વળતર ચૂકવવામાં આવે અને આગામી સમયમાં આ રીતની ઘટના ન બને એ માટે એવી વ્યવસ્થા સુનિશ્ચિત કરીને GenZ ને આશ્વાસન આપવામાં આવે.

## ગુજરાતમાં કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારવા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

ગાંધીનગર | ગુજરાતમાં સહકારી ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવા અને પર્યાવરણપ્રિય ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સહકારી ડેરીઓ દ્વારા સરકારની સહાયથી કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટ સ્થાપવાનું એક ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ સંદર્ભે ગાંધીનગર ખાતે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડા અને જાપાનના પ્રતિનિધિમંડળ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સંયુક્ત બેઠક યોજાઈ હતી. જાપાનના વિશિષ્ટ ડેલિગેશનમાં જાપાન સરકારના વેપાર અને ઉદ્યોગ મંત્રાલયના પ્રાદેશિક પ્રતિનિધિ શ્રી ટોયોકાઝુ નાગામુને, સુઝુકી મોટર કોર્પોરેશનના મેનેજિંગ ઓફિસર શ્રી કેનિચિરો ટોયોફુકુ, JICA ઈન્ડિયાના ચીફ રિપ્રેઝન્ટેટિવ શ્રી ટાકુરો તાકેઉચી તથા સીનિયર રિપ્રેઝન્ટેટિવ શ્રી સોટા કોઈડે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાં બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારવા તેમજ બાયોગેસની સાથે-સાથે ગુણવત્તાયુક્ત ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનું ઉત્પાદન વધારવાના હેતુથી સુઝુકી અને JICAના પ્રતિનિધિઓ દ્વારા નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડવા અંગેનો એક વિસ્તૃત પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન આ પ્રસ્તાવ પર પ્રાથમિક અને સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.પ્રાપ્ત થયેલા પ્રસ્તાવ અંગે થયેલી ચર્ચાના આધારે આગામી સમયમાં ગુજરાત સરકાર, સુઝુકી અને JICA વચ્ચે વિધિવત રીતે સમજૂતી કરાર (MoU) કરવામાં આવશે, જે રાજ્યના હરિયાળા ભવિષ્ય માટે એક મોટું કદમ સાબિત થશે.આ બેઠકમાં સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરૂણકુમાર સોલંકી, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન તેમજ સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી ભરત જોષી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત, બનાસ ડેરી તેમજ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો.

## સરકારના 11.86 લાખ ઈસનપુરના પિતા-પુત્રે અંગત ઉપયોગમાં લીધા

અમદાવાદ | અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી નેશનલ શોર્ટિંગ હબમાં ભારતીય ચલણની 2000ની નોટ આરબીઆઈની ઓફિસમાં જમા કરાવવાના રૂ. 11.86 લાખના Insured આર્ટિકલ પોસ્ટ વિભાગમાં જ ફરજ બજાવતા પિતા પુત્ર દ્વારા અંગત ઉપયોગમાં પોતાની પાસે રાખ્યા હતા ત્યારબાદ તેઓએ 13.12 લાખ રૂપિયા પરત સરકારી તિજોરીમાં જમા પણ કરાવ્યા છે જોકે સરકારી મિલકતનો ઉપયોગ કર્યો હોવા અને લઈને તેઓ વિરુદ્ધ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઈસનપુરની તપોભૂમિ સોસાયટીમાં રહેતા દર્શન તપસ્વીએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં નટવરલાલ પંડ્યા અને તેના પુત્ર યશ પંડ્યા વિરુદ્ધ 11.86 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. દર્શન નેશનલ સોર્ટીંગ હબમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે અને હબમાં આવતા પાર્સલ તથા સ્પીડ પોસ્ટ આર્ટિકલના સુપરવિઝનની જવાબદારી સંભાળે છે. આ સમગ્ર મામલો વર્ષ 2023થી 2026 દરમિયાન નેશનલ સોર્ટીંગ હબમાં આવેલા ઈન્સ્યોર્ડ આર્ટિકલ સાથે જોડાયેલો છે. પોલીસ ફરિયાદ મુજબ, વર્ષ 2023થી 2026 દરમિયાન નટવર રાઠોડ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તેમના નેજા હેઠળ નટવરલાલ પંડ્યા મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ તરીકે કામ કરતા હતા. ત્યારબાદ તેઓ નિવૃત્ત થઈ ગયા હતા. પુત્ર યશ પંડ્યા ગ્રામીણ ડાક સેવક તરીકે કામગીરી કરતો હતો. 13 ઓક્ટોબર 2023ના રોજ આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ પોસ્ટ દ્વારા સરક્યુલર બહાર પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાંથી લોકોએ પોતાની પાસે રહેલી બે હજાર રૂપિયાની ચલણી નોટ આરબીઆઈની ઓફિસમાં જમા કરાવવા માટે ઈન્સ્યોર્ડ આર્ટિકલ બુક કરાવ્યા હતા.

## અમદાવાદમાં સાયબર ફ્રોડની અલગ અલગ ઘટના : કંકોત્રીની APK, ટેલિગ્રામ ટાસ્ક અને ફેક લિંક અને અદાણી ગેસ કનેક્શન કાપવાના બહાને લાખો પડાવ્યા

અમદાવાદ | અમદાવાદમાં સાયબર ફ્રોડની પાંચ ઘટનાની અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેમાં ડિજિટલ કંકોત્રીના નામે ફેક APK ફાઈલ મોકલીને 6.38 લાખ, ટેલિગ્રામ પર ટાસ્ક અને ટ્રેડિંગમાં નફાની લાલચ આપીને 5.75 લાખ, ફેસબુક પર બેંક પેન્શન કાર્ડની જાહેરાત મૂકીને 4,99 લાખ, અદાણી ગેસનું બિલ અપડેટ ન હોવાથી કનેક્શન કાપી નાખવાનો ડર બતાવીને ફેક લિંકથી 94 હજાર અને રૂબરૂ પેટીએમ કંપનીના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી ચાર્જ ઝીરો કરવાના બહાને રૂ.49 હજારની છેતરપિંડી થઈ છે. મેઘાણીનગરમાં રહેતા 71 વર્ષીય નંદકિશોર ગોરધનભાઈ ટાંકના મોબાઈલ પર કોઈ ઓળખીતાના હેક થયેલા વોટ્સએપ નંબર પરથી લગ્ન કંકોત્રીના નામે એક A.P.K ફાઈલ આવી હતી, જેને ડાઉનલોડ અને ઈન્સ્ટોલ કરતાં સાયબર ગઠિયાએ તેમના મોબાઈલનો એક્સેસ લઈ લીધો હતો. ત્યારબાદ ગઠિયાએ આઈડી-પાસવર્ડની ચોરી કરી અને ઓટીપી બાયપાસ કરીને વૃદ્ધની જાણ બહાર તેમના બેંક એકાઉન્ટમાંથી રોજ જુદા-જુદા ટ્રાન્ઝેક્શનથી 6,38,578 અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. બેંકમાંથી મેસેજ આવતા છેતરપિંડીની જાણ થવાથી વૃદ્ધે તેમના પુત્ર સાથે મળીને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર જાણ કરી હતી અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. રાણીપમાં રહેતા અને ગ્રાફિક્સ ડિઝાઈનિંગનું કામ કરતા 42 વર્ષીય જીગ્નેશ રજનીકાન્ત મકવાણા સાથે ટેલિગ્રામ પર ટાસ્ક અને ટ્રેડિંગના બહાને ફ્રોડ થયો છે. અલગ અલગ આઈડી પરથી ઠગે અલગ અલગ ટેલિગ્રામ ગ્રુપમાં એડ કર્યા હતા. શરૂઆતમાં રિવ્યુ ટાસ્કના બદલામાં નાનો પ્રોફિટ આપી તેમનો વિશ્વાસ જીત્યો હતો. એ પછી વધુ નફાની લાલચ આપી કંપનીના નામની ફેક વેબસાઈટ્સ પર ટ્રેડિંગના બહાને ફરિયાદી અને તેમની પત્નીના એકાઉન્ટમાંથી 6,01,962 જમા કરાવડાવ્યા હતા. મકરબામાં રહેતા 72 વર્ષીય નિવૃત્ત બેંકકર્મી પ્રદીપકુમાર રવજીભાઈ રૈયારેલાએ ફેસબુક પર બેંક ઓફ બરોડા પેન્શન કાર્ડની જાહેરાત જોઈને ઓનલાઈન અરજી કરી હતી.જે બાદ તેમને ફોન આવ્યો હતો અને ઠગે કાર્ડ એપ્રુવ થયાનું કહી તેમની પાસેથી નામ, સરનામું અને તેમના બેંક ઓફ બરોડાના સેવિંગ એકાઉન્ટની માહિતી લઈ લીધી હતી. ત્યારબાદ બપોરે બેન્ક એકાઉન્ટમાંથી 4,99,500નું ઓનલાઈન ટ્રાન્જેક્શન થયું હતું. પોતાની સાથે થયેલા આ સાયબર ફ્રોડ અંગે જાણ થતાં તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કરી અને પછી પોલીસ ફરિયાદ કરી છે.

## ગુજરાતમાં 8 લાખ કામદારોને ટૂંક સમયમાં સામેલ કરાશે, 68 ખાનગી હોસ્પિટલ પેનલમાં

અમદાવાદ | રાજ્યમાં શ્રમિકો અને તેમના પરિવારજનોને સામાજિક સુરક્ષા તથા આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવાની દિશામાં સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગર સચિવાલય ખાતે શ્રમ-રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ની 94મી પ્રાદેશિક બોર્ડ બેઠક મળી હતી. રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયા પણ બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું કે 31 માર્ચ 2026ની સ્થિતિએ ગુજરાતમાં 21.68 લાખથી વધુ વીમાધારકો અને આશરે 84 લાખ લાભાર્થીઓ ESIC હેઠળ આવરી લેવાયા છે. રાજ્યમાં ઉદ્યોગો અને રોજગારીની તકોમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં વધુ 8 લાખ જેટલા કામદારોને ESICના સામાજિક સુરક્ષા કવચ હેઠળ લાવવાનું આયોજન છે. શ્રમિકો અને તેમના પરિવારજનોને નજીકમાં ઝડપી અને કેશલેસ સારવાર મળી રહે તે માટે છેલ્લા બે મહિનામાં 68થી વધુ ખાનગી હોસ્પિટલોને ESICના પેનલમાં સામેલ કરવામાં આવી છે.

## અમદાવાદના 3 યુવકની જિંદગી લઈ ગઈ ફ્લાઈંગ BMW : શનયના પગ એક્સિલેટર પર રહી ગયા, બીજો સનરૂફમાંથી ફેંકાયો, ત્રીજો બે સીટ વચ્ચે ચગદાયો

અમદાવાદ | મુંબઈના સમુદ્રની ઉછળતી લહેરો અને રગોમાં વહેતું ગરમ લોહી. PGમાં રહીને અભ્યાસ કરતા ચાર ગુજરાતી મિત્રો વહેલી સવારે ડ્રાઈવ પર નીકળવાનું નક્કી કરે છે. ત્યાર બાદ એક જગ્યાએ ભેગા થઈને કાળા રંગની એક BMW(ડીડી- 01- સી- 6302)માં સવાર થાય છે. જેને શનય ગજ્જર ચલાવતો હોય છે. ધૈર્ય દર્શન શેઠ , આદિત્ય જકાસણિયા અને આદિત્ય કલ્પેશ્વર ઓસવાલ કારમાં સવાર હોય છે. જો કે આ ચારમાંથી ત્રણ યુવકને ક્યાં ખ્યાલ હતો કે, આ તેમની જિંદગી અંતિમ અને દર્દનાક સફર છે.

અમદાવાદના એવા આ ચારેય મિત્રો મરીન ડ્રાઈવથી હાજી અલી તરફ જતા હોય છે અને ઘડિયાળમાં વહેલી સવારના 5:03 વાગ્યાનો સમય બતાવી રહ્યો હતો. કોસ્ટલ રોડ પર અને લાલા લજપતરાય કોલેજ સામે લોટસ જેટ્ટી નજીક આવેલા એક વળાંક પાસે પહોંચતા જ કાર ઓવરસ્પીડમાં હોવાથી શનય કાબૂ ગુમાવી બેસે છે. ત્યાર બાદ BMW કોસ્ટલ રોડની રેલિંગની દીવાલ સાથે અથડાઈ છે. કાર 100 મીટર સુધી ઊછળ્યા પછી પુલ પરથી ત્રણ ગોથા ખાધા કોસ્ટલ રોડ લાઈટ પોલ નંબર 368ને ટક્કર મારી અને તે આશરે 75 ફૂટ નીચે ખાબકીને પલટી ગઈ હતી. જ્યાં કાર પડી ત્યાં પાર્કિંગનું કામ ચાલતું હતું.

સ્થળ પરના સીસીટીવી ફૂટેજમાં કાર રેલિંગ સાથે અથડાયા બાદ નીચે પડતી હોવાનું રૂવાડાં ઊભાં કરતું દ્રશ્ય જોવા મળે છે. કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. છત દબાઈ ગઈ હતી અને આગળના ભાગનો સંપૂર્ણપણે બુકડો બોલી ગયો હતો.

આ દર્દનાક અકસ્માતે ત્રણ પરિવારનો મોટો આઘાત આપ્યો છે. ઘરમાંથી જુવાનજોધ દીકરાઓનું ચાલ્યા જવું તેની વેદના તો માતા-પિતા જ સમજી શકે. જો કે અકસ્માત એટલો ગંભીર હતો કે તે જોઈને સૌ કોઈ એક પીડામાંથી પસાર થયા વિના રહી શકે નહીં.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, બચાવ ટીમ માટે BMW કાર હતી કે નહીં તે ઓળખવું પણ મુશ્કેલ હતું. અંદર બેઠેલા ચાર યુવકમાંથી ત્રણ ફસાયેલી સ્થિતિમાં હતા અને એક બહાર ફેંકાયો હતો.

શનય ગજ્જર તો તૂટેલી ડ્રાઈવર વિન્ડોની અડધો બહાર અને અડધો અંદર હતો. તેમજ તેના પગ એક્સિલેટર દબાવેલી સ્થિતિમાં જ હતા. તેની બાજુની સીટમાં બેઠેલો આદિત્ય ઓસવાલ ગંભીર રીતે ઘાયલ અને જોઈને ભલભલાનું હૃદય કંપી ઉઠે એવી સ્થિતિમાં હતો. તે ધ્રુજતો હતો અને ચહેરો, નાક, જડબાથી લઈ આખા શરીરે ઈજાઓ હતી. માત્ર એટલું જ નહીં, ચહેરામાંથી લોહી વહેતું હતું. સ્થિતિ એટલી ગંભીર હતી કે ફક્ત તેના હાથ જ હલી શકતા હતા. તેમાં પણ પાછળની સીટ પરનું દ્રશ્ય તો એથી પણ વધુ હૃદયદ્રાવક હતું. ત્રીજો યુવક સનરૂફમાંથી બહાર ફેંકાયો હતો, જેનો મૃતદેહ જ્યાં કાટમાળ પડ્યો હતો તેનાથી લગભગ 15-16 ફૂટ દૂર મળી આવ્યો હતો. ચોથો યુવક પાછળની સીટ અને ડ્રાઈવરની સીટ વચ્ચે ચગદાઈ ગયો હતો. આ ચારમાંથી ત્રણ યુવક એવા શનય ગજ્જર, ધૈર્ય શેઠ, આદિત્ય જકસાણિયાનો મૃત્યુ થઈ ચૂક્યા હતા. જ્યારે આદિત્ય ઓસવાલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત સ્થિતિમાં હતો. આદિત્ય ઓસવાલનો જીવ કદાચ કારની ખુલેલી એરબેગથી બચ્યો હોય શકે. જો કે ટક્કરની તાકાત ખૂબ જ વધારે હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ડાઈંગ મિલમાં ભીષણ આગથી દોડધામ, ફાયર વિભાગ ટીમ ઘટનાસ્થળે

# સુરતમાં બેગના કારખાના અને ડાઈંગ મિલમાં આગ

(એજન્સી) સુરત I તા. 23

સુરત શહેરમાં મંગળવારે ૨૩મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આગની બે અલગ-અલગ ભયાનક દુર્ઘટનાઓ સામે આવતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી, જેમાં લિંબાયતના મયુરનગરમાં આવેલા બેગ બનાવવાના કારખાનામાં અને સચિન જીઆઈડીસીની ઈશ્વર ડાઈંગ મિલમાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઉઠતા લાખો રૂપિયાના નુકસાનની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે અને ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

ઘટનાની શરૂઆત થતાની સાથે જ સ્થાનિક નાગરિકો અને કામદારોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો કારણ કે બંને સ્થળો પર જ્વલનશીલ સામગ્રીનો મોટો જથ્થો ઉપસ્થિત હતો. આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા આકાશમાં ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા, જેના કારણે પ્રશાસન દ્વારા ત્વરિત પગલાં લઈને આસપાસના વિસ્તારને સુરક્ષિત કરવામાં આવ્યો હતો.





પ્રથમ બનાવમાં લિંબાયત વિસ્તારમાં આવેલા મયુરનગર ખાતે ધમધમતા બેગ બનાવતા કારખાનામાં અચાનક શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણસર આગ ફાટી નીકળી હતી, જ્યાં પ્લાસ્ટિક અને કાપડનું મટીરીયલ હોવાને કારણે આગે પળભરમાં જ કારખાનાને પોતાની લપેટમાં લઈ લીધું હતું. જ્યારે બીજા બનાવમાં સચિન જીઆઈડીસીના રોડ નંબર ૨૪ પર આવેલી ઈશ્વર ડાઈંગ મિલની અંદર અચાનક આગ લાગતા કામ કરતા કામદારો જીવ બચાવીને બહાર દોડી આવ્યા હતા. ફાયર વિભાગને જાણ થતાં જ તાત્કાલિક ગાડીઓ કાફલા સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી.

મીડિયા અહેવાલ મુજબ, ફાયર વિભાગના જવાનોએ સમય સૂચકતા વાપરીને તાત્કાલિક પાણીના બોમ્બિંગ દ્વારા આગને વધુ વિસ્તરતી અટકાવવા માટે ભગીરથ પ્રયાસો શરૂ કર્યા હતા. લાંબી જહેમત બાદ આગ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું હતું, જોકે બંને બનાવોમાં આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ રહ્યું છે અને સ્થાનિક પોલીસ તેમજ ફાયર વિભાગ દ્વારા સંયુક્ત રીતે આ મામલે ઊંડાણપૂર્વકની તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ ગંભીર દુર્ઘટનાઓ બાદ શહેરી વિસ્તારોમાં આવેલા ઔદ્યોગિક એકમો અને કારખાનાઓમાં આગની સલામતીના નિયમોનું કડક પાલન કરવા અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે, અને પ્રશાસન દ્વારા તમામ વેપારીઓને સલામતીના સાધનો રાખવા માટે તાકીદ કરવામાં આવી છે જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ નિવારી શકાય.

## સ્વચ્છતા અભિયાન અંતર્ગત નવા કાર્યોનો શુભારંભ, ખોજલવાસા અને જીતગઢ ગામમાં સુવિધાઓ



રાજપીપળા | નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલા ખોજલવાસા અને જીતગઢ ગામ ખાતે બુધવારે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ વિવિધ મહત્વપૂર્ણ સ્વચ્છતા સંબંધિત સુવિધાઓનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણીનો સંકલ્પ લીધો હતો અને ગામને સ્વચ્છ રાખવા માટેની ઉત્સાહભરી પહેલ કરી હતી. આ અખિલ ભારતીય સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે ગ્રામીણ વિસ્તારોમાં પાયાની સુવિધાઓનો વિકાસ કરવાનું કાર્ય સતત ચાલી રહ્યું છે. અગાઉ પણ જિલ્લાના અનેક ગામોમાં આ પ્રકારની સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી, જેના પરિણામે ગ્રામજનોમાં આરોગ્ય અને સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે અને ગામડાઓ સ્વચ્છ બનવાની દિશામાં આગળ વધી રહ્યા છે.



## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે એકતાનગર સ્થિત વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લીધી

(એજન્સી) એકતાનગર I તા. 23

૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં સહભાગી થવા પધારેલા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે બુધવારે એકતા નગર ખાતે સ્થિત વામન વૃક્ષ વાટિકાની વિશેષ મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ભારતની પ્રાચીન વામન વૃક્ષ કળા અને તેની સમૃદ્ધ પરંપરાને ખૂબ જ નજીકથી નિહાળીને તેની પ્રશંસા કરી હતી અને ઉપસ્થિત અધિકારીઓ તેમજ કારીગરો સાથે ચર્ચા કરી હતી. આ વિશેષ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ વાટિકાના અલગ-અલગ છ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાં ઉછેરવામાં આવેલા વિવિધ વૃક્ષો તથા છોડ વિશે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી હતી. આ વાટિકા પ્રકૃતિ પ્રેમીઓ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહી છે અને અહીંની હરિયાળી તથા સુંદરતા આગવી ઓળખ ધરાવે છે. મુલાકાત વેળાએ વાટિકાના માર્ગદર્શક દ્વારા રાજ્યપાલશ્રીને જણાવવામાં આવ્યું હતું કે વામન વૃક્ષની આ પ્રાચીન કળા મૂળ ભારતમાંથી વિકસીને ચીન અને ત્યારબાદ જાપાન સુધી પહોંચી હતી, જ્યાં તે વિશ્વભરમાં પ્રખ્યાત બની છે. સમગ્ર વાટિકામાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બનેલા કૃષ્ણકમલ છોડ વિશે પણ તેમને રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, વાટિકાના મહત્વપૂર્ણ વિભાગમાં સ્થાનિક મહિલા સ્વસહાય જૂથના સભ્ય દ્વારા બોન્સાઈ નિર્માણની કળાનું અદ્ભુત જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ શારદાબેન તડવી પાસેથી બોન્સાઈ વૃક્ષના નિર્માણની તમામ પ્રક્રિયાઓ, યોગ્ય વૃક્ષની પસંદગી, તેને સુંદર આકાર આપવાની પદ્ધતિ તેમજ તેની જાળવણી અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી.

## વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માટે રાજપીપળા બેઠક, મનોદર્પણ પહેલ અંતર્ગત બે દિવસીય આયોજન

(એજન્સી) રાજપીપળા I તા. 23

સરકારના શિક્ષણ મંત્રાલયની મહત્વપૂર્ણ પહેલ મનોદર્પણ અંતર્ગત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના સહયોગથી ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી અંગેની બે દિવસીય રાજ્યસ્તરીય પરામર્શ બેઠકનું ભવ્ય આયોજન નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે આવેલા રામા હિલ્સ યુનિટી રિસોર્ટમાં બુધવારે કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યભરમાંથી આવેલા શિક્ષકો અને અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો છે.

આ અખિલ ભારતીય સ્તરની મહત્વપૂર્ણ બેઠક અગાઉથી જ શિક્ષણ જગતમાં ચર્ચાનું કેન્દ્ર બની રહી છે. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૦થી સક્રિય રીતે કાર્યરત મનોદર્પણ પહેલ શાળાકીય શિક્ષણ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે. આજના આ યુગમાં વિદ્યાર્થીઓમાં વધતી જતી માનસિક અને ભાવનાત્મક સમસ્યાઓને દૂર કરવા માટે આ પ્રકારના આયોજનો અત્યંત આવશ્યક સાબિત થઈ રહ્યા છે. કાર્યક્રમની વિગતો મુજબ, આ બે દિવસીય રાજ્યસ્તરીય બેઠકમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આશરે ૨૧૦ સહભાગીઓ ઉપસ્થિત રહ્યા છે, જેમાં શિક્ષકો, શાળા કાઉન્સિલર તેમજ વિવિધ સ્તરના શૈક્ષણિક અધિકારીઓનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમિયાન સહભાગીઓને વિદ્યાર્થીઓમાં જોવા મળતી માનસિક સ્વાસ્થ્ય સંબંધિત જટિલ સમસ્યાઓ, મનોવૈજ્ઞાનિક પ્રાથમિક સહાય, ભાવનાત્મક સુરક્ષા માટેની સચોટ વ્યૂહરચનાઓ તેમજ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટેની રેફરલ વ્યવસ્થા અંગે વિશેષ તાલીમ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત, શાળાઓમાં સુરક્ષિત, સહાયક અને બાળકેન્દ્રિત વાતાવરણ ઊભું કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, આ વિશાળ બેઠકના અંતિમ પરિણામ સ્વરૂપે ગુજરાતમાં મેન્ટલ હેલ્થ એમ્બેસેડર્સ અને શિક્ષક-મેન્ટર્સનું મજબૂત નેટવર્ક વિકસાવવામાં આવશે. આ તાલીમ પ્રાપ્ત શિક્ષકો માસ્ટર ટ્રેનર્સ તરીકે કાર્ય કરીને રાજ્યની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી અંગેની જાગૃતિને વધુ વ્યાપક બનાવશે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અધિકારીઓ સમગ્ર કાર્યક્રમના સંકલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

## સરકારી કૉલેજની વિદ્યાર્થીનીએ આંતર કોલેજ બોક્સિંગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો, બોક્સિંગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક વિજય

(એજન્સી) રાજપીપળા I તા. 23

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તાજેતરમાં યોજાયેલી આંતરકૉલેજ બોક્સિંગ સ્પર્ધામાં સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગરુડેશ્વર-એકતાનગરની તેજસ્વી વિદ્યાર્થીની પરમાર સીમાકુમારી રોહિતભાઈએ અત્યંત ઉત્કૃષ્ટ રમતગમત કૌશલ્યનું પ્રદર્શન કરીને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે, જેનાથી સમગ્ર નર્મદા જિલ્લામાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.




સ્પર્ધાની શરૂઆતથી જ આ યુવા ખેલાડીએ પોતાની દમદાર રમત શૈલી અને ફિટનેસ દ્વારા વિરોધીઓને સખત ટક્કર આપી હતી. કૉલેજ સ્તરે રમાયેલી આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં રાજ્યભરની અનેક પ્રતિભાઓએ ભાગ લીધો હતો, પરંતુ સીમાકુમારીએ પોતાની અજોડ મહેનત અને મક્કમ નિર્ધારના બળે શાનદાર સફળતા હાંસલ કરી છે.

મુકાબલા દરમિયાન સીમાકુમારીએ રિંગની અંદર ચપળતા અને આક્રમક રમતનું ઉત્તમ સંકલન દાખવીને નિર્ણાયક રાઉન્ડમાં વિજય મેળવ્યો હતો. તેમની આ ભવ્ય સફળતા પાછળ તેમના કુશળ કોચ તથા વાલી શ્રી પરમાર રોહિતકુમારનું માર્ગદર્શન તેમજ કૉલેજના આચાર્યશ્રી ડૉ. પદ્માબેન આર. તડવી સહિત સમગ્ર શૈક્ષણિક પરિવારનો અખંડ સહયોગ રહ્યો છે, જેના કારણે આ ગૌરવવંતી સિદ્ધિ શક્ય બની છે.

મીડિયા અહેવાલ મુજબ, આંતરકૉલેજ સ્તરે મેળવેલી આ સિદ્ધિથી માત્ર કૉલેજનું નામ જ નહીં પરંતુ સમગ્ર જિલ્લાનું યુવાધન પ્રેરિત થયું છે. કૉલેજના આચાર્ય અને શિક્ષકોએ સીમાકુમારીનું ભવ્ય સ્વાગત કરીને તેમને ભવિષ્યની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે શુભકામનાઓ પાઠવી છે, જેથી તેઓ આગામી સમયમાં દેશ માટે વધુ મેડલ જીતી શકે.

ગ્રામીણ અને સરકારી કૉલેજની દીકરી દ્વારા રમતગમતમાં મેળવેલી આ અભૂતપૂર્વ સફળતાથી સમગ્ર ક્ષેત્રમાં ગર્વની લાગણી વ્યાપી ગઈ છે, અને રમતગમતના નિષ્ણાતો માને છે કે આ પ્રકારની સિદ્ધિઓ અન્ય વિદ્યાર્થીઓમાં પણ ખેલદિલી અને આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે.

## નર્મદા જિલ્લામાં જિલ્લાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો




રાજપીપળા | નર્મદા જિલ્લાના વહિવટી મુખ્યાલય રાજપીપળા ખાતે આવેલા કલેક્ટર કચેરીના સભાખંડમાં બુધવારે જિલ્લાકક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું ભવ્ય અને વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લાભરમાંથી આવેલા અરજદારોએ પોતાની રજૂઆતો મૂકી હતી અને પ્રશાસનિક અધિકારીઓની ઉપસ્થિતિમાં નાગરિકોના લાંબા સમયથી અટવાયેલા પ્રશ્નોનું સંતોષકારક અને ત્વરિત નિરાકરણ લાવવામાં આવતા લોકોમાં રાહતની લાગણી વ્યાપી ગઈ હતી. રાજ્ય સરકારની લોકકલ્યાણકારી નીતિઓ અને નાગરિકોના પ્રશ્નોના ઝડપી નિકાલ માટેની આ મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત અગાઉ પણ અનેક લોકદરબારો ભરાયા છે. આ શૃંખલાના ભાગરૂપે યોજાયેલા આજના આ કાર્યક્રમમાં અરજદારો દ્વારા પોતાની સમસ્યાઓ સીધી રીતે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ મૂકવામાં આવી હતી, જેનાથી ગ્રામીણ અને શહેરી વિસ્તારના સામાન્ય માનવીના પ્રશ્નોનું નિવારણ લાવવાની પ્રક્રિયા વધુ પારદર્શક અને સરળ બની છે. આ વિશેષ કાર્યક્રમ દરમિયાન નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘના અધ્યક્ષસ્થાને તમામ અરજદારોની રજૂઆતો અત્યંત શાંતિપૂર્ણ વાતાવરણમાં સાંભળવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ એક પછી એક તમામ અરજીઓની ગંભીરતાથી નોંધ લઈને સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી.

### એકતાનગરથી રાષ્ટ્રપતિની આત્મીય વિદાય, ત્રણ દિવસીય પ્રવાસ સફળતાપૂર્વક સંપન્ન

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને એકતાનગરથી આત્મીય વિદાય આપી

(એજન્સી) રાજપીપળા I તા. 23

ગુજરાતના મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી ત્રણ દિવસીય પ્રવાસે પધારેલા દેશના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને બુધવારે એકતાનગર હેલિપેડ ખાતેથી રાજ્યના ગૌરવવંતા અગ્રણીઓ તથા પ્રશાસનિક અધિકારીઓની ઉપસ્થિતિમાં અત્યંત હર્ષોલ્લાસ અને આત્મીયતા સાથે ભવ્ય વિદાય આપવામાં આવી હતી, જેનાથી આ યાદગાર પ્રવાસનો સફળતાપૂર્વક સુખદ અંત આવ્યો છે.આ અખિલ ભારતીય સ્તરના વિશેષ પ્રવાસ દરમિયાન મહામહિમ રાષ્ટ્રપતિએ ગુજરાતની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ, સાંસ્કૃતિક સ્થળો તેમજ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોની મુલાકાત લઈને રાજ્યની પ્રગતિને ખૂબ જ નજીકથી નિહાળી હતી અને સ્થાનિક વહીવટી તંત્રની કામગીરીની પ્રશંસા પણ કરી હતી.વિદાય સમારોહ



દરમિયાન ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વયં ઉપસ્થિત રહીને રાષ્ટ્રપતિશ્રીને ઊષ્માભરી વિદાય પાઠવી હતી. આ અવસરે ગુજરાત સરકારના પ્રોટોકોલ મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા, નાંદોદના લોકપ્રિય ધારાસભ્ય શ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ, સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકેશ પુરી, જિલ્લા કલેક્ટર શ્રી ગંગા સિંઘ અને જિલ્લા પોલીસ અધિક્ષક સુશ્રી વિશાખા ડબરાલ સહિતના ઉચ્ચ અધિકારીઓએ પણ ઉપસ્થિત રહીને રાષ્ટ્રપતિશ્રીને આદરપૂર્વક નમન કર્યું હતું અને તેમની આ સાર્થક મુલાકાતને યાદગાર બનાવી હતી.મીડિયા અહેવાલ મુજબ, આ ઉચ્ચ સ્તરીય પ્રવાસે દેશના સર્વોચ્ચ પદની ગરિમા વધારવાની સાથે સાથે ગુજરાતના વિકાસ મોડેલને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સ્થાનિક નાગરિકો અને પ્રશાસન દ્વારા પૂરી પાડવામાં આવેલી સુરક્ષા અને આતિથ્યભાવની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે, જેનાથી ભવિષ્યના આવા આયોજનો માટે ઉત્સાહ બેવડાઈ ગયો છે.મહામહિમ રાષ્ટ્રપતિના આ સફરજન્ય પ્રવાસના સફળ સમાપનથી સમગ્ર રાજ્યમાં ગર્વ અને આનંદની લાગણી ફેલાઈ ગઈ છે, અને આ પ્રકારના રાષ્ટ્રીય પ્રવાસો દેશની એકતા તથા અખંડિતતાને વધુ મજબૂત બનાવવામાં મોટું યોગદાન આપી રહ્યા છે.

AXIS BANK

## અગત્યની સૂચના

## અમે સ્થળાંતર કરીએ છીએ.

અમે આપને જણાવવા માગીએ છીએ કે અમારી **કાલિયાવાવ** શાખા **૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજથી બંધ થાય છે.

આપને જણાવતા અમને આનંદ થાય છે કે બધાં જ અકાઉન્ટ્સ અને સંબંધિત સેવાઓ અમારી **અલીપુરા** શાખામાં સરળતાથી ટ્રાન્સફર કરવામાં આવશે.

**હાલનું સરનામું:**

**એક્સિસ બૅન્ક લિ., ગ્રાઉન્ડ ફ્લોર, સિવિલ હોસ્પિટલની સામે, તાલુકા જાંબુઘોડા, જિલ્લો પંચમહાલ, ગુજરાત – ૩૮૯૩૩૦.**

**નવું સરનામું:**

**એક્સિસ બૅન્ક લિ., શ્રી કૉમ્પ્લેક્સ, એસ. ટી. ડેપો પાસે, હાલોલ રોડ, અલીપુરા બોડેલી રોડ, તાલુકો બોડેલી, જિલ્લો છોટા ઉદેપુર, ગુજરાત – ૩૯૧૧૩૫.**

અમે આપના સ્વાગત માટે તત્પર છીએ.

### ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવાની પહેલ

# નર્મદા જિલ્લામાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે TEJAS વર્કશોપનું આયોજન

(એજન્સી) રાજપીપળા I તા. 23

જિલ્લા સ્તરે સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતાની ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ તરીકે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત સહયોગથી આગામી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ડૉ. આંબેડકર હોલ, ગાંધી ચોક, રાજપીપળા ખાતે ભવ્ય TEJAS વર્કશોપનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેનાથી સ્થાનિક યુવાનો અને સાહસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વિશેષ પહેલનો મુખ્ય હેતુ મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ, ઈનોવેટર્સ, વિદ્યાર્થીઓ, સ્વસહાય જૂથો, કારીગરો અને સરકારી અધિકારીઓને એક જ મંચ પર લાવીને જિલ્લામાં ઈનોવેશન તથા ઉદ્યોગસાહસિકતા આધારિત આર્થિક વિકાસને વેગ આપવાનો છે. આ પ્રકારના આયોજનોથી પાયાના સ્તરે રોજગારીની નવી તકો ઊભી થવાની સાથે વ્યાપારી ગતિવિધિઓને મોટું પ્રોત્સાહન મળી રહ્યું છે. કાર્યક્રમની રૂપરેખા મુજબ, આ વર્કશોપમાં સ્ટાર્ટઅપ તકો, સરકારી યોજનાઓ, સહાય વ્યવસ્થાઓ, ઈન્ક્યુબેશન સુવિધાઓ, ફંડિંગની તકો અને માર્કેટ લિંકેજ અંગે વ્યાપક માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. વરિષ્ઠ અધિકારીઓ અને નિષ્ણાતો દ્વારા ઈન્ટરેક્ટિવ સત્રોનું આયોજન કરવામાં આવશે, જેમાં સહભાગીઓને વ્યવસાય વિકાસ અને નાણાકીય આયોજન અંગે વ્યવહારુ જ્ઞાન મળશે.

### વાલી વારસોને પોલીસનો સંપર્ક કરવા અપીલ

# ગરૂડેશ્વર વિસ્તારમાં અજાણ્યા પુરુષની લાશ મળી

(એજન્સી) રાજપીપળા I તા. 23

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત આવતી અકતેશ્વર ગામની સીમમાં રોડની બાજુ આવેલી એક દુકાન આગળ ગત તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સવારે અંદાજે ૧૧.૦૦ વાગ્યાના સુમારે આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયના એક અજાણ્યા પુરુષની રહસ્યમય હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ મામલે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ત્વરિત ગતિએ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોતાના કબજામાં લઈને જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી, જેના કારણે આસપાસના વિસ્તારોમાં અનેક પ્રકારની ચર્ચાઓ વ્યાપી ગઈ છે અને પોલીસ દ્વારા મૃતકની ઓળખ સ્થાપિત કરવા માટેના તમામ શક્ય પ્રયાસો પૂરજોશમાં કરવામાં આવી રહ્યા છે. મૃતક અજાણ્યા પુરુષના ગળાના ભાગે તલનું વિશિષ્ટ નિશાન જોવા મળ્યું છે. તેમણે ઘટના સમયે આખી બાંયનું જાંબલી રંગનું જેકેટ, રાખોડી રંગની ટીશર્ટ, ક્રીમ રંગનું પેન્ટ તેમજ કાળા રંગના બુટ ધારણ કરેલા હતા. પોલીસ દ્વારા મૃતકના શરીર પરના કપડાં અને પહેરવેશના આધારે તેની ઓળખ મેળવવાની કોશિશ કરવામાં આવી રહી છે, જેથી તેના પરિવારજનો સુધી સાચી માહિતી પહોંચાડી શકાય.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

કોઈ હાઈ-પ્રોફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે.

**વૃષભ : બ. વ. ઉ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**કર્ક : ડ. હ.**

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે.

**સિંહ : મ. ટ.**

કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. તમારૂ સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**તુલા : ર. ત.**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો.

**વૃશ્ચિક : ન. ય.**

કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અ ભ ા વ , લ ા લ ચ , જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**મકર : ખ. જ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂ ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

## પદયાત્રા

### અંબાજી તરફના પદયાત્રા માર્ગો પર નિઃશુલ્ક શૌચાલય, સ્નાન અને મોબાઈલ ટોયલેટની વ્યવસ્થા

પાલનપુર : શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પદયાત્રીઓ માતાજીના દર્શન માટે પહોંચી રહ્યા છે. પદયાત્રીઓને યાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંબાજી તરફ આવતા વિવિધ પદયાત્રા માર્ગો પર જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પદયાત્રીઓના કેમ્પો અને માર્ગો પર નિઃશુલ્ક શૌચાલય, સ્નાન માટેની સુવિધા તેમજ મોબાઈલ ટોયલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે સ્વચ્છતા, પીવાનું પાણી, આરોગ્ય અને સુરક્ષા સહિતની સુવિધાઓનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે."આસ્થા તમારી, વ્યવસ્થા અમારી"ના મંત્ર સાથે તંત્ર દ્વારા પદયાત્રીઓની ભક્તિ અને સુગમતાને ધ્યાનમાં રાખીને વિવિધ સ્થળોએ વિશ્રામની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ઉભા કરાયેલા વિશ્રામ ડોમમાં શૌચાલય, શુદ્ધ અને ગરમ પાણી, પથારી, આરોગ્ય સુવિધા, મોબાઈલ ચાર્જિંગ, સીસીટીવી કેમેરા તથા હાઉસકીપિંગ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહામેળા દરમિયાન પદયાત્રીઓની સ્વચ્છતા અને સુવિધા જળવાઈ રહે તે માટે સફાઈ કર્મચારીઓ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે.પાલનપુરથી અંબાજી પગપાળા આવી રહેલા એક પદયાત્રીએ જણાવ્યું હતું કે, "અંબાજીથી આશરે બે કિલોમીટર આગળ શૌચાલયની સારી સુવિધા જોવા મળી હતી. આવી સુવિધાઓના કારણે પદયાત્રીઓને યાત્રા દરમિયાન સરળતા રહે છે. યાત્રિકોની સુવિધાઓનું ધ્યાન રાખવા બદલ વહીવટી તંત્ર સારી કામગીરી કરી રહ્યું છે." જ્યારે દિયોદરથી પગપાળા અંબાજી આવી રહેલા નરેશભાઈ બાબુભાઈ કટારિયાએ જણાવ્યું હતું કે, "રસ્તામાં શૌચાલય સહિતની જરૂરી સુવિધાઓ સારી રીતે ઉપલબ્ધ છે અને સમગ્ર યાત્રા દરમિયાન અમને કોઈ તકલીફ પડી નથી.

## 'પ્લાસ્ટિક મુક્ત સાઇકલ યાત્રા'

# મંત્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસાથી અંબાજી ૧૦૦ કિ.મી.ની 'પ્લાસ્ટિક મુક્ત સાઇકલ યાત્રા' યોજાઈ

### ગ્રીન એન્ડ ક્લીન ગુજરાતના સંકલ્પ સાથે માઈભક્તોએ સેવા કેમ્પોમાં બાયોડિગ્રેડેબલ થેલીઓનું વિતરણ

પાલનપુર : રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસાથી અંબાજી સુધીની આશરે ૧૦૦ કિલોમીટર લાંબી 'પ્લાસ્ટિક મુક્ત સાઇકલ યાત્રા' યોજાઈ હતી. મંત્રીશ્રીએ અંબાજી ખાતે પહોંચીને જગતજનની માઁ જગદંબાના દર્શન કર્યા હતા તથા ચાચર ચોક ખાતે ગરબામાં સહભાગી બન્યા હતા. ભાદરવી પૂનમના પાવન અવસરે મા અંબાના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાની પ્રેરણા આપવા આ યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં મંત્રીશ્રીએ પોતે ૧૦૦ કિ.મી. સાઈકલ ચલાવીને સમાજમાં પ્રદૂષણમુક્ત 'ગ્રીન મોબિલિટી' અને ફિટનેસ અંગે અનોખો ઉત્સાહ પૂર્યો હતો.આ પ્રસંગે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, શ્રદ્ધાથી સ્વચ્છતાના સંદેશ સાથે ડીસાના સૌ સાયકલિસ્ટ મિત્રો અને માઈભક્તો મા અંબાના ધામમાં આરાધના કરવા અને આશીર્વાદ મેળવવા નીકળ્યા હતા. આ યાત્રાનો મુખ્ય હેતુ ભક્તિ સાથે પર્યાવરણ પ્રત્યેની સામૂહિક જવાબદારી નિભાવવાનો છે. આ પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત' અને 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને કેબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના 'ગ્રીન એન્ડ ક્લીન ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક સાર્થક પ્રયાસ સાબિત થઈ છે.

યાત્રા દરમિયાન પ્લાસ્ટિકમુક્તિના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ડીસાથી અંબાજી માર્ગ પર કાર્યરત વિવિધ સેવા અને ભક્તિ કેમ્પોમાં બાયોડિગ્રેડેબલ થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પ સંચાલકો તેમજ દર્શનાર્થે જઈ રહેલા પદયાત્રીઓને સિંગલ-યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા અને પર્યાવરણમિત્ર વિકલ્પો અપનાવવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા, જેથી સમગ્ર યાત્રાધામ અને તેનો પવિત્ર માર્ગ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રહે.આ અનોખા જનઅભિયાનમાં મંત્રીશ્રીની સાથે આશરે ૬૦ સાઈકલ યાત્રિકો અને ૬૦ પદયાત્રિકો મળીને કુલ ૧૨૦થી વધુ માઈભક્તો જોડાયા હતા. આ પર્યાવરણલક્ષી અને સ્વાસ્થ્યવર્ધક પહેલમાં 'આઈએમએ (IMA) ગ્રુપ, ડીસા'નો પણ સક્રિય સહયોગ સાંપડ્યો હતો. શ્રદ્ધા, સ્વાસ્થ્ય અને પર્યાવરણ સુરક્ષાના અનોખા સમન્વય સમાન આ યાત્રાએ સમાજમાં "શ્રદ્ધા સાથે સ્વચ્છતા, યાત્રા સાથે જવાબદારી અને દરેક પગલે પર્યાવરણની કાળજી"નો સંદેશ સફળતાપૂર્વક પહોંચાડ્યો હતો.

## તાત્કાલિક ઉકેલની માંગ કરી

### લોક સમસ્યા : ચાર મહિનાથી ડીપી ઉભી, છતાં થ્રી-ફેઝ કનેક્શનની રાહ!

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના મુસ્લિમ વાસ, મફતનગર વિસ્તારમાં આશરે ચાર મહિનાથી નવું ટ્રાન્સફોર્મર (ડીપી) લગાવવામાં આવ્યું હોવા છતાં તેમાં આજદિન સુધી થ્રી-ફેઝ કનેક્શન આપવામાં આવ્યું નથી. જેના કારણે વિસ્તારમાં લો-વોલ્ટેજની ગંભીર સમસ્યા યથાવત્ છે અને નવી ડીપીનો યોગ્ય લાભ રહેવાસીઓને મળી



રહ્યો નથી.ખાસ કરીને રાત્રિના સમયે ઓછા વોલ્ટેજના કારણે વૃદ્ધો, બાળકો તથા બીમાર વ્યક્તિઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સાથે જ વોલ્ટેજમાં વધઘટને કારણે ઘરવપરાશના ઈલેક્ટ્રોનિક સાધનોને નુકસાન થવાની ભીતિ પણ રહેલી છે.નખત્રાણા તાલુકા કોંગ્રેસ મહામંત્રી જુસબ સોઢાએ જણાવ્યું હતું કે, આ ગંભીર લોક સમસ્યા છે. ચાર મહિનાથી ડીપી લગાવવામાં આવી હોવા છતાં થ્રી-ફેઝ કનેક્શન આપવામાં ન આવતાં લોકો હાલાકી ભોગવી રહ્યા છે. સંબંધિત વીજ તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી ડીપીમાં થ્રી-ફેઝ કનેક્શન આપવામાં આવે અને લો-વોલ્ટેજની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ છે. સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી રજૂઆત કરવામાં આવી છે.

## ભાદરવી પૂનમ મહા મેળો ૨૦૨૬

# અંબાજીમાં ૪૫૦ ડ્રોન થકી ભવ્ય ડ્રોન લાઇટ શો યોજાયો: ભવ્ય આકાશી દ્રશ્યો જોવા મળ્યા

પાલનપુર : શક્તિ, ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર એવા અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળા ૨૦૨૬માં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ માઁ અંબેના દર્શને ઉમટ્યું છે. પદયાત્રીઓને તંત્ર તરફથી વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે જેનો લાભ માઈભક્તો લઈ રહ્યા છે. ભાદરવી પૂનમ મહા મેળામાં આજે ત્રીજા દિવસે બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ મહા મેળામાં મુખ્ય આકર્ષણ ભવ્ય ડ્રોન લાઇટ શો જોવા મળ્યો હતો. એકસાથે ૪૫૦ ડ્રોન થકી અંબાજી મંદિર પર ભવ્ય રંગ બે રંગી આકાશી દ્રશ્યો જોવા મળ્યા હતા. આકાશમાં હજારો રંગીન લાઈટોથી સજ્જ ૪૫૦ ડ્રોન ફ્લાય કરાયા હતા. જેમાં અંબાજી માતાજીની આકૃતિ, લખાણ, ત્રિશૂળ અને શક્તિના પ્રતીકો જેવી અદ્દભુત રચનાઓ બની હતી. રોશની થકી ઊડતા ડ્રોનના દશ્યોએ શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ અનોખા ડ્રોન શૉ થી અંબાજીની ગૌરવશાળી સંસ્કૃતિ, અધ્યાત્મ અને આધુનિક ટેકનોલોજીનો અનોખો સમન્વય પ્રદર્શિત કરાયો હતો.

### સંખેડા તાલુકાના હાંડોદમાં આવેલી બરોડા પબ્લિક સ્કૂલમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ મહોત્સવની ઉજવણી કરાઈ



| કમલેશ પટેલ | સંખેડા

શાળાના બાળકો અને શિક્ષકોની હાજરીમાં બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ સત્યનારાયણ કથા, પૂજા અને મહાઆરતીનું આયોજન કરાયું. ત્યારબાદ શ્રી ગણેશજીને 56 ભોગનો અન્નકૂટ ધરાવાયો હતો.શાળાના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રસાદના પેકેટનું વિતરણ પણ કરાયું હતું.વાલીઓ અને શિક્ષકોના સહયોગથી આ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

## લાલ દંડા સંઘ પહોંચ્યો માં અંબાના ધામ

### ૫૦૦ જેટલા પદયાત્રી સાથે લાલ દંડા સંઘે માં અંબાના દર્શન કર્યા

પાલનપુર : આજે લાલ દંડા સંઘે માં અંબાના ધામ અંબાજી પહોંચી માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી અનેક સંઘો આવે છે, પરંતુ આ સંઘોમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર અને ઐતિહાસિક મહત્વ ધરાવતો સંઘ લાલ દંડા સંઘ છે. અમદાવાદથી નીકળતો આ સંઘ દસ દિવસની કઠિન પદયાત્રા બાદ અંબાજી પહોંચે છે. છેલ્લા ૧૯૨ વર્ષથી લાલ દંડા સંઘની પદયાત્રાની પરંપરા અવિરત ચાલી રહી છે. અંબાજી ચાચર ચોકમા જિલ્લા કલેકટર શ્રી મિહિર પટેલ તેમજ વહીવટદારશ્રી કૌશિકભાઈ મોદી દ્વારા લાલ દંડા સંઘનુ સ્વાગત કરવામાં આવ્યું હતુ.ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી આવતા સંઘોમાં લાલ દંડા સંઘ સૌથી જૂના સંઘોમાંનો એક છે. ભાદરવા સુદ બીજના દિવસે અમદાવાદથી રવાના થઈ દસ દિવસની કઠિન પદયાત્રા બાદ બારસના દિવસે લાલ દંડા સંઘ માં અંબાના સાનિધ્યમાં અંબાજી પહોંચે છે. આ દરમિયાન ઠેર ઠેર તેમનું સ્વાગત કરવામાં આવે છે. લાલ દંડા સંઘનું દાંતા રાજવી પરિવાર દ્વારા પણ ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. પાંચસોથી વધુ પદયાત્રીઓ સાથે નીકળતો આ લાલ દંડા સંઘ ભાદરવી પૂનમના મેળામાં આવતા સંઘોમાં આગવું સ્થાન ધરાવે છે.સંઘના આગેવાન કૌશિકભાઈ જોષીએ જણાવ્યું હતું કે, "લાલ દંડા સંઘ આજે તેની ૧૯૨મી પદયાત્રા પૂર્ણ થવાના આરે છે. ૧૯૨ વર્ષ પહેલાં અમદાવાદ શહેરમાં પ્લેગ નામનો રોગ ફાટી નીકળ્યો હતો. તે સમયે અમદાવાદના નગરશેઠ અને નગરપતિ તરીકે હઠીસિંહ શેઠ હતા. તેઓ જૈન હતા. શહેરમાં ફેલાયેલા પ્લેગના રોગમાંથી મુક્તિ મળે તે માટે તેઓ ગોરબા પાસે ગયા અને આ રોગ શાંત થાય તે માટેનો કોઈ માર્ગ બતાવવા વિનંતી કરી હતી. ત્યારે ગોરબાએ અંબાજી સુધી પગપાળા જવાનો સંકલ્પ કરવા જણાવ્યું હતું. આથી માતાજીમાં શ્રદ્ધા રાખીને અંબાજી પગપાળા જવાનો સંકલ્પ કરવામાં આવ્યો અને ત્યારબાદ ધીરે ધીરે પ્લેગનો રોગ શાંત થતો ગયો. ત્યારથી આ પદયાત્રાની પરંપરા અવિરત ચાલી રહી છે."તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "આજે આ સંઘ ચાચર ચોકમાં ૧૯૨મા વર્ષમાં પૂર્ણ થવાના આરે પહોંચ્યો છે. અમારી સાથે માં અંબાનું સ્વરૂપ, ભૈરવ સ્વરૂપનું ધૂપિયું, જળપાત્ર અને ધજાઓ છે. આ સંઘમાં આશરે ૫૦૦ જેટલા યાત્રિકો જોડાયા છે. સંઘમાં બ્રાહ્મણો સહિત મોટી સંખ્યામાં ભક્તો અમદાવાદથી અંબાજી સુધીની પદયાત્રા કરીને આવ્યા છે. અમારા સંઘમાં ૫૦થી ૮૫ વર્ષની ઉંમરના ભક્તો પણ ઉત્સાહપૂર્વક પદયાત્રા કરે છે. માતાજીની કૃપાથી આ તમામ ભક્તો આ કઠિન યાત્રા પૂર્ણ કરી આજે માં અંબાના દર્શન કરી રહ્યા છે."

# શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે જલઝીલણી એકાદશીની ઉજવણી કરાઈ

નરેન્દ્ર દવે સારંગપુર તા.23.





શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણાથી તા. 22-09-2026ને મંગળવારના રોજ જલઝીલણી(પરિવર્તિ) એકાદશીની ભવ્ય ઉજવણી કરવામા આવી હતી. દાદાને ફ્રૂટ નો અન્નકૂટ ધરાવાયો હતો.શ્રી ઠાકોરજીને નૌકામાં બિરાજમાન કરીને જળ વિહાર કરાવવામાં આવ્યો હતો. તેમજ આરતી કોઠારીશ્રી વિવેકસાગર સ્વામી એવં શ્રી નારાયણમુની સ્વામી વગેરે દ્વારા કરવામાં આવી હતી. જલઝીલણી એકાદશીની ધાર્મિક આસ્થા અને વિશ્વાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ભક્તિ અને ઉમંગ સાથે ગણપતિ વિસર્જન વિશેષ પૂજન અર્ચન,ધાર્મિક વિધિ અને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે પરંપરાગત રીતે ગણપતિ વિસર્જનની વિધિ પૂર્ણ કરવામાં આવી હતી.ભક્તોની ઉપસ્થિતિમાં ગણપતિ બાપ્પાની આરતી કોઠારીશ્રી વિવેકસાગર સ્વામી દ્વારા ઉતારવામાં આવી હતી. "ગણપતિ બાપ્પા મોરિયા, અગલે બરસ તું જલ્દી આના" ના નારા સાથે મંદિર પરિસરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સમગ્ર સાળંગપુરધામ ભક્તિમય રંગે રંગાઈ ગયું હતું.

### સ્વસહાય જૂથોની બહેનો દ્વારા તૈયાર કરાયેલી વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ માટેનું સ્થળ એટલે સરસ મેળો

પાલનપુર : ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા રાજ્યભરમાં આયોજિત 'સરસ મેળા'ના ભાગરૂપે બનાસકાંઠાના ડીસા શહેરમાં આજે 'સરસ મેળો-૨૦૨૬'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણભાઈ માળીના હસ્તે મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ, વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ, સ્વસહાય જૂથોની બહેનો, સ્થાનિક કારીગરો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. 'વોકલ ફોર લોકલ'ના સંદેશ સાથે આયોજિત આ મેળાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ અને સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ ચીજવસ્તુઓને સીધું બજાર ઉપલબ્ધ કરાવવાનો અને મહિલાઓને આત્મનિર્ભરતા તરફ આગળ વધારવાનો છે.

# માંગરોળ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કંકાણા ખાતે રક્તદાન શિબિર યોજાઈ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.23.



સેવા મેરા યોગદાન કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાત મંદ દર્દીઓ માટે રક્તની ઉપલબ્ધતા જળવાઈ રહે તે હેતુથી આજરોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કંકાણા તા.માંગરોળ મુકામે રક્તદાન શિબિર યોજાઈ હતી શિબિરમાં સ્થાનિક નાગરિકો અને આરોગ્ય કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુલ 32 બોટલ રક્ત એકત્રિત કર્યું હતું રક્તદાનની સેવાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત મહાનુભાવો એ રક્તદાતાઓને બિરદાવ્યા હતા. એક યુનિટ રક્ત જરૂરિયાતમંદ દર્દીના જીવનને બચાવવામાં મહત્વપૂર્ણ બની શકે છે. ત્યારે નાગરિકોએ સ્વૈચ્છિક રક્તદાન માટે આગળ આવવા અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ તાલુકા પંચાયત પ્રમુખશ્રી નારણભાઈ વાજા તાલુકા પંચાયત સદસ્યશ્રી રાજેશભાઈ ચુડાસમા તેમજ સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા નાથાભાઈ નંદાણીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આ રક્ત દાન શિબિરમા સમુહમાં અંગ દાનના સપત લેવડાવી અંગ દાનનું મહત્વ સમજાવી એક અંગ દાતાશ્રી છ થી આઠ વ્યકિતઓને નવ જીવન પ્રદાન કરી શકે છે. આમ અંગ દાન શ્રેષ્ઠ દાન છે એ સુત્ર ની સાર્થકતાની મહત્વતા સમજાવી હતી. રક્તદાન શિબિરમા સિવિલ હોસ્પિટલ, જૂનાગઢની બ્લડ બેંક ઉપસ્થિત રહી રક્તનો સ્વિકાર કર્યો. કંકાણા પી એચ સી અને આયોજકો દ્વારા સર્વે રક્ત દાતાશ્રી ઓનો હ્રદયથી આભાર વ્યક્ત કર્યો હતો ઉપસ્થિત મહેમાનો નું પણ સ્વાગત કર્યું હતું.

## જ્ઞાન, કૌશલ્ય, સંશોધન અને સામાજિક વિકાસ એ ચાર સૌથી મજબૂત સ્તંભો છે

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ ખાતે વિકસિત ભારત @2047 ના એન્જિન તરીકે ઉચ્ચ શિક્ષણ વિષય પર 1 દિવસીય રાષ્ટ્રીય સેમિનાર

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.23

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ગુજરાત સરકારના નોલેજ કન્સોર્ટિયમ અને ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના સંયુક્ત ઉપક્રમે વિકાસ સપ્તાહ- ૨૦૨૬ (RUSA. ઘટક નં. 111) હેઠળ યુનિ.નાં ભાષા ભવનનાં કોન્ફરન્સ હોલમાં વિકસિત ભારત @૨૦૪૭ ના એન્જિન તરીકે ઉચ્ચ શિક્ષણ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યુનિ.નાં કૂલપતિ ડો.પ્રતાપસિંહજી ચૈહાણનાં અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમને મહાનુભાવોએ દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવ્યો હતો. અધ્યક્ષીય ઉદબોધનમાં કૂલપતિ ડો.પ્રતાપસિંહજી ચૈહાણે જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનાં દિર્ઘકાલીન નેતૃત્વ થકી આજે દેશની ઈકોનોમી ચાર ટ્રીલીયન ડોલરને પાર કરવા સુધી પહોંચી છે, જે ૨૦૩૦ સુધીમાં ૧૦ ટ્રીલીયન ડોલરને પહોંચી શકે છે. વિકસિત ભારત @ 2047 ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં જ્ઞાન, કૌશલ્ય, સંશોધન અને સામાજિક વિકાસ એ ચાર સૌથી મજબૂત સ્તંભો છે. આ ચાર પરિબળો ભેગા મળીને દેશને આર્થિક, તકનીકી અને સામાજિક રીતે આત્મનિર્ભર અને વૈશ્વિક



મહાસત્તા બનાવશે કોઈપણ દેશ સંશોધન વગર વૈશ્વિક નેતા બની શકતો નથી. સંશોધન નવી ટેકનોલોજી અને ઉકેલો લાવે છે જ્ઞાન એ કોઈપણ પ્રગતિનો પાયો છે. ભારતને 'જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા' (Knowledge Economy) બનાવવા માટે તે અનિવાર્ય છે. કાર્યક્રમનાં અતિથી અને પાંચ જેટલી સ્ટેટ યુનિ.નાં કૂલપતિ પદે સફળતા પુર્વક કાર્ય કરનાર પૂર્વ કૂલપતિ ડો.પી.સી.ત્રિવેદી એ પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીય શિક્ષણ દ્વારા શિક્ષણને આધુનિક, રોજગારલક્ષી અને સર્વસમાવેશી બનાવવાથી વિકાસને વેગ મળશે સાથે ગ્રામીણ સ્તરે ટેકનોલોજી અને ડિજિટલ શિક્ષણ પહોંચાડીને 'ડિજિટલ ડિવાઈડ થશે.અને નાગરિકોમાં તાર્કિક વિચારસરણી અને નૈતિક મૂલ્યોનો વિકાસ થવાથી વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકશે. આ કાર્યક્રમમાં સીલોંગથી વિડીયો કનેટીકીવીટી જોડાઇને યુનિ.નાં વિદ્યાર્થીઓ, શોધ સ્કોલર્સ, વિવિધ યુનિ. અને કોલેજોનાં અધ્યાપકો, જૂનાગઢનાં બૌધીક અગ્રણીઓ, રાજકીય આગેવાનો અને યુનિ.નાં અધ્યાપકોને માર્ગદર્શીત કરતા ડો. શીતલે જણાવ્યુ હતુ કે માત્ર ડિગ્રી પૂરતી નથી, પરંતુ ઉદ્યોગોની જરૂરિયાત મુજબનું કૌશલ્ય હોવું જરૂરી છે. ભારત પાસે વિશ્વ માં સૌથી મોટો યુવાધન છે, જે આપણી 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ' છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના' જેવા કાર્યક્રમો દ્વારા યુવાનોને આધુનિક ઉદ્યોગો જેવા કે આર્ટીફિશીયલ ઈન્ટેલીઝન્સ, રોબોટિક્સ, ડેટા સાયન્સ માટે તૈયાર થવામાં સહાયરૂપ બને છે. ગુજરાત યુનિ.માં પધારેલ ડો.હિતેષ પટેલે જ્ઞાન, કૌશલ્ય, સંશોધન અને સામાજિક વિકાસ અંગે વાત કરતા જણાવ્યુ હતુ કે ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત યુવાનોએ નોકરી શોધવાને બદલે નોકરીદાતા બનવે જોઇએ જેનાથી સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમને મજબૂતી મળે છે.

### ત્રણ દિવસથી ઘૂંટણસમા પાણી ભરાયેલા છે. આના કારણે પાંચ ગામના લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે

| કમલેશ પટેલ .સંખેડા



સંખેડા તાલુકાના બહાદરપુર ખાતે અખત્યારપુર જતા 74 નંબરના રેલવે અંડરબ્રિજમાં છેલ્લા ત્રણ દિવસથી ઘૂંટણસમા પાણી ભરાયેલા છે. આના કારણે પાંચ ગામના લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે.ખેડૂતો અને સ્કૂલ-કોલેજ જતા વિદ્યાર્થીઓને રોજ અહીંથી પસાર થવામાં ઘણી તકલીફ પડે છે.સ્થાનિક લોકોએ બે દિવસ પહેલા કોન્ટ્રાક્ટર શર્માને ફોન કરીને જાણ કરી હતી, પરંતુ કોઈ કામગીરી થઈ નહોતી.આજે ફરી ફોન કરતા કોન્ટ્રાક્ટરે જવાબ આપ્યો કે, "20 તારીખે બિલકુલ ક્લીન કરી દીધું હતું, પણ બાજુના ખેતરનું પાણી હોવાથી પાછું ભરાઈ ગયું છે." આ વાતનો ઓડિયો પણ સામે આવ્યો છે, જેમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી સ્પષ્ટ સંભળાય છે. ગ્રામજનોનો આરોપ છે કે છેલ્લા ત્રણ દિવસથી સ્થળ પર કોઈ સફાઈ કામ થયું જ નથી. તેઓ માંગ કરી રહ્યા છે કે તંત્ર તાત્કાલિક પાણીનો નિકાલ કરે અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે પગલાં લે.

### 6.6 ટકાથી વધારીને 7 ટકા કર્યો ગ્રોથ અનુમાન

# ભારતના GDP અંગે વધુ એક ગૂડ ન્યૂઝ! મૂડીઝ બાદ S&P એ ગ્રોથનો અનુમાન વધાર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.23



આર્થિક મોરચે ભારત માટે સારા સમાચાર છે. S&P ગ્લોબલ રેટિંગ્સએ ભારતની અર્થવ્યવસ્થાનો વૃદ્ધિ દર 6.6 ટકાથી વધારીને 7 ટકા કર્યો છે. આ G20 દેશોમાં સૌથી ઝડપી વૃદ્ધિ દર છે. મૂડીઝે પણ 7 ટકા વૃદ્ધિનું અનુમાન લગાવ્યું હતું. જોકે, RBI વ્યાજદરમાં 0.25 ટકાનો વધારો કરી શકે છે. દુનિયાભરમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે આર્થિક મોરચે ભારત માટે સારા સમાચાર સામે આવ્યા છે. મૂડીઝ રેટિંગ્સ બાદ હવે એસએન્ડપી (S&P) ગ્લોબલ રેટિંગ્સએ પણ ભારતની અર્થવ્યવસ્થા માટેના પોતાના ગ્રોથના અનુમાનમાં વધારો કરીને 7 ટકા કરી દીધો છે. મૂડીઝે જીડીપી ગ્રોથનું અનુમાન આખું 1 ટકા વધારીને 7 ટકા કર્યું હતું, જ્યારે એસએન્ડપીએ પોતાનું અનુમાન 0.4 ટકા વધાર્યું છે. આ તમામ G20 અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી ગ્રોથ રેટ છે. આ અનુમાન આરબીઆઈના 6.7 ટકા અને ફિચ રેટિંગ્સના 6.4 ટકા કરતા ઘણું વધારે છે.

એસએન્ડપીએ નાણાકીય વર્ષ 2027 માટે ભારતની આર્થિક વૃદ્ધિનો અંદાજ 6.6 ટકાથી વધારીને 7 ટકા કરી દીધો છે. એજન્સીનું કહેવું છે કે જૂન ત્રિમાસિક ગાળામાં ઉદ્યોગ, વપરાશ, નિકાસ અને સરકારી રોકાણે અપેક્ષા કરતા સારો દેખાવ કર્યો છે. આ પહેલા 18 સપ્ટેમ્બરે મૂડીઝે પણ 2026-27માં 6 ટકા ગ્રોથના અનુમાનને વધારીને 7 ટકા કરી દીધો હતો. જૂન ત્રિમાસિકમાં 7.8 ટકાનો વધારો અને આગળ મજબૂત વૃદ્ધિની આશાએસએન્ડપીના રિપોર્ટ મુજબ, જૂન ક્વાર્ટરમાં ભારતીય અર્થવ્યવસ્થા 7.8 ટકા વધી છે. જોકે ગતિ થોડી ઘટી છે, છતાં વૃદ્ધિ મજબૂત રહી છે, જેનાથી ઉભરતી એશિયાની અર્થવ્યવસ્થાને ટેકો મળ્યો છે. એજન્સીને અપેક્ષા છે કે નાણાકીય વર્ષ 2028માં 7.2 ટકા અને નાણાકીય વર્ષ 2029માં 7 ટકા ગ્રોથ રહી શકે છે. આ સાથે જ નાણાકીય વર્ષ 2027માં મોંઘવારી સરેરાશ 5.1 ટકા રહી શકે છે.નાણાકીય વર્ષ 2027ના બીજા છ માસિક સમયમાં ધીમી ગતિ વૈશ્વિક એજન્સીનું માનવું છે કે નાણાકીય વર્ષ 2027ના બીજા છ માસિક સમયમાં વૃદ્ધિની ગતિ થોડી ધીમી પડી શકે છે, જેનું મુખ્ય કારણ જીએસટી દરોમાં ફેરફાર અને આવકવેરામાં કાપનો ફાયદો ઓછો થવાનો છે. આ ઉપરાંત, મોસમી સ્થિતિ પણ એક મોટું જોખમ બની રહી છે, કારણ કે 9 સપ્ટેમ્બર સુધી વરસાદ સામાન્ય કરતા 15 ટકા ઓછો નોંધાયો છે. તેથી, આગામી મહિનાઓમાં કૃષિ ઉત્પાદન અને ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારી પર વિશેષ નજર રાખવી ખૂબ જ જરૂરી છે. વૃદ્ધિનું અનુમાન વધવા છતાં એસએન્ડપીને મોંઘવારી વધવાની આશંકા છે. એજન્સીના મતે, ભારતીય રિઝર્વ બેંક નાણાકીય વર્ષ 2027માં પોતાની નીતિગત વ્યાજદરમાં 25 આધાર અંક એટલે કે 0.25 ટકાનો વધારો કરી શકે છે, જેથી આ નાણાકીય વર્ષના અંત સુધીમાં વ્યાજદર વધીને 5.5 ટકા થઈ શકે છે.

## માંગ વધતા સ્ટીલના ભાવ ચાર વર્ષની ઊંચાઈએ પહોંચ્યા



મુંબઈ : ટ્રેડરો તથા વિતરકો દ્વારા સ્ટોકિંગમાં વધારો થતા સ્ટીલના ભાવ વધી ચાર વર્ષની ટોચે પહોંચી ગયા છે. ગયા સપ્તાહમાં હોટ રોલ્ડ કોઈલ (એચઆરસી)ના ભાવ પ્રતિ ટન ૧૯૦૦ વધી રૂપિયા ૬૩૮૦૦ પહોંચી ગયા હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું.ભાવમાં વધુ વધારો થશે તેવી ધારણાંએ ટ્રેડરો તથા વિતરકો માલનો સ્ટોક કરી રહ્યા છે. સળિયાના ભાવ પણ પ્રતિ ટન વધી રૂપિયા ૬૦૫૦૦ કવોટ થઈ રહ્યા છે. સીઆરસીના ભાવ રૂપિયા ૭૩૫૦૦ બોલાઈ રહ્યા છે. કાચા માલની કિંમતમાં વધારો તથા માગ વૃદ્ધિને પરિણામે સ્ટીલના ભાવ તાજેતરના દિવસોમાં મક્કમ જોવા મળી રહ્યા છે.ચોમાસુ સમાપ્ત થવા સાથે બાંધકામ તથા માળખાકીય ક્ષેત્ર તરફથી માગ વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખી માલનો સ્ટોક કરવામાં આવી રહ્યો છે.પૂરવઠાની ચિંતાને લઈને આયાતી કોકિગ કોલના ભાવ ટન દીઠ વીસ ટકા જેટલા વધી ઓગસ્ટમાં ૨૩૨ ડોલર પહોંચી ગયાનું પણ બજારના સુત્રોએ જણાવ્યું હતું. કાચા માલના ભાવ વધી જતા ઉત્પાદકો પર માર્જિન દબાણ આવી રહ્યાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે.

## પૂજા લોજિસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ સબ્સ્ક્રીપ્શન માટે ખુલ્યો, કોલ્ડ-ચેઇન લોજિસ્ટિક્સ ફ્લીટ મજબૂત કરવા રૂ. 44.23 કરોડનો ઇશ્યૂ

અમદાવાદ : ભારતમાં ટેમ્પરેચર-કંટ્રોલ્ડ લોજિસ્ટિક્સ અને કોલ્ડ-ચેઇન ટ્રાન્સપોર્ટેશન સોલ્યુશન્સ પૂરા પાડતી કંપની પૂજા લોજિસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ આજે, 23 સપ્ટેમ્બર, 2026ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખુલ્યો છે. આ આઈપીઓ 25 સપ્ટેમ્બર, 2026 સુધી સબ્સ્ક્રીપ્શન માટે ખુલ્લો રહેશે. કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર કરવાની યોજના છે.આ આઈપીઓમાં 38.46 લાખ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેનું મૂલ્ય અપર પ્રાઇઝ બેન્ડ પર કુલ રૂ. 44.23 કરોડ થાય છે. શેરનો પ્રાઇઝ બેન્ડ રૂ. 109થી રૂ. 115 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે લૉટ સાઇઝ 1,200 ઈક્વિટી શેરની છે. અપર પ્રાઇઝ બેન્ડ મુજબ એક લૉટ માટે રિટેલ રોકાણકારનું ન્યૂનતમ રોકાણ રૂ. 1.38 લાખ રહેશે, જે લાગુ પડતી રોકાણકાર કેટેગરી અને એક્સચેન્જની જરૂરિયાતોને આધીન રહેશે.2011માં સ્થાપિત અને નવી દિલ્હીમાં મુખ્ય મથક ધરાવતી પૂજા લોજિસ્ટિક્સ એફએમસીજી અને બેકરી, ડેરી અને પોલ્ટ્રી, ક્વિક-સર્વિસ રેસ્ટોરન્ટ્સ (ક્યૂએસઆર), ઈ-કોમર્સ અને રિટેલ સહિતના વિવિધ ઉદ્યોગોને ટેમ્પરેચર-કંટ્રોલ્ડ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરા પાડે છે. 31 માર્ચ, 2026 સુધીમાં કંપની પાસે 424 માલિકીના રીફર વાહનોનો કાફલો હતો અને કંપનીની હાજરી સમગ્ર ભારતમાં છે.કંપની રિયલ-ટાઈમ જીપીએસ વ્હીકલ ટ્રેકિંગ, ટેમ્પરેચર મોનિટરિંગ, રૂટ ઑપ્ટિમાઈઝેશન તેમજ ડ્રાઈવર અને ફ્લીટ મેનેજમેન્ટ સિસ્ટમ્સ સહિતની ટેક્નોલોજી આધારિત સિસ્ટમ્સનો ઉપયોગ કરે છે. આ સોલ્યુશન્સ દ્વારા કામગીરી પર સતત નજર રાખી શકાય છે અને ટ્રાન્સપોર્ટેશન દરમિયાન ગ્રાહકોને વાહનની સ્થિતિ તથા તાપમાન સંબંધિત માહિતી મેળવવામાં મદદ મળે છે.પૂજા લોજિસ્ટિક્સ ફ્રોઝન, ચિલ્ડ અને સામાન્ય તાપમાનવાળી પ્રોડક્ટ્સ માટે અલગ-અલગ વિભાગ ધરાવતા મલ્ટી-ટેમ્પરેચર રેફ્રિજરેટેડ વ્હીકલ્સ પણ ચલાવે છે.

## સેમસંગના નોઈડા એન્જિનિયરો ગેલેક્સી વોચ હેલ્થ ફીચર્સનું પરીક્ષણ અને રિફાઇનિંગ કરવા માટે ભારતનો ઉપયોગ કેવી રીતે કરી રહ્યા છે

ગુરુગ્રામ: સેમસંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-નોઈડા (SRI-N) ભારતીય પરિસ્થિતિઓમાં પહેરી શકાય તેવા સોફ્ટવેરનું પરીક્ષણ કરવા સાથે ગેલેક્સી વોચ9 અને ગેલેક્સી વોચ અલ્ટ્રા2 પર આરોગ્ય અને સુખાકારી ક્ષમતાઓમાં યોગદાન આપી રહ્યું છે. SRI-N એવી સેવાઓ પર પણ કામ કરે છે જે સેમસંગ હેલ્થને ભારતની ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ સાથે જોડે છે, જે સરકારની આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) પહેલ સાથે સંરેખિત થાય છે.સેમસંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-નોઈડાના મેનેજિંગ ડિરેક્ટર ક્યુંગ્યુન રૂએ જણાવ્યું હતું કે, "ડિજિટલ હેલ્થમાં ઘડિયાળ-સંબંધિત સુવિધાઓનો સમાવેશ થાય છે, જે એક મુખ્ય ધ્યાન કેન્દ્રિત ક્ષેત્ર છે." "છેલ્લાં ત્રણથી ચાર વર્ષમાં અમે ભારત-વિશિષ્ટ સેવાઓ શરૂ કરી છે," એમ તેમણે ઉમેર્યું.SRI-Nની સ્થાપના 2007માં થઈ હતી અને તે ગેલેક્સી મોબાઈલ ઉપકરણો, વેરેબલ્સ, ટેબ્લેટ્સ અને સોફ્ટવેર ડેવલપમેન્ટમાં સેમસંગના વૈશ્વિક સંશોધન અને વિકાસ સંગઠનો સાથે સહયોગમાં કાર્ય કરે છે. ગેલેક્સી વોચ વપરાશકર્તાઓ માટે સ્થાનિક કાર્ય સેમસંગ હેલ્થ દ્વારા સેન્સર ડેટાને આરોગ્ય અને સુખાકારીની અંતરદ્રષ્ટિમાં રૂપાંતરિત કરે છે."અમારું પ્લેટફોર્મ સ્માર્ટફોન સાથે પહેરી શકાય તેવા ડેટાને જોડે છે અને એક્ટિવિટી, ઊંઘ, પોષણ, માઈન્ડફુલનેસ અને મહત્ત્વપૂર્ણ આરોગ્ય સૂચકાંકોમાં ક્ષમતાઓને સમર્થન આપે છે," એમ સેમસંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-નોઈડાના સર્વિસ ડેવલપમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. અમિતાભ થાપલિયાલે જણાવ્યું હતું. "અમે સુખાકારી અને નિવારક સંભાળ પર કેન્દ્રિત આરોગ્ય- ટ્રેકિંગ એપ્લિકેશનોમાં પણ યોગદાન આપીએ છીએ."કેન્દ્રના કાર્યમાં વાઈટલ ટ્રેકર, ડેઈલી કાર્ડિયો લોડ, હિયરિંગ હેલ્થ અને ટ્રેઈલ રનિંગ જેવી ગેલેક્સી વોચ9 અને ગેલેક્સી વોચ અલ્ટ્રા2 ક્ષમતાઓમાં યોગદાન સામેલ છે.



## ટાટા એઆઈએએ બદલાઇ રહેલી બજાર તકોમાં ગ્રાહકોને ભાગીદાર બનવામાં મદદ કરવા માટે મોમેન્ટમ વેલ્યુ 50 ઇન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

મુંબઈ: રોકાણકારોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભારતની અગ્રણી ખાનગી જીવન વીમા કંપનીઓમાંની એક ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સે આજે ટાટા એઆઈએ મોમેન્ટમ વેલ્યુ 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ એક યુનિટ-લિંક્ડ ઈન્વેસ્ટમેન્ટ વિકલ્પ છે, જે બે જાણીતા રોકાણ અભિગમો મોમેન્ટમ ઈન્વેસ્ટિંગ અને વેલ્યુ ઈન્વેસ્ટિંગનું મિશ્રણ કરીને ડાયવર્સિફાઈડ ઈક્વિટી એક્સપોઝરની તક પૂરી પાડવા માટે બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ગ્રાહકોને બજારમાં ઊભી થતી તકોમાં ભાગ લેવાની સાથે જીવન વીમા સુરક્ષાનો વધારાનો લાભ પણ મળશે.આ ફંડના લોન્ચ અંગે ટિપ્પણી કરતાં ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર હર્ષદ પાટીલે જણાવ્યું હતું કે, "ઈક્વિટી બજારો સતત બદલાઈ રહ્યા છે અને બજારના વિવિધ તબક્કા દરમિયાન અલગ-અલગ ક્ષેત્રો અને રોકાણની પદ્ધતિઓનું મહત્વ વધતું-ઘટતું રહે છે. આવી સ્થિતિમાં મોમેન્ટમ અને વેલ્યુ બંનેને ધ્યાનમાં લેતો મલ્ટીફેક્ટર અભિગમ રોકાણકારોને ઈક્વિટી રોકાણની તકોનું મૂલ્યાંકન કરતી વખતે વધુ વ્યાપક દ્રષ્ટિકોણ આપી શકે છે.રોકાણ બજારોમાં ઘણી વખત અલગ-અલગ તબક્કા જોવા મળે છે, જેમાં સમય જતાં વિવિધ ક્ષેત્રો અને કંપનીઓનું બજારમાં પ્રભુત્વ બદલાતું રહે છે. કેટલીક કંપનીઓ બજારમાં વધુ મજબૂત કામગીરી દર્શાવે છે, જ્યારે કેટલીક અન્ય કંપનીઓ તેમના મૂળભૂત નાણાંકીય પરિબળોની સરખામણીએ આકર્ષક મૂલ્યાંકનને કારણે રોકાણની તક પૂરી પાડી શકે છે.ટાટા એઆઈએ મોમેન્ટમ વેલ્યુ 50 ઈન્ડેક્સ ફંડ આ બંને એકબીજાને પૂરક એવા રોકાણ અભિગમોને એકસાથે લાવે છે.'આ બંને અભિગમોને એકસાથે જોડીને આ ફંડનો હેતુ પારદર્શક રોકાણ માળખા દ્વારા ગ્રાહકોને ઈક્વિટી બજારમાં રોકાણ કરવાની વૈવિધ્યસભર અને નિયમબદ્ધ રીત પૂરી પાડવાનો છે.




## દુદાની રિટેલનો આઈપીઓ 25 સપ્ટેમ્બરે ખુલશે, રૂ. 10.54 કરોડના ઇશ્યૂથી બિઝનેસના વિસ્તરણને વેગ મળશે

દુદાની રિટેલ લિમિટેડનો આઈપીઓ 25 સપ્ટેમ્બર, 2026ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખુલશે. આ ફિક્સ્ડ-પ્રાઈઝ ઈશ્યૂ 29 સપ્ટેમ્બર, 2026 સુધી ખુલ્લો રહેશે. કંપની તેના ઈક્વિટી શેરને બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ કરવાની યોજના ધરાવે છે.આઈપીઓ હેઠળ કુલ 36.36 લાખ ઈક્વિટી શેરનો સંપૂર્ણપણે ફ્રેશ ઈશ્યૂ કરવામાં આવશે, જેની કુલ કિંમત રૂ. 10.54 કરોડ છે. શેરની ઈશ્યૂ કિંમત રૂ. 29 પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે અને લૉટ સાઈઝ 4,000 શેરની છે. રિટેલ રોકાણકારો ઓછામાં ઓછા બે લૉટ એટલે કે 8,000 શેર માટે અરજી કરી શકશે, જેના માટે રૂ. 2.32 લાખનું રોકાણ કરવું પડશે. એચએનઆઈ રોકાણકારો માટે ઓછામાં ઓછી અરજી ત્રણ લૉટ એટલે કે 12,000 શેરની રહેશે, જેના માટે રૂ.3.48 લાખનું રોકાણ જરૂરી રહેશે.આઈપીઓ 25 સપ્ટેમ્બરે ખુલશે અને 29 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે. શેરની ફાળવણી 30 સપ્ટેમ્બરે અંતિમ થવાની અપેક્ષા છે, જ્યારે બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર શેરનું હંગામી લિસ્ટિંગ 5 ઓક્ટોબર, 2026ના રોજ થવાની શક્યતા છે. નાણાંકીય વર્ષ 2026માં દુદાની રિટેલની નાણાંકીય કામગીરીમાં સુધારો નોંધાયો છે. આઈપીઓ સાથે સંબંધિત સુધારેલી નાણાંકીય માહિતી અનુસાર, કંપનીની આવક નાણાંકીય વર્ષ 2026માં રૂ. 27.78 કરોડ રહી હતી.

## કંપનીઓના વિદેશી સોદાઓએ M&Aમાં થયેલા ઘટાડાને સરભર કર્યો

અમદાવાદ : વિદેશી ખરીદદારો ભારતમાંથી પીછેહઠ કરી રહ્યા છે ત્યારે ભારતીય કંપનીઓ વિદેશમાં વાૃધુ ખરીદી કરી રહી છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપના એક અહેવાલ અનુસાર, ૨૦૨૬ ના પ્રથમ સાત મહિનામાં આઉટબાઉન્ડ ડીલ વેલ્યુ (જેમાં ભારતીય વ્યૂહાત્મક ખરીદદારોએ દેશ બહારની લક્ષિત કંપનીઓ ખરીદી) ૭૬% વાૃધીને ૮.૮ બિલિયન ડોલર થઈ ગઈ છે, જે એક વર્ષ પહેલા ૫ બિલિયન ડોલર હતી.અહેવાલ અનુસાર આઉટબાઉન્ડ ડીલ્સની સંખ્યા ૧૯% ઘટીને ૯૨ થઈ હતી. આ જ સમયગાળા દરમિયાન ઈનબાઉન્ડ ડીલ વેલ્યુ (જેમાં વિદેશી ખરીદદારોએ ભારતીય કંપનીઓ ખરીદી) ૫૮% ઘટીને ૨.૭ બિલિયન ડોલર થઈ હતી. આંકડા દર્શાવે છે કે સ્થાનિક સોદાનું મૂલ્ય (ડોમેસ્ટિક ડીલ વેલ્યુ - જેમાં ભારતીય ખરીદદારોએ સ્થાનિક કંપનીઓ ખરીદી) ૧૪% ઘટીને ૧૦.૧ બિલિયન ડોલર રહ્યું હતું. આ વિદેશી ખરીદીને કારણે ભારતના એકંદર એમ એન્ડ એ (M&A) મૂલ્યમાં મોટો ઘટાડો અટક્યો હતો અને તે લગભગ સ્થિર (ચાલુ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૨% નો ઘટાડો) રહ્યું હતું, ભલે કુલ ડીલ વોલ્યુમમાં આશરે ૨૦% નો ઘટાડો નોંાૃધાયો હોય. વોલ્યુમમાં આવેલો આ ઘટાડો વૈશ્વિક સ્તરના લગભગ ૧૮% ઘટાડા કરતાં થોડો વાૃધુ હતો. ભારતની આઉટબાઉન્ડ ખરીદીની કહાણી હવે માત્ર મોટા ઉદ્યોગગૃહો પૂરતી મર્યાદિત નથી રહી. મધ્યમ કદની કંપનીઓ પણ વિદેશમાં નવી ક્ષમતાઓ અને બજાર પ્રવેશ ખરીદી રહી છે.વિદેશ તરફનું આ વલણ ત્યારે જોવા મળ્યું જ્યારે બજારના ખરીદદારોએ ઓછા પણ મોટા સોદા કરવાનું પસંદ કર્યું છે. જાન્યુઆરી-જુલાઈ ૨૦૨૬ દરમિયાન ભારતના કુલ સોદા મૂલ્યમાં ૧ બિલિયન ડોલરથી વાૃધુના ડીલ્સનો હિસ્સો અડાૃધોઅડાૃધ રહ્યો, જે અગાઉના વર્ષે ૩૪% હતો; જ્યારે ૫૦૦ મિલિયન ડોલરથી વાૃધુના ડીલ્સનો હિસ્સો ૪૯% ની સામે વાૃધીને ૫૯% થયો હતો. ૧૦૦ મિલિયન ડોલરથી વાૃધુના સોદાઓ બજારની સરખામણીએ વાૃધુ મજબૂત રહ્યા.

## ડેટા સેન્ટર્સ નજીક રહેતા લોકોને પાણીના પુરવઠા કે રોજિંદા જીવનમાં કોઈ મુશ્કેલી પડતી નથી, ચાંદીવલીના રહવાસીનું નિવેદન

નવી દિલ્હી | પોલિસી કન્સિલિએશન સેન્ટર દ્વારા યોજાયેલા તાજેતરના એક વેબિનારમાં નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને સ્થાનિક સમુદાયના અવાજો એકમંચ પર આવ્યા હતા. તેઓએ રેખાંકિત કર્યું હતું કે ભારતનો ઝડપથી વિસ્તરી રહેલો ડેટા સેન્ટર ઈકોસિસ્ટમ આર્થિક વૃદ્ધિ વધારવામાં, નવી રોજગારી ઊભી કરવામાં અને સ્વચ્છ ઊર્જા તરફ આગળ વધવામાં મદદરૂપ થઈ રહ્યો છે. આ જ સમયે, આ સુવિધાઓ નજીક રહેતા સ્થાનિક રહેવાસીઓએ પાણીના અવિરત પુરવઠા અને સ્વસ્થ જીવનશૈલી સંબંધિત તેમના હકારાત્મક અનુભવો શેર કર્યા હતા. નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડેટા-સેન્ટર ઈકોસિસ્ટમને માત્ર ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે નહીં, પરંતુ ભારતની વ્યાપક આર્થિક અને ટકાઉ વિકાસની સફરના એક મહત્વપૂર્ણ ભાગ તરીકે જોવું જોઈએ.આગામી થોડા વર્ષોમાં ભારતની ડેટા-સેન્ટર ક્ષમતામાં નોંધપાત્ર વિસ્તાર થવાનો અંદાજ છે. ઉદ્યોગના અંદાજો અનુસાર ૨૦૩૦ સુધીમાં આ ક્ષમતા ૬ થી ૬.૫ ગીગાવોટ (GW) સુધી પહોંચી શકે છે, જેમાં ભારે મૂડીરોકાણ અને વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા ટેલેન્ટની માગ વધશે. અન્ય તાજેતરના અંદાજ મુજબ ૨૦૩૦ સુધીમાં ભારતની ડેવલપમેન્ટ પાઈપલાઈન ૩,૮૯૦ મેગાવોટ (MW) પહોંચશે, જેના માટે લગભગ ૨૯.૯ બિલિયન ડોલરના વિકાસ ભંડોળની જરૂર પડશે. 'લિવિંગ નેક્સ્ટ ટુ ધ ક્લાઉડ: એન એવિડન્સ-બેઝ્ડ એપ્રોચ ટુ ડેટા સેન્ટર્સ ઈન રેસિડેન્શિયલ ઈન્ડિયા' શીર્ષક હેઠળ યોજાયેલા આ વેબિનારમાં ઉદ્યોગ, ટેકનોલોજી, પર્યાવરણીય સંશોધન અને જાહેર નીતિ ક્ષેત્રના અગ્રણીઓએ ભાગ લીધો હતો. તેઓએ ચર્ચા કરી હતી કે ભારત કઈ રીતે પાણી, ઊર્જા, ઘોંઘાટ (નોઈઝ) અને પર્યાવરણીય સંચાલનમાં જવાબદારીપૂર્વકના અભિગમને અપનાવીને ડેટા સેન્ટર્સના વિકાસને પ્રોત્સાહન આપી શકે છે.શ્રી અરિંદમ ગોસ્વામી, સહ-સંસ્થાપક અને પાર્ટનર, પોલિસી કન્સિલિએશન સેન્ટર:'જવાબદાર વિકાસ એ માત્ર અસરોનું સંચાલન કરવા પૂરતો મર્યાદિત નથી; પરંતુ સમગ્ર ઈકોસિસ્ટમમાં સકારાત્મક પરિણામો ઊભા કરવાનો છે. ભારત જ્યારે તેના ડિજિટલ ભવિષ્ય માટે જરૂરી માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરી રહ્યું છે, ત્યારે આપણે ટેકનોલોજીકલ પ્રગતિની સાથે સંસાધનોનો જવાબદારીપૂર્વક ઉપયોગ, રોકાણ અને પર્યાવરણીય દેખભાળને જોડવાની જરૂર છે. આ રીતે જ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત અર્થતંત્ર અને વધુ ટકાઉ ભવિષ્ય બંનેમાં યોગદાન આપી શકે છે.' શ્રીમતી નિરૂપમા સુંદરરાજન, સહ-સંસ્થાપક અને સીઈઓ, પોલિસી કન્સિલિએશન સેન્ટર: 'ડેટા સેન્ટર્સ અંગેની ચર્ચા આખરે એ વાત પર આવીને અટકે છે કે આપણે જમીન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિવિધ ઉપયોગોને એકસાથે કઈ રીતે શક્ય બનાવી શકીએ છીએ. જેમ જેમ આપણા શહેરો વિસ્તરી રહ્યા છે, તેમ જે વિસ્તારો એક સમયે ઔદ્યોગિક કે સીમાવર્તી ગણાતા હતા તે હવે ઝડપથી વિકાસ પામતા શહેરી કેન્દ્રોનો ભાગ બની રહ્યા છે. તેથી એવા પ્લાનિંગ ફ્રેમવર્ક વિશે વિચારવું મહત્વપૂર્ણ બની જાય છે જે ડેટા સેન્ટર્સ અને સ્થાનિક સમુદાયોને શહેરોના વિકાસ સાથે જવાબદારીપૂર્વક એકસાથે રહેવાની મંજૂરી આપે.'ડેટા સેન્ટર્સ ભારતની ડિજિટલ ઈકોનોમી માટે ગ્રોથ મલ્ટિપ્લાયર તરીકે ઊભરી રહ્યા છે વક્તાઓએ હાઈલાઈટ કર્યું હતું કે ડેટા સેન્ટર્સનું મૂલ્ય માત્ર કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી ભૌતિક ઈમારતો સુધી સીમિત નથી. જેમ જેમ ક્લાઉડ એડોપ્શન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડિજિટલ સેવાઓનો વિસ્તાર થઈ રહ્યો છે, તેમ ડેટા સેન્ટર્સ વ્યવસાયો, સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ પ્લેટફોર્મ્સને કાર્ય કરવા અને આગળ વધવા માટે પાયાનું માળખું પૂરું પાડે છે. આ વિસ્તાર વ્યાપક ઈકોસિસ્ટમમાં માગ ઊભી કરી શકે છે – જેમાં એન્જિનિયરિંગ અને ટેકનોલોજી પ્રોફેશનલ્સથી લઈને કન્સ્ટ્રક્શન, પાવર, કુલિંગ, કનેક્ટિવિટી અને અન્ય સહાયક સેવાઓનો સમાવેશ થાય છે – જ્યારે કે સ્થાનિક રોકાણ અને કૌશલ્ય વિકાસ માટે નવી તકો પણ ઊભી કરે છે.રોજગારીની તકો વિશેષરૂપે નોંધપાત્ર છે. તાજેતરના ઉદ્યોગ અંદાજો, જે કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ પૃથ્વી વિજ્ઞાન રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ દ્વારા પણ હાઈલાઈટ કરવામાં આવ્યા હતા, દર્શાવે છે કે ભારતનો ડેટા-સેન્ટર વિસ્તાર આશરે ૧ લાખ એન્જિનિયરિંગ નોકરીઓ ઊભી કરી શકે છે. જેમાં AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એડવાન્સ્ડ કુલિંગ, સ્માર્ટ ગ્રિડ, રિન્યુએબલ એનર્જી ઈન્ટિગ્રેશન અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓપરેશન્સ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

### TRAIનો મહત્ત્વનો નિર્ણય

## ટેલિકોમ કંપનીઓએ માત્ર કોલિંગ અને SMSના સસ્તા પ્લાન પણ આપવા પડશે,

(એજન્સી) નવી દિલ્હી | તા.23

TRAI એ કરોડો મોબાઈલ ગ્રાહકો માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે ટેલિકોમ કંપનીઓએ ફરજિયાતપણે માત્ર વોઈસ કોલિંગ અને SMS સુવિધાવાળા સસ્તા રિચાર્જ પ્લાન રજૂ કરવા પડશે, જેમાં ડેટા નહીં હોય. 30 દિવસથી વધુ વેલિડિટી માટે પણ આવા પ્લાન ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત, ગ્રાહકોને દર મહિને એક ચોક્કસ તારીખે રિચાર્જ રિન્યૂ કરવાનો વિકલ્પ પણ મળશે. આ નિર્ણયથી ડેટાનો ઉપયોગ ન કરતાં ગ્રાહકોને મોટો ફાયદો થશે. ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઈન્ડિયા(TRAI)એ દેશના કરોડો મોબાઈલ ગ્રાહકોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ટ્રાઈ દ્વારા જાહેર કરવામાં આવેલા 'ટેલિકોમ કન્ઝ્યુમર પ્રોટેક્શન (13મો સુધારો) રેગ્યુલેશન, 2026' અનુસાર, હવે તમામ ટેલિકોમ કંપનીઓએ ફરજિયાતપણે માત્ર વોઈસ કોલિંગ અને SMSની સુવિધા આપતા સસ્તા રિચાર્જ પ્લાન રજૂ કરવા પડશે, જેમાં ડેટા શામેલ નહીં હોય. નવા નિયમો મુજબ, 30 દિવસ કે તેથી ઓછી વેલિડિટી ધરાવતા ગ્રાહકો માટે કંપનીઓએ માત્ર 'Voice and SMS Only' પ્લાન આપવો ફરજિયાત બનાવ્યો છે. આ ઉપરાંત, કંપનીઓએ ગ્રાહકોને એક એવો વિકલ્પ પણ પૂરો પાડવો પડશે જેથી તેઓ દર મહિને એક ચોક્કસ તારીખે જ પોતાનું રિચાર્જ રિન્યૂ કરી શકે. આનાથી ગ્રાહકોને દર વખતે અલગ-અલગ તારીખોએ રિચાર્જ કરાવવાની ઝંઝટમાંથી કાયમી મુક્તિ મળશે.ટ્રાઈએ સ્પષ્ટ કર્યું છે કે 30 દિવસથી વધુની વેલિડિટી ઈચ્છતા ગ્રાહકો માટે પણ દરેક કંપનીએ ઓછામાં ઓછો એક એવો પ્લાન રાખવો પડશે જેમાં ડેટા વગર માત્ર કોલિંગ અને મેસેજિંગની સુવિધા હોય. રેગ્યુલેટરે ટેલિકોમ કંપનીઓને આ પ્લાનની કિંમતો વ્યાજબી અને ડેટા પ્લાન્સ કરતાં નોંધપાત્ર રીતે ઓછી રાખવા સૂચના આપી છે, જેથી ગ્રાહકો પર આર્થિક બોજ ઘટે.આ નિર્ણયનો સૌથી મોટો ફાયદો એવા લોકોને થશે જેઓ કીપેડ (ફીચર) ફોનનો ઉપયોગ કરે છે અથવા ઈન્ટરનેટ ડેટાનો ઉપયોગ બિલકુલ કરતા નથી.

### રિટાયરમેન્ટ બાદ બસ આટલું કરો...

## દર મહિને મળશે 20,500 રૂપિયાનું સુરક્ષિત રિટર્ન

(એજન્સી) નવી દિલ્હી | તા.23

કેન્દ્ર સરકારની સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ (SCSS) નિવૃત્ત લોકો માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. 60 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો આ યોજનામાં 30 લાખ સુધીનું રોકાણ કરી શકે છે. 8.2% વ્યાજ દર સાથે, રોકાણકારોને દર મહિને આશરે 20,500ની નિયમિત આવક મળે છે. આ 100% સુરક્ષિત યોજનામાં વ્યાજ દર 3 મહિને સીધા બચત ખાતામાં જમા થાય છે.નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ મળેલા ફંડને જો યોગ્ય અને સુરક્ષિત રોકાણ વિકલ્પમાં મૂકવામાં આવે, તો તે જીવનભર નિયમિત અને સલામત આવકનો મોટો સ્ત્રોત બની શકે છે. શેરબજાર કે અન્ય જોખમી સ્કીમ્સના બદલે જો તમે 100% સુરક્ષિત અને ગેરંટીડ વ્યાજ આપતી યોજના શોધી રહ્યા હોવ, તો કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત 'સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ' (SCSS) સૌથી ઉત્તમ વિકલ્પ છે. આ સ્મોલ સેવિંગ્સ સ્કીમ હેઠળ રોકાણકારોને વાર્ષિક આશરે 2.5 લાખનું નિશ્ચિત વ્યાજ મળી શકે છે, જે માસિક ધોરણે અંદાજે 20,500 જેટલું થાય છે.આ યોજનાની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં સરકાર દ્વારા વાર્ષિક 8.2 ટકાનું સુરક્ષિત અને નિશ્ચિત વ્યાજ ઓફર કરવામાં આવે છે. આ સ્કીમમાં રોકાણકારોએ વ્યાજ માટે લાંબો સમય રાહ જોવી પડતી નથી; દર ત્રણ મહિને વ્યાજની રકમ આપોઆપ રોકાણકારના સેવિંગ્સ બેંક એકાઉન્ટમાં જમા થઈ જાય છે. રોકાણકાર ઈચ્છે તો આ ત્રિમાસિક વ્યાજની રકમને અન્યત્ર ફરીથી રોકાણ કરીને વધારાનો નફો પણ કમાઈ શકે છે. ટૂંકા ગાળામાં સૌથી વધુ નિશ્ચિત વળતર આપતી આ યોજનાનો પ્રારંભિક મુદતગાળો 5 વર્ષનો હોય છે.જો કોઈ રોકાણકાર આ સ્કીમમાંથી પ્રતિ માસ આશરે 20,500ની નિયમિત આવક મેળવવા માંગતા હોય, તો તેમણે SCSS યોજના હેઠળ મહત્તમ 30 લાખનું રોકાણ કરવું પડશે.30 લાખના રોકાણ પર 8.2% વાર્ષિક વ્યાજ દરે દર ત્રણ મહિને કુલ 61,499નું વ્યાજ ખાતામાં જમા થાય છે.આ ત્રિમાસિક રકમને માસિક હિસાબે વહેંચવામાં આવે તો દર મહિને આશરે 20,500ની આવક બને છે.

### ખરીફ અને રવિ પાકના ઉત્પાદનના અંદાજ પર નિર્ભર

## સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડાની ચિંતા વચ્ચે કઠોળની આયાતમાં ૬૨%નો ઉછાળો

અમદાવાદ : અલ નીનોના જોખમને કારણે સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડો થવાની આશંકા વચ્ચે નાણાકીય વર્ષ ૨૭ના એપ્રિલ-જુલાઈ સમયગાળા દરમિયાન કઠોળની આયાત ૬૨% વધીને ૧૭ લાખ ટન પર પહોંચી ગઈ છે.મૂલ્ય (રૂપિયા/ડોલર)ની દ્રષ્ટિએ આયાત ૩૨% વધીને ૦.૯૭ અબજ ડોલર થઈ છે, જે દર્શાવે છે કે ભારત તરફથી ઊંચી માંગ હોવા છતાં વૈશ્વિક સ્તરે ભાવો પ્રમાણમાં નિયંત્રણમાં રહ્યા છે. વેપારીઓનું કહેવું છે કે આગામી થોડા મહિનાઓમાં આયાત ધીમી પડી શકે છે, કારણ કે યુક્રેન સાથેના સંઘર્ષને લીધે રશિયા તરફથી પુરવઠો ખોરવાતા છેલ્લા કેટલાક અઠવાડિયામાં કેનેડાથી આયાત થતા વટાણા અને મસૂરના ભાવમાં તીવ્ર વધારો થયો છે.ઈન્ડિયા પલ્સિસ એન્ડ ગ્રેઈન્સ એસોસિએશને જણાવ્યું હતું કે, આગામી બે મહિનામાં આયાત ધીમી પડી શકે છે કારણ કે યુક્રેન સાથેના સંઘર્ષને કારણે ગંભીર લોજિસ્ટિકલ સમસ્યાઓ સર્જાતા રશિયાથી પીળા વટાણા અને મસૂર લઈને આવતા અનેક જહાજો બંદરો પર અટવાઈ ગયા છે. આગામી



મહિનાઓમાં કઠોળની આયાતનું પ્રમાણ ખરીફ અને રવિ પાકના ઉત્પાદનના અંદાજ પર નિર્ભર રહેશે.કઠોળની વિવિાૃધ જાતોની વાત કરીએ તો, એપ્રિલ-જુલાઈ ગાળામાં મસૂર અને પીળા વટાણાની આયાતમાં વાર્ષિક ાૃધોરણે અનુક્રમે ૨૨૭% અને ૯૧%નો જંગી ઉછાળો આવ્યો છે, જે વધીને અનુક્રમે ૦.૫૭ મિલિયન ટન અને ૦.૫૨ મિલિયન ટન થઈ છે. નાણાકીય વર્ષ ૨૭ ના પ્રથમ ચાર મહિનામાં તુવેરની આયાત ૭% વધીને ૦.૩૧ મિલિયન ટન થઈ છે. જ્યારે આ જ સમયગાળા દરમિયાન અડદની આયાતમાં ૨૦%નો ઘટાડો નોંાૃધાયો છે અને તે ઘટીને ૦.૧૮ મિલિયન ટન રહી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 13

# સંસદના ઇતિહાસમાં નવો રેકોર્ડ, 40 દિવસ પછી પણ ચોમાસુ સત્ર ચાલુ

સંસદના ચોમાસુ સત્રના બંને ગૃહો સ્થગીત થયાના ૪૦ દિવસ પછી પણ ઔપચારીક રીતે પુરા થયેલા જાહેર કરવામાં આવ્યા નથી. એવી અટકળો થઈ રહી છે કે, સરકાર કદાચ નવુ સત્ર બોલાવ્યા વગર જ કોઈ અગત્યનો કાયદો લાવવા માંગે છે. જાણકારોના કહેવા પ્રમાણે બંને ગૃહો ૪૦ દિવસ સુધી સ્થગીત રહ્યા એ એક રેકોર્ડ છે. ૨૦૧૫માં સંસદના બંને ગૃહો ૨૮ દિવસો સુધી સ્થગીત કરવામાં આવ્યા હતા. એ વખતે સરકાર જીએસટી કાયદા પર સંમતી બનાવવાની કોશિષ કરતી હતી. સરકાર કદાચ ૨૦૨૯ની લોકસભાની ચૂંટણી પહેલા મહિલા અનામત કાયદો લાગુ કરવા માટે પ્રસ્તાવ લાવવાની યોજના બનાવી રહી છે. આ પહેલા બજેટ સત્રમાં આ માટેનો પ્રયત્નો કરવામાં આવ્યો હતો, પરંતુ શાસક પક્ષ પાસે યોગ્ય સંખ્યા નહીં હોવાથી બીલ પસાર થઈ શક્યું નહોતું.

જ્યારે ભાજપમાં 'હવે પછીના વડાપ્રધાન કોણ'ની ચર્ચા થાય છે ત્યારે યોગી આદિત્યનાથનું નામ પણ લેવાય છે. જોકે આ વિષય ખૂબ જ સંવેદનશીલ છે. જો ભાજપનો કોઈ નેતા ભવિષ્યમાં વડાપ્રધાન બનવાની મહેચ્છા જાહેર કરે તો એની રાજકીય કારકિર્દી પુરી થઈ જાય. ૨૦૨૭માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી છે. યોગીને ઘેરવા માટે જ્યારે મીડિયાએ એમને પૂછ્યું કે તેઓ મુખ્યમંત્રી બનવાનું પસંદ કરશે કે વડાપ્રધાન, ત્યારે યોગીએ ચાલાકીપૂર્વક જવાબ આપ્યો હતો. એમણે કહ્યું હતું કે, 'મે જાહેર જીવનમાં જવાબદારીની ભાવનાને અને રાષ્ટ્રને પ્રથમ રાખીને પ્રવેશ કર્યો હતો. વડાપ્રધાને મને ઉત્તર પ્રદેશના લોકોની સેવા કરવા માટે જવાબદારી સોંપી છે, મારૂ સંપૂર્ણ ધ્યાન રાજ્યને આર્થિક અને સામાજીક રીતે ટોચ પર રાખવાનું છે.' ટૂંકમાં યોગીએ પોતાને વડાપ્રધાન બનવાની મહત્વકાંક્ષા નહીં હોવાનું કહીને સેઈફ ગેમ રમી છે.દેશના ચૂંટણી કમિશને રાજ્યસભાની ખાલી પડનારી બેઠકો પર ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની ૧ બેઠક માટે નિયમીત ચૂંટણી થશે જ્યારે પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની ૧ બેઠક માટે પેટા ચૂંટણી થશે. ત્રણે રાજ્યોમાં ૧૬મી ઓક્ટોબરે મતદાન કરવામાં આવશે. ચૂંટણી કમિશનના જણાવ્યા પ્રમાણે રાજ્યસભાની ચૂંટણીની પ્રક્રિયા ૨૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. ઉમેદવારો ૬થી ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્ર ભરી શકશે.

૭મી ઓક્ટોબરે ઉમેદવારી પત્રોની તપાસ થશે. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની તારીખ ૯મી ઓક્ટોબર છે. મતદાન પુરુ થશે એ જ દિવસે સાંજે પાંચ વાગ્યે મત ગણતરી શરૂ થશે. ઉત્તર પ્રદેશમાં ૧૦ રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પુરો થઈ રહ્યો છે. જેમાં અરૂણ સિંહ, ગીતા ઉર્ફ ચંદ્ર પ્રભા, નીરજા શેખર, ભુરજલાલ, પ્રો. રામગોપાલ યાદવ, રામજી, બી એલ વર્મા, સિમા, ડો. દિનેશ શર્મા અને હરદીપ સિંહ પુરીનો સમાવેશ થાય છે.

કેરલમમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ (એબીવીપી)એ સામ્યવાદીઓના ગઢમાં બાકોરૂ પાડયું છે. કોલેજ યુનિયનોની ચૂંટણીઓમાં એબીવીપીએ તમામ બેઠકો જીતીને સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઈ) પાસેથી ત્રિપુનીથુરા ગવર્મેન્ટ સંસ્કૃત કોલેજ યુનિયન પર કાબુ મેળવ્યો છે.

આ પરિણામ પછી કેરલમમાં એસએફઆઈનો ગઢ ગણાતા કોલેજમાં એમનો દબદબો પુરો થયો છે. એસએફઆઈ ઘણા વર્ષોથી કોલેજ યુનિયન ચલાવતી હતી, પરંતુ આ વખતે એબીવીપીએ ચૂંટણીમાં મોટી જીત મેળવી છે અને તમામ છ મુખ્ય હોદ્દાઓ પર કબજો કર્યો છે. વિસ્તારમાં બીજો પણ એક રાજકીય ફેરફાર થયો છે. હાલમાં ભાજપએ ત્રિપુનીથુરા નગરપાલિકાની કમાન પણ સંભાળી છે. સ્થાનીક નગરપાલિકામાં ૪૫ વર્ષ જૂના સામ્યવાદીઓના શાસનનો અંત આવ્યો છે.અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું છે, કે કોઈપણ વ્યક્તિ પાસે પાસપોર્ટ હોય એનો મતલબ એ નથી કે એને આપોઆપ વિદેશ જવાનો હક મળી જાય. જો કોઈ વ્યક્તિ સામે ફોજદારી કેસ દાખલ થયો હોય અને પોલીસને શંકા હોય કે વિદેશ ગયા પછી એ વ્યક્તિ પરત ભારત આવવાની શક્યતા ઓછી છે ત્યારે પોલીસ કે કોર્ટ જે તે વ્યક્તિને પાસપોર્ટ જમા કરાવવા કહી શકે છે.

## જુનાગઢ સિવિલ હોસ્પિટલના રેડિયોલોજી વિભાગની સુવિધામાં થશે વધારો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સરકારશ્રી દ્વારા એમઆરઆઈ મશીન મંજૂર કરવામાં આવેલ છે જે આ મશીનના ઇન્સ્ટોલેશન માટેની કામગીરીની શરૂઆત થઈ ગઈ છે ટૂંક સમયમાં જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે એમઆરઆઈ મશીન કાર્યરત થશે જેથી જુનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લાના જરૂરિયાતમંદ દર્દીઓને ઘણો ફાયદો થશે. વધુમાં જુનાગઢ સિવિલ હોસ્પિટલ માટે સરકારશ્રી દ્વારા ચાર નવા સોનોગ્રાફી મશીન મંજૂર કરવામાં આવેલ છે. આ મશીન પણ ટૂંક સમયમાં જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત કરવામાં આવશે જેનાથી દર્દીઓને સુવિધામાં તથા નિદાન ની પ્રક્રિયામાં ઘણો ફાયદો થશે. જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે નજીકના સમયમાં એક ડિજિટલ એક્સરે મશીન પણ મળશે જેથી દર્દીઓની સુવિધામાં વધારો થશે તેમ અધિક્ષકશ્રી, સિવિલ હોસ્પિટલ, જુનાગઢ એ એક યાદીમાં જણાવ્યું છે.આ તમામ અધ્યતન મશીન મળેથી રોગના નિદાનની પ્રક્રિયા વધુ સચોટ બનશે તથા દર્દીઓની વધુ અસરકારક અને ગુણવત્તા સભર સારવાર કરી શકાશે.

## શ્રી મહાત્મા ગાંધી જન્મજયંતી નિમિત્તે જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ચાલતી મટન શોપ અને ફિશ શોપ બંધ રાખવા આદેશ

નરેન્દ્ર દવે જૂનાગઢ | મહાનગરપાલિકા, જૂનાગઢ તેસંસ સદનની એક યાદીમાં જણાવ્યુ છે કે, જૂનાગઢ મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં ચાલતી મટનમાર્કેટ બંધ રાખવા આદેશ કરવામાં આવેલ છે. આગામી તા.૦૨/૧૦/૨૦૨૬ ને શુક્રવાર શ્રી મહાત્મા ગાંધી જન્મજયંતી નિમિત્તે માન.કમિશનરશ્રી દ્વારા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૪૬(૧)(ડી) હેઠળ સ્થાયી હુકમ કરવામાં આવેલ છે. જેથી આ દિવસે નોનવેજની દુકાનો, મટન માર્કેટ, ફિશ માર્કેટ, મીટ શોપ, પોલ્ટ્રી શોપ, ફિશ શોપ, લારીગલ્લાઓ ઉપર વેચવામાં આવતી નોનવેજ વસ્તુઓના વેચાણ ઉપરોક્ત તારીખનાં રોજ બંધ રાખવાનો આદેશ કરવામાં આવેલ છે. આ આદેશનું ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. અન્યથા મહાનગરપાલિકા દ્વારા આદેશના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જેની મીટશોપ ધારકોએ નોંધ લેવી.

## આર્ટ્સ કોલેજ લીમખેડામાં એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજિત અભિમુખતા અંગેનો કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા | લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટ્સ કોલેજ લીમખેડામાં આજ રોજ સંસ્થાના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રોફેસર જશવંતસિંહ યુ. નાયક સાહેબના અધ્યક્ષ સ્થાને એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજિત અભિમુખતા અંગેનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કોલેજના હિન્દી વિભાગના પ્રોફેસર ડૉ. જી. એમ. ચંદેલ સાહેબ મુખ્ય મહેમાન તથા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા કોલેજમાં આ વર્ષે એન.એસ.એસ. વિભાગમાં નવા જોડાયેલા વિદ્યાર્થીઓને એન.એસ.એસ.નું મહત્વ, ઉદ્દેશો, સમાજસેવાકીય પ્રવૃત્તિઓ, પ્રવૃત્તિઓ દ્વારા વ્યક્તિત્વ નિર્માણ કઈ રીતે થઈ શકે



તેની બાબતો પર વિશેષ પ્રકાશ પાડી વિદ્યાર્થીઓને ખૂબ સુંદર વ્યાખ્યાન આપી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ગુજરાતી વિભાગના પ્રોફેસર આર.ડી. ચૌધરી સાહેબ, ઇતિહાસ વિભાગના પ્રોફેસર ડૉ. બાબુભાઈ પરમાર સાહેબ તથા અંગ્રેજી વિભાગના પ્રોફેસર સજીતભાઈ ઉપાધ્યાય સાહેબ ઉપસ્થિત રહ્યા હતા તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યપાલઆચાર્ય દેવવ્રતે એકતાનગર સ્થિત બોન્સાઇ ગાર્ડનની મુલાકાત લીધી

રાજપીપલા| કેવડિયા ખાતે આયોજિત 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં સહભાગી થવા આવેલા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે એકતા નગર સ્થિત બોન્સાઇ ગાર્ડન ની મુલાકાત લીધી હતી.પ્રાપ્ત માહિતી મુજબ બોંસાઈ ગાર્ડન ની મુલાકાત દરમિયાન રાજ્યપાલે વામન વૃક્ષ વાટિકાના વિવિધ છ વિભાગોની મુલાકાત લઈને ભારતની પ્રાચીન વામન વૃક્ષ કળા અને તેની પરંપરા વિશે જાણકારી મેળવી હતી. રાજ્યપાલ ની મુલાકાત દરમિયાન વાટિકાના ગાઈડ રેશમા ઘોરીએ ભારતની પ્રાચીન વામન વૃક્ષ કળાના ઈતિહાસ અને તેના વિકાસ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વામન વૃક્ષની આ પ્રાચીન કળા ભારતમાંથી ચીન અને ત્યારબાદ જાપાન સુધી પહોંચી હતી, જ્યાં તે 'બોન્સાઈ' તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત બની. મુલાકાત દરમિયાન વામન વૃક્ષ વાટિકામાં ઉછેરવામાં આવેલા વિવિધ વૃક્ષો અને છોડની વિશેષતાઓ અંગે પણ



રાજ્યપાલને માહિતગાર કરવામાં આવ્યા હતા. ખાસ કરીને સમગ્ર વાટિકામાં આકર્ષણનું કેન્દ્ર બનેલા કૃષ્ણકમલ (Passion Flower) વિશે પણ તેમને રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.વામન વૃક્ષ વાટિકાના મહત્વપૂર્ણ વિભાગ 'મેક યોર ઓન બોન્સાઈ' ખાતે સ્થાનિક મહિલા સ્વસહાય જૂથનાં શારદાબેન તડવીએ રાજ્યપાલ સમક્ષ બોન્સાઈ બનાવવાની કળાનું જીવંત નિદર્શન કર્યું હતું. રાજ્યપાલે શારદાબેન તડવી પાસેથી બોન્સાઈના નિર્માણની વિવિધ પ્રક્રિયાઓ, વૃક્ષની પસંદગી, આકાર આપવાની પદ્ધતિ તેમજ તેની યોગ્ય જાળવણી અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી.વામન વૃક્ષ વાટિકાની મુલાકાત દરમિયાન રાજ્યપાલે ભારતની પ્રાચીન કળા, પ્રકૃતિ અને પરંપરાના સુંદર સમન્વયને નજીકથી નિહાળ્યો હતો.રાજ્યપાલ ની મુલાકત સમયે SOU ના નાયબ વન સંરક્ષક પ્રસાદ રવિ રાધાકૃષ્ણ,અધિક્ષક ઈજનેર અંકિત ગુપ્તા, કાર્યપાલક ઈજનેર આશિષ બહુગુણા ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લામાં બાળમજૂરી નાબૂદી અર્થે લુણાવાડા ખાતે ટાસ્ક ફોર્સ દ્વારા આકસ્મિક દરોડા: એક તરુણ શ્રમિક મુક્ત કરાયો, સંચાલકને નોટિસ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાંથી બાળમજૂરીની બદીને જડમૂળથી નાબૂદ કરવાના ઉમદા આશય સાથે જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા લુણાવાડા ખાતે સઘન તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઈ.ચા. સરકારી શ્રમ અધિકારીની સીધી રાહબરી હેઠળ ટાસ્ક ફોર્સની ટીમે ગત શનિવારના રોજ લુણાવાડા બસ સ્ટેશન સામે આવેલી 'બોમ્બે ચૌપાટી' નામક સંસ્થામાં આકસ્મિક દરોડો પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન સ્થળ પરથી ૧ (એક) તરુણ શ્રમિક કામ કરતો મળી આવ્યો હતો.બાળ અને તરુણ શ્રમયોગી (નિયમન અને નાબૂદી) અધિનિયમ-૧૯૮૬ની જોગવાઈઓ હેઠળ સંસ્થાના માલિક વિરુદ્ધ નિયમન ભંગ બદલ કાયદેસરની નોટિસ પાઠવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સંયુક્ત તપાસ અભિયાનમાં સરકારી શ્રમ અધિકારી-મહીસાગર, ગાયત્રી સેવા સંસ્થાનના પ્રતિનિધિઓ તેમજ ચાઈલ્ડ લાઈન-૧૦૯૮ની ટીમે સક્રિયપણે જોડાઈને સંકલિત કામગીરી પાર પાડી હતી.જિલ્લામાં બાળ અને તરુણ શ્રમિકોના શોષણને અટકાવવા તથા શ્રમ કાયદાઓનું ચુસ્ત પાલન કરાવવા માટે આગામી સમયમાં પણ વિવિધ વ્યાપારી એકમો અને સંસ્થાઓમાં આ પ્રકારની સઘન તપાસ અને દરોડાની કડક ઝુંબેશ સતત ચાલુ રહેશે, તેમ સરકારી શ્રમ અધિકારીશ્રીની કચેરી, મહીસાગર દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## વિરપુર, સંતરામપુર અને બાલાસિનોરમાં 'સેવા મારૂં યોગદાન' કાર્યક્રમ અંતર્ગત BLO તથા સુપરવાઈઝરોએ લીધા મતાધિકારના શપથ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નાગરિકોમાં રાષ્ટ્રભાવના અને સામાજિક પ્રતિબદ્ધતા વધુ સુદ્રઢ બને તેવા આશય સાથે 'સેવા મારૂં યોગદાન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે લોકશાહીના પાયા સમાન ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે જનજાગૃતિ કેળવવાના ઉદ્દેશથી મામલતદાર કચેરી-વિરપુર ખાતે તેમજ સંતરામપુર અને બાલાસિનોર તાલુકામાં વિશેષ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સંબંધિત વિસ્તારોના તમામ બૂથ લેવલ ઓફિસર્સ (BLO) તથા સુપરવાઈઝરશ્રીઓએ સક્રિયપણે ઉપસ્થિત રહીને મતદાન જાગૃતિ અંગે પ્રેરક



માર્ગદર્શન મેળવ્યું હતું. પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓ, સુપરવાઈઝર્સ અને BLO કર્મીઓને લોકશાહી પ્રક્રિયામાં નિષ્ઠાપૂર્વક ભાગીદારી સુનિશ્ચિત કરવા તથા નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી પોતાના મતાધિકારનો પવિત્ર ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવા બાબતે મતાધિકારના સામૂહિક શપથ લેવડાવવામાં આવ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા આ અભિયાન થકી છેવાડાના મતદાર સુધી જાગૃતિ પહોંચાડવા અને આગામી દિવસોમાં સો ટકા મતદાન માટે લોકોને પ્રોત્સાહિત કરવા સંકલ્પબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ લોકશાહી મૂલ્યોના સંવર્ધન સાથે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## લીમખેડામાં આઝાદીના 80 વર્ષેય સ્મશાન નસીબ નથી: હડફ નદીના પટમાં પથ્થરો વચ્ચે અગ્નિદાહ આપવા લાચાર બન્યા ગ્રામજનો, કાગળ પરના વિકાસ સામે પ્રચંડ જનઆક્રોશ



દિપક રાવલ દાહોદ લીમખેડા

એક તરફ ગુજરાત સરકાર રાજ્યના છેવાડાના ગામો સુધી પહોંચેલા સર્વાંગી વિકાસના દાવા કરી રહી છે, ત્યારે દાહોદ જિલ્લાના મુખ્ય તાલુકા મથક લીમખેડામાંથી તંત્રની પોલ ખોલતી અત્યંત શરમજનક અને સંવેદનહીન વાસ્તવિકતા સામે આવી છે. દેશની આઝાદીના 80 વર્ષ વીતી ગયા હોવા છતાં લીમખેડાના નાગરિકો માટે અંતિમ સંસ્કાર માટેનું એક સ્મશાન પણ સ્વપ્ન સમાન બની રહ્યું છે. તાલુકા મથક જેવા મહત્વના સ્થળે સ્મશાન જેવી પાયાની સુવિધા ન હોવાથી પ્રજાપતિ અને આદિવાસી સમાજ સહિત વિવિધ વર્ગના લોકોને સ્વજનના અવસાન બાદ હડફ નદીના પટમાં લાચારીભરી સ્થિતિમાં અગ્નિદાહ આપવો પડી રહ્યો છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, સ્મશાન ન હોવા ઉપરાંત નદીના પટ સુધી પહોંચવા માટે કોઈ પાકો રસ્તો કે કન્વર્સન પણ નથી. સ્વજન ગુમાવી ચૂકેલા શોકાતુર પરિવારોએ નદીના ધારદાર પથ્થરો અને ખાડાટેકરાવાળા જોખમી માર્ગ પરથી લાકડાં તથા મૃતદેહ ખભે ઊંચકીને પસાર થવું પડે છે. વાહનો નદીના પટ સુધી જઈ શકતા ન હોવાથી અંતિમ યાત્રામાં જોડાતા લોકો માટે આ સ્થિતિ અતિશય પીડાદાયક બની જાય છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં જ્યારે હડફ નદી બે કાંઠે વહેતી હોય ત્યારે નદીના પટમાં કોઈ ઓટલો કે શેડ ન હોવાથી લાકડાં પલળી જાય છે અને ધોધમાર વરસાદ વચ્ચે જીવના જોખમે અંતિમ સંસ્કાર પૂર્ણ કરવા પડે છે.લીમખેડાના જાગૃત નાગરિકોએ સ્થાનિક ગ્રામ પંચાયતથી માંડીને તાલુકા-જિલ્લા વહીવટી તંત્ર તેમજ સ્થાનિક ધારાસભ્ય અને સાંસદ સુધી અસંખ્ય વખત લેખિત રજૂઆતો અને આવેદનપત્રો પાઠવ્યા છે. તેમ છતાં આજદિન સુધી માત્ર ઠાલાં આશ્વાસનો સિવાય કોઈ નક્કર કામગીરી જમીન પર દેખાઈ નથી. ચૂંટણી ટાણે મોટા મોટા વાયદા કરીને મત અંકે કરી લેતા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પરિણામ બાદ આ ગંભીર મુદ્દે રહસ્યમય મૌન સેવી લેતા હોવાનો ભારે રોષ સ્થાનિકોમાં ભભૂકી રહ્યો છે.મૃત્યુ બાદ પણ સ્વજનને સન્માનપૂર્વક વિદાય ન આપી શકવાની આ વરવી વાસ્તવિકતાથી કંટાળેલા લીમખેડાના રહીશોમાં હવે ધીરજનો અંત આવ્યો છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય બજેટ ફાળવી સ્મશાન શેડ અને એપ્રોચ રોડનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સમગ્ર પંથકના લોકો રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન છેડશે. હવે જોવાનું એ રહે છે કે કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું વહીવટી તંત્ર ક્યારે જાગે છે અને પ્રજાને આ અમાનવીય યાતનામાંથી મુક્તિ અપાવે છે.

## લીમખેડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે "સેવા મેરા યોગદાન" અંતર્ગત હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

"સેવા મેરા યોગદાન" અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર, લીમખેડા ખાતે હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પનો શુભારંભ દાહોદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદય ટીલાવત દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમિયાન મહિલાઓ અને નાના બાળકો માટે વિશેષ આરોગ્ય તપાસ કરવામાં આવી તેમજ જરૂરી તબીબી સલાહ અને માર્ગદર્શન



આપવામાં આવ્યું .આ પ્રસંગે સામુહિક આરોગ્ય કેન્દ્ર લીમખેડાના અધિક્ષકશ્રી ડૉ. સી.એમ. મછાર સહિત અન્ય તબીબ અધિકારી અને આરોગ્ય કર્મચારીઓ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા કેમ્પમાં આવનાર લાભાર્થીઓને જરૂરી આરોગ્ય સેવાઓ સુલભ બને તે માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી."સેવા મેરા યોગદાન" અંતર્ગત યોજાયેલ આ હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પમાં જનરલ સર્જન તેમજ સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા સેવા આપવામાં આવી હતી જેમાં કુલ 163 જેટલા દર્દીઆપે કેમ્પ નો લાભ લીધો હતો.

## દાહોદ જિલ્લા કલેકટરસુશ્રી સુરભિ ગૌતમના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરસુશ્રી સુરભિ ગૌતમના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોએ વિવિધ સરકારી વિભાગોને લગતા પ્રશ્નો અને રજૂઆતો રજૂ કરી હતી. કાર્યક્રમ દરમિયાન અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ રજૂઆતો અને પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા માટે કલેક્ટરશ્રી દ્વારા માર્ગદર્શન સહિત સૂચના આપવામાં આવી હતી. જેમાં પ્રસુતિ સહાય યોજનાની પેન્ડિંગ અરજી, શિક્ષણ સહાય યોજનાની પડતર અરજી, પાણીના કનેક્શન બાબત, આર. ટી. આઈ. ને લગતા પ્રશ્નો, અટક માં સુધારો કરવા બાબત, કામોના બીલના ચૂકવણા બાબત, નવું પ્રોપર્ટીકાર્ડ, વિદ્યુત કનેકશન તેમજ પ્રાથમિક શાળાના નવીન બાંધકામ જેવી કુલ ૨૪ અરજીઓ આવેલ જેમાંથી કુલ ૧૫ અરજદારોએ



આ સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા.જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા અરજદારોની રજૂઆતોને ગંભીરતાપૂર્વક સાંભળી, સંબંધિત વિભાગોના અધિકારીઓને નિયમોનુસાર જરૂરી કાર્યવાહી કરવા તેમજ અરજદારોના પ્રશ્નોનો સમયમર્યાદામાં નિકાલ કરવા સૂચના આપવામાં આવી હતી.કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોની રજૂઆતોનું અસરકારક નિરાકરણ લાવી પારદર્શક, સંવેદનશીલ અને જવાબદાર વહીવટ સુનિશ્ચિત કરવાનો છે. જિલ્લા સ્વાગત કાર્યક્રમના માધ્યમથી નાગરિકોને તેમની સમસ્યાઓ રજૂ કરવા અને તેનું યોગ્ય નિરાકરણ મેળવવા માટે સીધું મંચ મળી રહે છે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે. એમ. રાવલ સાહિત નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હેતલ કટારા તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ તથા સંબંધિત અમલીકરણ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજપીપળા સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે ૧૧મા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ભવ્ય ઉજવણી



સુશીલ પવાર ડાંગ

નર્મદા જિલ્લા મથક રાજપીપલા માં આવેલ આયુર્વેદ હોસ્પિટલ ખાતે આયુર્વેદ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી . પ્રાપ્ત માહિતી મુજબ આયુર્વેદ દિવસ ની ઉજવણી ના આ કાર્યક્રમની શરૂઆત ભગવાન ધન્વંતરીની પૂજા તથા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલ પરિસરમાં ઔષધીય વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારી કિરણબેન તથા નર્મદા આચાર્ય સંઘના પ્રમુખ નિશારભાઈ વસાવા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત દાંત માટે નિ:શુલ્ક આયુર્વેદિક નિદાન અને સારવાર કેમ્પ, યોગ શિબિર તથા માર્ગદર્શન, ઔષધીય છોડ અને વૃક્ષોનું પ્રદર્શન, ઔષધીય રોપાનું વિતરણ તેમજ હર્બલ ટી અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત "આઈ સપોર્ટ આયુર્વેદ" અભિયાન અંતર્ગત ઉદ્ઘોષણા અને ફોટોગ્રાફ્સ લેવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં નિદાન સારવાર કેમ્પ, યોગ, ઔષધ પ્રદર્શન, ઔષધીય રોપા તથા હર્બલ ટી-ઉકાળાનો લાભ મોટી સંખ્યામાં લોકોએ લીધો હતો.

## વડોદરાની રાજમાતા તથા એમ.એસ.યુનિવર્સિટીનાં કુલાધિપતિના હસ્તે સાધ્વી યશોદા દીદીનું સન્માન

સુશીલ પવાર | ડાંગ

નારાયણી સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત 'પુણ્યશ્લોક અહલ્યાબાઈ પુરસ્કાર' સમારોહે સમાજમાં સેવા, સંસ્કાર અને સામાજિક સમરસતાનો સુંદર સંદેશ પ્રસરાવ્યો હતો.ડાંગ જિલ્લાનાં વનવાસી અંચલમાંથી આવેલી એક સામાન્ય દીકરીએ પોતાના જીવનને સંસ્કાર, શિક્ષણ, ગૌસેવા તેમજ હિન્દુ સંસ્કૃતિ અને સમાજસેવાના કાર્યો માટે સમર્પિત કરી વિશિષ્ટ સેવાકાર્ય કર્યું છે.આવી દીકરીનું સમાજ સમક્ષ સન્માન થવું માત્ર વ્યક્તિનું સન્માન નથી, પરંતુ સમગ્ર વનવાસી સમાજના ગૌરવની ક્ષણ છે.વડોદરા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ડાંગમાં વૈદેહી સંસ્કાર ધામની સાધ્વી યશોદા દીદી ને 'પુણ્યશ્લોક અહલ્યાબાઈ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ સન્માન વડોદરાની રાજમાતા તથા એમ.એસ. યુનિવર્સિટીના કુલાધિપતિના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.સાધ્વી યશોદા દીદીએ પોતાના જીવનમાં સેવા, સંસ્કાર અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓને કેન્દ્રસ્થાને રાખી સમાજ માટે વિવિધ કાર્યો કર્યા છે. ડાંગ જેવા વનવાસી વિસ્તારમાં રહીને સમાજના જરૂરિયાતમંદ અને વંચિત વર્ગ સુધી સેવા અને સંસ્કારનો સંદેશ પહોંચાડવાના તેમના પ્રયાસોને આ સન્માન દ્વારા બિરદાવવામાં આવ્યા છે.આ પ્રસંગે ઉપસ્થિત લોકો માટે સૌથી



ભાવુક ક્ષણ ત્યારે સર્જાઈ હતી, જ્યારે વનવાસી સમાજમાંથી આવેલી દીકરીને વડોદરાની રાજમાતાના હસ્તે સન્માનિત કરવામાં આવી. આ પુરસ્કાર માત્ર એક એવોર્ડ નહીં, પરંતુ સાધ્વી યશોદા દીદીના સંઘર્ષ, સેવા, સમર્પણ અને સંસ્કારને સમાજ તરફથી આપવામાં આવેલ આત્મીય સન્માન હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું.સમાજમાં પરિવર્તન માત્ર મોટા ભાષણોથી જ નહીં, પરંતુ સેવા અને સન્માનના નાના-નાના પ્રયાસોથી પણ આવે છે. જ્યારે શહેરી સમાજ વનવાસી સમાજની પ્રતિભા, સેવાભાવ અને યોગદાનને ઓળખી તેને સન્માન આપે છે ત્યારે સામાજિક સમરસતા અને આત્મીયતાની ભાવના વધુ મજબૂત બને છે.દેશના દરેક સમાજમાં વંચિત અને વનવાસી ભાઈ-બહેનો સુધી શિક્ષણ, સંસ્કાર, સન્માન અને સહયોગ પહોંચે તેવા પ્રયાસો કરવામાં આવે તો સામાજિક એકતા અને સમરસતાને વધુ વેગ મળી શકે છે. આવા પ્રયાસો સમાજના દરેક વર્ગને એકબીજાની નજીક લાવવાનું કાર્ય કરે છે.'પુણ્યશ્લોક અહલ્યાબાઈ પુરસ્કાર' જેવા પ્રેરણાદાયી કાર્યક્રમના આયોજન બદલ નારાયણી સેવા ટ્રસ્ટને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ સમાજના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગને સન્માન અને તક મળે તે માટે આવા સેવાકાર્યો સતત આગળ વધે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## કેશોદવાસીઓની લાંબા સમયની માંગણીને સફળતા, હરિદ્વાર ટ્રેનને કેશોદ સ્ટેશન પર સ્ટોપેજ મંજૂર

નરેન્દ્ર દવે જૂનાગઢ

વેરાવળ થી હરિદ્વાર જતી ટ્રેનને કેશોદ રેલવે સ્ટેશન પર સ્ટોપેજ આપવાની કેશોદવાસીઓની લાંબા સમયથી ચાલી રહેલી માંગણીને અંતે સફળતા મળી છે. રેલવે તંત્ર દ્વારા હરિદ્વાર જતી ટ્રેનને કેશોદ ખાતે સ્ટોપેજ આપવાની મંજૂરી આપવામાં આવતા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તાર ના મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે. કેશોદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી પ્રતિક્ષાબેન કેયુરભાઈ દેવળીયા દ્વારા આ મહત્વપૂર્ણ પ્રશ્ન અંગે વિશેષ રજૂઆત કરવામાં આવી હતી. કેશોદના મુસાફરોની સુવિધા અને લાંબા સમયથી





પડતર માંગણીને ધ્યાનમાં લઈને કરવામાં આવેલી રજૂઆતને પગલે રેલવે તંત્ર દ્વારા આ માંગણી સ્વીકારવામાં આવી છે. હરિદ્વાર ધાર્મિક યાત્રા માટે કેશોદ સહિત આસપાસ ના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને મુસાફરો જતા હોય છે. ટ્રેનને કેશોદ ખાતે સ્ટોપેજ મળવાથી હરિદ્વાર જવા-આવતા મુસાફરો માટે મુસાફરી વધુ સરળ અને સુવિધાજનક બનશે. આ નિર્ણય બદલ સાંસદ શ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાનો કેશોદવાસીઓ તરફથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમજ કેશોદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી પ્રતિક્ષાબેન કેયુરભાઈ દેવળીયાની રજૂઆતને સફળતા મળતા નગરજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

## 'સેવા સંકલ્પ અભિયાન' અતર્ગત સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કડાણા ખાતે'સેવા મારું યોગદાન' વિશેષ સ્વાસ્થ્ય શિબિર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સમગ્ર રાજ્યભરમાં એક માસ ચાલી રહેલ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના નેજા હેઠળ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કડાણા ખાતે "સેવા મારું યોગદાન" વિશેષ આરોગ્ય સેવા અભિયાન હેઠળ વિનામૂલ્યે 'હેલ્થ સ્ક્રીનીંગ તથા વુમન હેલ્થ ચેકઅપ કેમ્પ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આરોગ્ય જાગૃતિ અને સમયસર તપાસના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ઉપસ્થિત નાગરિકો તેમજ વિશેષ કરીને



મહિલાઓ માટે સર્વાંગી આરોગ્ય તપાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામાન્ય શારીરિક તપાસ,મહિલા આરોગ્ય તપાસ,બ્લડ પ્રેશર તપાસ, બ્લડ સુગર (ડાયાબિટીસ) તપાસ, હિમોગ્લોબિન તપાસ, કેન્સર સ્ક્રીનિંગ અંગે માર્ગદર્શન તેમજ મહિલાઓ માટે સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે વિશેષ તબીબી પરામર્શ અને જરૂરી દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી.આ પ્રસંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી સી. આર. પટેલિયા, આર.સી.એચ.ઓશ્રી એમ. સી. ઢાકા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, સ્થાનિક અગ્રણીઓ, સરપંચશ્રી તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને આરોગ્ય વિભાગના તબીબો, અધિકારી-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદના લીમડી ખાતે 'સેવા મેરા યોગદાન' અંતર્ગત હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

'સેવા મેરા યોગદાન' અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના ગુરુ ગોવિંદ લીમડી તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર, લીમડી ખાતે હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો શુભારંભ ગામના સરપંચશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.કેમ્પ દરમિયાન ઉપસ્થિત લાભાર્થીઓની વિવિધ તબીબી તપાસ કરવામાં આવી હતી તેમજ નિષ્ણાત તબીબો દ્વારા જરૂરી તબીબી સલાહ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા લાભાર્થીઓને જરૂરી આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.આ



હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પમાં ફિઝિશિયન દ્વારા 121 લાભાર્થીઓ, પ્રાઈવેટ સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ. યશ અગ્રવાલ દ્વારા 20 મહિલાઓ, પ્રાઈવેટ પીડિયાટ્રિશિયન ડૉ. મુનીયા દ્વારા 17 બાળકો તેમજ જનરલ સર્જન દ્વારા 12 લાભાર્થીઓની તપાસ અને સારવારલક્ષી સેવાઓ આપવામાં આવી હતી. આમ, કુલ 170 જેટલા લાભાર્થીઓએ નિષ્ણાત તબીબી સેવાઓનો લાભ લીધો હતો.આ પ્રસંગે સામુહિક આરોગ્ય કેન્દ્ર, લીમડીના અધિક્ષકશ્રી ડૉ. હિમાંશુ ગોટી સહિત તબીબો, અધિકારીઓ, આરોગ્ય કર્મચારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. 'સેવા મેરા યોગદાન' અંતર્ગત યોજાયેલ આ કેમ્પથી સ્થાનિક નાગરિકોને તેમના વિસ્તાર નજીક જ નિષ્ણાત તબીબી સેવાઓ અને આરોગ્ય માર્ગદર્શનનો લાભ મળ્યો હતો.

## મહાલમાં વરસાદી ધોવાણથી રસ્તાની સંરક્ષણ દીવાલમાં ગાબડું, અકસ્માતની સંભાવના

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાનાં ગાઢ જંગલ વિસ્તાર તરીકે જાણીતા મહાલ ગામમાં ચોમાસા દરમિયાન માર્ગોની જાળવણીના અભાવે ગ્રામજનોની મુશ્કેલીમાં વધારો થયો છે.મહાલ ગ્રામ પંચાયત કચેરીથી ઉપલા માર્ગોની યોગ્ય મરામત અને જાળવણીના અભાવે સ્થાનિક લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી છે.મહાલ ગ્રામ પંચાયત કચેરીથી ઉપલા ફળિયા તરફ જતા માર્ગની સાઈડમાં ચોમાસાના ભારે વરસાદથી ધોવાણ



ગ્રામ પંચાયત કચેરીથી ઉપલા ફળિયા તરફના માર્ગ પર અકસ્માતનો ભય, પૂર્ણા નદીમાં વાહન ખાબકવાની દહેશત

ફળિયાને જોડતા માર્ગ પર ભારે વરસાદના કારણે માર્ગની સાઈડમાં વ્યાપક ધોવાણ થતા સંરક્ષણ દીવાલમાં ગાબડું પડી ગયુ છે. જેના પગલે માર્ગ સાંકડો બનતા વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભુ થયુ છે. મહાલનો ઘટાદાર જંગલ વિસ્તાર પ્રકૃતિપ્રેમીઓમાં જાણીતો છે.અહી વન વિભાગનું રેસ્ટ હાઉસ તેમજ ઈકો કેમ્પ સાઈટ પણ આવેલી હોવાથી સમયાંતરે પ્રવાસીઓની અવરજવર રહે છે.બીજી તરફ ગામના આંતરિક થયું છે. ધોવાણના કારણે સંરક્ષણ દીવાલનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થઈ ગાબડું પડ્યુ છે.માર્ગની બાજુમાં જ ઊંડી જગ્યા સર્જાઈ હોવાથી ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકોને ગાબડાનો યોગ્ય અંદાજ ન આવે તો વાહન તેમાં ખાબકી જવાની ભીતિ છે.વધુ ગંભીર બાબત એ છે કે સંરક્ષણ દીવાલની નીચે પૂર્ણા નદીનો પ્રવાહ વહે છે. આવી સ્થિતિમાં કોઈ વાહનચાલકનું સંતુલન ખોરવાય અને વાહન માર્ગ પરથી નીચે ખાબકે તો મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી. ચોમાસામાં ધોવાણ વધુ વધે તો માર્ગની સ્થિતિ પણ વધુ જોખમી બની શકે છે.સંરક્ષણ દીવાલને અડીને થયેલા ધોવાણને કારણે માર્ગની પહોળાઈમાં પણ ઘટાડો થયો છે. સામેથી વાહન આવે ત્યારે વાહનચાલકોએ સાવચેતીપૂર્વક પસાર થવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે પૂરતી તકેદારી વિના વાહન ચલાવવું જોખમી બની શકે છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ ચોમાસા દરમિયાન માર્ગની બાજુનું ધોવાણ રોકવા અને સંરક્ષણ દીવાલની સમયસર મરામત કરવામાં આવે તો માર્ગને વધુ નુકસાન થતું અટકાવી શકાય તેમ છે.પરંતુ હાલ ગાબડું યથાવત રહેતા અકસ્માતની સંભાવના ઊભી થઈ છે.મહાલ જેવા અંતરિયાળ વિસ્તારમાં રસ્તાની સુરક્ષા સાથે ચેડા થાય તે ગંભીર બાબત છે.માર્ગની બાજુમાં સંરક્ષણ દીવાલ ક્ષતિગ્રસ્ત હોવા છતાં જો સમયસર સમારકામ નહીં થાય તો આગામી દિવસોમાં વરસાદને કારણે ધોવાણ વધુ વધી શકે છે. કોઈ અકસ્માત સર્જાયા બાદ દોડધામ કરવાને બદલે તંત્ર દ્વારા હાલ જ સ્થળનું નિરીક્ષણ કરી તાત્કાલિક રક્ષણાત્મક કામગીરી હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે. હાલમાં ગ્રામજનોની માંગ છે કે મહાલ ગ્રામ પંચાયત તથા સંબંધિત તંત્ર દ્વારા સ્થળની તાત્કાલિક મુલાકાત લઈ ધોવાણગ્રસ્ત માર્ગનું સમારકામ કરાવવામાં આવે,તથા સંરક્ષણ દીવાલનું ગાબડું પૂરવામાં આવે તેમજ જોખમી સ્થળે જરૂરી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે જરૂરી બન્યુ છે.

## ભુજની દીકરીનો ચંદીગઢમાં ડંકો

# ગોરજી પરિવારના પુત્રવધૂ ડૉ. દીપિકાબેન ગોરજીના 'એ ગર્લ્સ જર્ની' પુસ્તકનું ભવ્ય વિમોચન, કચ્છનું નામ રાષ્ટ્રીય સ્તરે ઝળહળ્યું

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છની ધરા એ હંમેશા રત્નો પેદા કર્યા છે, અને એ રત્નો દેશ-વિદેશમાં કચ્છનું નામ રોશન કરે છે. આવા જ એક ગૌરવવંતા સમાચાર ભુજના પ્રતિષ્ઠિત ગોરજી પરિવારમાંથી આવ્યા છે.મૂળ કચ્છ-ભુજના અને મુંદરા સ્થિત શ્રી ગોરજી દેરાસરના વડીલ એવા શ્રી તલકચંદભાઈના પુત્ર શ્રી મનસુખભાઈ અને તેમના સુપુત્ર, હાલ અમેરિકામાં પોતાની ઈન્ટરનેશનલ કંપની ધરાવતા શ્રી કેયુરભાઈ ગોરજીના ધર્મપત્ની અને રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) વિષયમાં Doctorate / Ph.D. ની ગૌરવવંતી પદવી ધરાવતા ડૉ. દીપિકાબેન કેયુરભાઈ ગોરજી ના પ્રથમ સંસ્મરણાત્મક પુસ્તક 'એ ગર્લ્સ જર્ની' નું ભવ્ય અને ગરિમામય વિમોચન તાજેતરમાં ચંદીગઢના સેક્ટર-૩૧ સ્થિત CII (કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી) ખાતે કરવામાં આવ્યું હતું.આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ CII ના ઈન્ડિયન વુમન નેટવર્ક (IWN) ની લોકપ્રિય પહેલ 'અનસ્પોકન' અંતર્ગત નોવેલ બંચના સહયોગથી યોજાયો હતો, જ્યાં સાહિત્ય અને સંવેદનાનો અદ્ભુત સંગમ જોવા મળ્યો હતો.આ પુસ્તક માત્ર પુસ્તક નથી, પણ એક દીકરીના હૃદયની વાત છે. ડૉ. દીપિકાબેને આ પુસ્તક પોતાના માતા-પિતાને સમર્પિત કર્યું છે. તેઓ પોતાના સ્વર્ગસ્થ પિતાજીની ખૂબ જ નજીક હતા અને તેમની યાદો તથા તેમની સાથે



જોડાયેલા અમૂલ્ય અનુભવોને જ તેમણે આ પુસ્તકનો આત્મા બનાવ્યો છે. સૌથી પ્રેરણાદાયી વાત એ છે કે ડૉ. દીપિકાબેને ૫૩ વર્ષની ઉંમરે લેખનયાત્રાનો પ્રારંભ કર્યો હતો. આ માટે તેમણે વિશ્વ વિખ્યાત સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી ઓનલાઈન ક્રિએટિવ રાઈટિંગમાં ડિપ્લોમા / સર્ટિફિકેટ પણ મેળવ્યું છે. પોતાના આ પુસ્તકમાં તેમણે અંગત અનુભવો, સંબંધો, પ્રેમ, વિખૂટા પડવું, નિરાશા અને આત્મચિંતનને ખૂબ જ સુંદર અને હૃદયસ્પર્શી રીતે વણી લીધા છે. વિમોચન પ્રસંગે ભાવુક થતાં ડૉ. દીપિકાબેને જણાવ્યું હતું કે, 'આ પુસ્તક લખવું મારા માટે ખૂબ જ અંગત અનુભવ રહ્યો છે. આણે મને એ લોકો, સંબંધો અને અનુભવોને ફરીથી મૂલવવાની તક આપી જેણે મારા જીવનને ઘડ્યું છે. આપણને ઘણીવાર એવું લાગે છે કે જીવનના મહત્વના પ્રકરણો પૂર્ણ થઈ ગયા છે, પરંતુ મારી આ યાત્રાએ શીખવ્યું કે કોઈપણ ઉંમરે જીવનનું નવું પ્રકરણ શરૂ કરી શકાય છે.'આ ગૌરવશાળી ક્ષણના સાક્ષી બન્યા હતા CII IWN ના ચેરપર્સન સાક્ષી કત્યાલ, કો-ચેરપર્સન ડૉ. લિપિ પાઠક અને નોવેલ બંચના કો-ફાઉન્ડર સુગુણા જૈન. આ ઉપરાંત લેફ્ટનન્ટ જનરલ 'ટાઈની' ઢિલ્લોં, વિવેક અત્રે અને હરદીપ ચાંદપુરીના વરદ હસ્તે પુસ્તકનું ઔપચારિક વિમોચન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મહિલાઓના અનુભવો, હોર્મોન્સ અને રોજિંદા જીવન પર તેની અસરો તથા સામાજિક વિષયો પર વિવિધ સત્રો અને ચર્ચાઓ પણ યોજાઈ હતી. ભુજની પીસીવી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલના પ્રિન્સીપાલ ડૉ. ચેતનભાઈ આઈ .બારમેડા દ્વારા એક અખબારી યાદીમાં આ પુસ્તક અંગે માહિતી આપવામાં આવી હતી.કચ્છ અને ભુજનું નામ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે રોશન કરવા બદલ ગોરજી પરિવાર અને ડૉ. દીપિકાબેન ગોરજીને ચારેય તરફથી અભિનંદન વર્ષા થઈ રહી છે.

## રાજુલા સેશન્સ કોર્ટ દ્વારા ખૂન કેસના બે આરોપીઓની જામીન અરજી મંજૂર



કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા વકીલ કે બી કામળીયા ની દલીલ સાંભળી રાજુલા સેશન્સ કોર્ટ દ્વારા રોહિત બટુકભાઈ મકવાણા કમલેશ ભુપતભાઈ મકવાણા આ બંને આરોપીઓની જામીન અરજી મંજૂર કરવામાં આવી.બંને આરોપીઓ સામે ખૂન તથા અપહરણના ગુનાના આરોપો સંદર્ભે કેસ ચાલી રહ્યો છે. આરોપીઓ તરફેથી રાજુલાના એડવોકેટ શ્રી કે. બી. કામળીયા દ્વારા રાજુલા સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરવામાં આવી હતી.નામદાર રાજુલા સેશન્સ કોર્ટ દ્વારા બંને આરોપીઓને જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો.

## સંખેડામાં નવરાત્રી મહોત્સવની તૈયારીઓ શરૂ



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડામાં નવરાત્રી મહોત્સવની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ડી.બી. પારેખ હાઈસ્કૂલના મેદાનમાં આદ્યશક્તિ ગ્રૂપના આગેવાનોએ બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે માં અંબાની ધજાનું ધ્વજારોપણ કર્યું હતું. આ શુભ મુહૂર્ત સાથે હવે યુવાનો ગરબાની તૈયારીઓમાં જોડાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ડી.બી. પારેખ ગ્રાઉન્ડ ખાતે આદ્યશક્તિ ગ્રૂપ દ્વારા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે ગામના બ્રાહ્મણ દ્વારા મુહૂર્ત પૂજન કરવામાં આવ્યું હતું. આ અવસરે નાગરિક બેંકના ચેરમેન સંજયભાઈ દેસાઈ, સરપંચ નીતિનભાઈ શાહ, ડેપ્યુટી સરપંચ હિતેશભાઈ વસાવા સહિતના આગેવાનો અને નાગરિકો હાજર રહ્યા હતા.આગેવાનોએ તમામ નાના-મોટા અને યુવા ખેલૈયાઓને માં અંબાના ચાચર ચોકમાં નવલી નોરતા રમવા આવવા આમંત્રણ આપ્યું હતું.

## લાખોદ-કંઢેરાઈમાં નેત્રસેવાનો ઉજાસ: 192ની ઓપીડી, 21 દર્દીઓના કરાશે ઓપરેશન

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

લાખોદ અને કંઢેરાઈ ગામ ખાતે આજ રોજ કેસીઆરસી અંધજન મંડળ તથા સુઝલોન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે નેત્ર તપાસ અને ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન બંને ગામમાંથી કુલ 192 લોકોની ઓપીડી કરવામાં આવી હતી, જ્યારે તપાસ બાદ 21 દર્દીઓને ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા હતા.પસંદ થયેલા આ 21 દર્દીઓના



ઓપરેશન ભુજ ખાતે કરવામાં આવશે. ઓપરેશન માટે પસંદ થયેલા દર્દીઓને આગળની સારવાર અને પ્રક્રિયા અંગે કેસીઆરસી અંધજન મંડળના કોર્ડિનેટર પચાણ ગઢવી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કેમ્પનો લાભ વધુમાં વધુ ગ્રામજનો લઈ શકે તે માટે ગઢવી પચાણ અને કાનજી મહેશ્વરી દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. બંને ગામના અનેક લોકોએ કેમ્પનો લાભ લઈ આંખોની તપાસ કરાવી હતી.આ સેવાકીય નેત્ર કેમ્પથી જરૂરિયાતમંદ ગ્રામજનોને આંખોની તપાસ તેમજ આગળની સારવારની સુવિધા મળી હતી.

# અંબાજી માર્ગો પર પદયાત્રી અને સંઘોનો ધમધમાટ

માહિતી બ્યુરો, પાલનપુર| શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમ મહામેળામાં લાખો માઈભક્તો માતાજીના દર્શનાર્થે ઉમટી રહ્યા છે. અંબાજી તરફ જતા માર્ગો પર વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઉભા



કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તોને ભોજન, નાસ્તો, ચા-કોફી, પીવાનું પાણી અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.આ સેવા કેમ્પોમાં "ખમણિયો કેમ્પ" વિશેષ ઓળખ ધરાવે છે. ખેડબ્રહ્માથી અંબાજી માર્ગ પર અમદાવાદના મણિનગરસ્થ જય અંબે મિત્ર મંડળ દ્વારા છેલ્લા 37 વર્ષથી આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. અહીં આવતા પદયાત્રીઓ અને સંઘોને ખમણ-કઢી ઉપરાંત ચા-કોફી તથા પ્રાથમિક સારવારની સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. આશરે 200 સેવાભાવી સભ્યો દ્વારા સંચાલિત આ કેમ્પમાં મેળાના છ દિવસ દરમિયાન 10 ટનથી વધુ ખમણનો પ્રસાદ ભક્તોને પીરસવામાં આવે છે. 24 કલાક ચાલતા આ કેમ્પમાં મહિલાઓ, યુવાનો અને વડીલો પણ ઉત્સાહપૂર્વક સેવા આપે છે.શ્રી દીપકભાઈ રાવલે જણાવ્યું હતું કે, "રાણપુર ખાતે વર્ષ 1989માં શરૂ કરાયેલ આ કેમ્પનું માતાજીની કૃપાથી 37મું વર્ષ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં લાખો ભક્તોની સેવા કરવાનો અવસર મળ્યો છે. નોમથી ચૌદશ સુધી આશરે અઢી લાખ ભક્તોને ખમણ, કઢી, ચા-કોફી અને મેડિકલ સારવાર સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ દરમિયાન આશરે 25 ક્વિન્ટલ એટલે કે 2,500 કિલો ખમણ તૈયાર કરવામાં આવે છે. પરિવારના આશરે 200 સભ્યો અને સેવાભાવી લોકો નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે. માતાજીની કૃપા રહેશે ત્યાં સુધી આ સેવા અવિરત ચાલુ રાખવાનો અમારો સંકલ્પ છે."કઠલાલથી આવેલા રાજુભાઈ શર્માએ જણાવ્યું હતું કે, "છેલ્લા 37 વર્ષથી ખમણિયા કેમ્પ દ્વારા શ્રદ્ધાળુઓ અને પદયાત્રીઓની નિઃસ્વાર્થ સેવા કરવામાં આવી રહી છે. કેમ્પની સેવા પ્રશંસનીય અને પ્રેરણાદાયક છે. અંબાજી નજીક આજે પણ આ સેવા અવિરત ચાલુ છે, જે અન્ય શ્રદ્ધાળુઓ અને સેવાભાવી લોકો માટે પ્રેરણારૂપ બની છે.ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન વિવિધ સેવાકીય કેમ્પો દ્વારા માઈભક્તોની સેવા કરવામાં આવી રહી છે. નિઃસ્વાર્થ સેવા અને ભક્તિભાવનું અનોખું ઉદાહરણ પૂરું પાડતા આ તમામ સેવાકીય કેમ્પોમાં "ખમણિયો કેમ્પ" પણ ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વર્ષોથી ચાલી આવતી સેવાયાત્રા થકી ખમણિયો કેમ્પ માઈભક્તોને પ્રેમપૂર્વક ખમણ સહિતની સેવા પૂરી પાડી રહ્યો છે.

# 'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026' ની 15મી આવૃત્તિ રિલીઝ થઈ

મુંબઈ | M3M ઈન્ડિયા અને હુરુન ઈન્ડિયાએ 'M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026'ની 15મી આવૃત્તિ બહાર પાડી છે. આ સૂચિમાં ભારતમાં જન્મેલા અથવા ઉછરેલા લોકોનો સમાવેશ થાય છે, જેમની પાસે 1,000 કરોડ રૂપિયા કે તેથી વધુની નેટવર્થ છે, ભલે તેઓ હાલમાં વિશ્વમાં ક્યાં રહે છે અથવા તેઓ કયા દેશની નાગરિકતા (પાસપોર્ટ) ધરાવે છે. સંપત્તિની ગણતરી 24 ઓગસ્ટ, 2026ના રોજ કરવામાં આવી છે, જ્યારે US$1 ની કિંમત 95.63 ભારતીય રૂપિયા હતી.M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026માં 163 શહેરોમાંથી 1,810 વ્યક્તિઓ છે (જેમાંથી 106 ભારતમાં છે), જે ગયા વર્ષની સરખામણીમાં 128નો વધારો છે. તેમની નેટવર્થ 12.8% વધીને રૂ. 187.5 લાખ કરોડ (US$1.96 ટ્રિલિયન) થઈ હતી, જ્યારે નિફ્ટી 50 એ જ સમયગાળા દરમિયાન 3.9% અને સેન્સેક્સ 5.8% ઘટ્યો હતો. ભારતમાં હવે રેકોર્ડ 391 ડોલર અબજોપતિ છે, જે ગયા વર્ષ કરતાં 27 વધુ છે. ગૌતમ અદાણી (64) અને તેમનો પરિવાર 9.23 લાખ કરોડની સંપત્તિ સાથે ફરીથી પ્રથમ સ્થાને આવી ગયો છે. મુકેશ અંબાણી (69) અને તેમનો પરિવાર રૂ. 8.63 લાખ કરોડ સાથે બીજા સ્થાને છે, જ્યારે એલએન મિત્તલ (76) અને તેમનો પરિવાર રૂ. 3.39 લાખ કરોડ સાથે આઠ સ્થાન ચઢીને ત્રીજા સ્થાને છે.ડૉ. પાયલ બંસલ કનોડિયા, પ્રમોટર, M3M ઈન્ડિયા અને ચેરપર્સન અને ટ્રસ્ટી, M3M ફાઉન્ડેશન, જણાવ્યું હતું કે, "M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ એ એક મુખ્ય અને મહત્વપૂર્ણ વાર્ષિક માધ્યમ બની ગયું છે જે ભારતમાં સંપત્તિનું સર્જન, એકત્રીકરણ અને નવા સ્વરૂપોમાં કેવી રીતે પ્રગટ થઈ રહ્યું છે તે કેપ્ચર કરે છે. M3M માટે હુરુન સાથેની અમારી ભાગીદારી માત્ર ભારતની યાદીમાં નામ ઉમેરવા વિશે નથી. 2026 M3M ઈન્ડિયા રિચ લિસ્ટમાં 1,810 લોકોમાંથી 70% લોકો તેમાં સામેલ થઈ રહ્યા છે અને તે દર્શાવે છે કે ભારતનું બિઝનેસ વાતાવરણ સતત વધી રહ્યું છે અને તેમાં પણ મહિલાઓની ભાગીદારી વધી રહી છે ક્ષેત્રો, શહેરો અને વ્યાપારી પ્રવાસો કે જેઓ આ વર્ષે આ યાદીમાં સ્થાન મેળવ્યું છે તે તમામ ઉદ્યોગપતિઓને અભિનંદન આપું છું કે ભારતીય ઉદ્યોગ કઈ દિશામાં આગળ વધી રહ્યો છે.

## સફાઈ યોદ્ધાઓનુ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ અધિક્ષકના હસ્તે સન્માન

માહિતી બ્યુરો, પાલનપુર | વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ચાલી રહેલા ભાદરવી પૂનમ મહામેળામાં લાખો માઈભક્તો માતાજીના દર્શન માટે ઉમટી રહ્યા છે. મેળા દરમિયાન સ્વચ્છતા જાળવવા સતત સેવા આપી રહેલા સફાઈ યોદ્ધાઓ તેમજ યાત્રિકોની સુરક્ષિત અવરજવર અને વ્યવસ્થામાં મહત્વપૂર્ણ કામગીરી કરી રહેલા વન વિભાગના કર્મચારીઓનું મા અંબેના ચાચર ચોક, અંબાજી ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવે અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુમ્બેના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.સન્માન સમારોહ દરમિયાન સફાઈ કર્મીઓ તથા વન વિભાગના કર્મચારીઓને માતાજીનો ખેસ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. મેળા દરમિયાન ફરજ પ્રત્યેની તેમની નિષ્ઠા, પરિશ્રમ અને અડગ સેવાભાવને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ચાચર ચોક ખાતે ડ્રોન મારફતે સફાઈ યોદ્ધાઓ ઉપર પુષ્પવર્ષા કરી તેમની સેવાભાવનાને અભિવાદન કરવામાં આવ્યું હતું.જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવેએ જણાવ્યું હતું કે, ભાદરવી પૂનમ મહામેળામાં લાખો માઈભક્તો અંબાજીની મુલાકાત લેતા હોય ત્યારે સ્વચ્છતાનું મહત્વ ખૂબ વધી જાય છે. આટલી મોટી સંખ્યામાં યાત્રિકોની અવરજવર વચ્ચે સ્વચ્છતા જાળવવી ખૂબ મોટી જવાબદારી છે. સફાઈ યોદ્ધાઓ દ્વારા અલગ-અલગ શિફ્ટમાં ૨૪ કલાક સતત ફરજ બજાવી જે કામગીરી કરવામાં આવી રહી છે તે ખરેખર પ્રશંસનીય છે.જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અંબાજીનો ભાદરવી પૂનમ મહામેળો સમર્પણ અને સેવાનો મેળો છે. કોઈ પદયાત્રા કરીને આવે છે, કોઈ સંઘ સાથે આવે છે, તો કોઈ સેવા કેમ્પ ચલાવી માઈભક્તોની સેવા કરે છે. એ જ રીતે સફાઈ યોદ્ધાઓ પણ પોતાના શ્રમ અને સેવાભાવને માતાજીના ચરણે અર્પણ કરી રહ્યા છે. તેમની નિઃસ્વાર્થ સેવા સમગ્ર મેળાની વ્યવસ્થાનો મહત્વપૂર્ણ હિસ્સો છે. આજે તેમના પ્રતિનિધિઓનું સન્માન કરીને વહીવટી તંત્ર વતી તેમની કામગીરીને બિરદાવવામાં આવે છે.જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુમ્બેએ જણાવ્યું હતું કે, "અંબાજી મહામેળામાં દર વર્ષે લાખો ભક્તો મા અંબાના દર્શન માટે આવે છે. આવા સમયે સ્વચ્છતા જાળવતા સફાઈ યોદ્ધાઓ સમાજ માટે આદરણીય સેવા આપી રહ્યા છે. માઈભક્તોની સુખાકારી માટે દિવસ-રાત પરિશ્રમ કરનારા આ યોદ્ધાઓ સૌ માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમના અવિરત પ્રયાસોથી ભક્તો સ્વચ્છ અને સુવ્યવસ્થિત વાતાવરણમાં નિરાંતે માતાજીના દર્શન કરી શકે છે. આ પ્રકારની નિઃસ્વાર્થ સેવા એ સાચી ભક્તિ સમાન છે. મહામેળા દરમિયાન સ્વચ્છતા અને વ્યવસ્થા જાળવવામાં સફાઈ યોદ્ધાઓ તથા વન વિભાગના કર્મચારીઓની કામગીરીને બિરદાવતા જિલ્લા વહીવટી તંત્ર અને દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટરથી ઘડાઈ રહી છે જામનગરની રાષ્ટ્રીય કક્ષાની રમતગમત પ્રતિભા

વિશાલ જે હરવરા જામનગર

જામનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓને પ્રોત્સાહન અને યોગ્ય તાલીમ મળી રહે તે માટે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ રમતોમાં તાલીમની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જેના પરિણામે જામનગરના યુવા ખેલાડીઓ રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં પોતાની પ્રતિભાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી જિલ્લાનું ગૌરવ વધારી રહ્યા છે. જામનગરના અજીતસિંહજી ક્રિકેટ પેવેલીયન ખાતે આવેલ ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટરમાં છેલ્લા ચાર વર્ષથી બાસ્કેટબોલની નિયમિત તાલીમ આપવામાં આવી રહી છે, જેના પરિણામે અનેક ખેલાડીઓએ આ રમતમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટર ખાતે છેલ્લા ૪ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં અંદાજે ૯૦૦ જેટલા ખેલાડીઓએ બાસ્કેટબોલની તાલીમ મેળવી છે. તાલીમ કેન્દ્ર દ્વારા ખેલાડીઓને રમતના મૂળભૂત કૌશલ્યો, શારીરિક તંદુરસ્તી, રમતની ટેકનિક, ટીમવર્ક તેમજ સ્પર્ધાત્મક રમતમાં જરૂરી વ્યૂહરચના અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. નિયમિત તાલીમ અને માર્ગદર્શનના પરિણામે અહીંથી તાલીમ મેળવીને અનેક ખેલાડીઓએ જિલ્લા તથા રાજ્ય કક્ષાએ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે.આ તાલીમ કેન્દ્રની સિદ્ધિઓમાં મહત્વપૂર્ણ બાબત એ છે કે, અત્યાર સુધીમાં ૨૫ જેટલા ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ બાસ્કેટબોલની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે, જ્યારે દર વર્ષે આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે. આ સિદ્ધિઓ દર્શાવે છે કે જામનગર જિલ્લામાં બાસ્કેટબોલ રમત પ્રત્યે વિદ્યાર્થીઓમાં વધતો રસ અને પ્રતિભાને યોગ્ય દિશા આપવાના પ્રયાસો સફળ થઈ રહ્યા છે.આ શ્રેણીમાં જામનગર જિલ્લાની ગૌરવપૂર્ણ સિદ્ધિ સામે આવી છે. આગામી ૨૬ સપ્ટેમ્બરના રોજ આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતે અન્ડર-૧૪ બાસ્કેટબોલની રાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા માટે ગુજરાતની અન્ડર-૧૪ ટીમમાં જામનગરના કુલ ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં બોયઝ કેટેગરીમાં જામનગરના હિમાલય વારોતરીયા તેમજ ગર્લ્સ કેટેગરીમાં આન્યા પાંડે અને ત્રિશા નિર્બાનનો સમાવેશ થાય છે. જામનગરના આ ત્રણ ખેલાડીઓ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. રાજ્યની ટીમમાં સ્થાન મેળવીને રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળવી એ ખેલાડીઓ માટે ગૌરવની બાબત છે. સાથે સાથે, આ સિદ્ધિ જામનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે આપવામાં આવી રહેલી તાલીમ અને માર્ગદર્શનની અસરકારકતાનું પણ પ્રતિબિંબ છે.ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટર ખાતે આપવામાં આવતી તાલીમથી વિદ્યાર્થીઓમાં માત્ર રમતગમતની કુશળતા જ નહીં, પરંતુ શિસ્ત, ટીમ ભાવના, આત્મવિશ્વાસ, પરિશ્રમ અને સતત પ્રગતિ કરવાની ભાવના પણ વિકસે છે. જામનગર જિલ્લાના ત્રણેય ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે થયેલી પસંદગીથી તેમના પરિવારજનો, કોચ, રમતગમત ક્ષેત્ર સાથે સંકળાયેલા ખેલાડીઓ તેમજ સમગ્ર જામનગર જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. જિલ્લા કલેકટરશ્રી પી.બી.પંડ્યાએ પણ આ ખેલાડીઓ સાથે મુલાકાત કરી આગામી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગુજરાતનું નામ રાષ્ટ્રીય કક્ષાએ વધુ ઉજ્જવળ બનાવે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટરમાંથી તાલીમ



મેળવીને રાષ્ટ્રીય કક્ષાએ પહોંચેલા આ ખેલાડીઓ અન્ય માટે પણ પ્રેરણારૂપ બની રહ્યા છે. ગુજરાતનું ગૌરવ વધે તે દિશામાં મહેનત કરી હું રાષ્ટ્રીય કક્ષાએ રમીશ: આન્યા પાંડે જામનગરની આન્યા પાંડે જણાવે છે કે, તેણીની ઉમર ૧૨ વર્ષ છે. છેલ્લા ૧ વર્ષથી તેણી ડીસ્ટ્રીકટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટર ખાતે બાસ્કેટબોલ રમે છે. પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાની અન્ડર-૧૪ બાસ્કેટ બોલમાં તેણી પસંદગી પામી છે. વિજયવાડા ખાતે યોજાઈ રહેલ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતની મહિલા ટીમના ૧૨ ખેલાડીઓ ત્યાં ૧૦ દિવસ માટે રહેશે. આન્યા કોચ નિશીત ઠાકર અને સુનીલ ઠાકર પાસેથી બાસ્કેટબોલ શીખી છે. તેણી સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવે છે કે, જામનગરમાં ૧૦ દિવસ સુધી બાસ્કેટબોલ ટીમ માટે કોચિંગ કેમ્પનું આયોજન કરાયું જેમાં સરકાર દ્વારા સારી સુવિધાઓ આપવામાં આવી હતી. રાષ્ટ્રીય કક્ષાએ રમવા જઈ રહેલી ટીમોની જિલ્લા કલેકટરશ્રી પી.બી. પંડ્યા દ્વારા પણ મુલાકાત લઈ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થઈને ગુજરાતનું ગૌરવ વધે તે દિશામાં મહેનત કરી હું આગળ રમીશ. તાલીમથી લઈને રહેવા જમવાની તમામ સુવિધાઓ આપવા બદલ સરકારનો આભાર : ત્રિશા નિર્બાન ત્રિશા નિર્બાન જણાવે છે કે, હું ધો.૭માં અભ્યાસ કરું છું. મારી ઉંમર ૧૩ વર્ષ છે. ગુજરાતની અન્ડર-૧૪ બાસ્કેટબોલમાં પસંદગી પામી છું. સુનીલ ઠાકર અને નિશીત ઠાકર મારા કોચ છે તેમની મદદથી બાસ્કેટબોલ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પ્રદર્શન કરવા હું મારી ટીમની ૧૧ ગર્લ્સ સાથે વિજયવાડા જઈ રહી છું. સરકાર દ્વારા તાલીમથી લઈને રહેવા જમવાની તમામ સુવિધાઓ આપવામાં આવી રહી છે. તે બદલ સરકારનો આભાર વ્યક્ત કરું છું.બે વખત બાસ્કેટબોલ ક્ષેત્રે નેશનલ લેવલે રમ્યા બાદ ત્રીજી વખત નેશનલ રમવા જઈ રહ્યો છું : હિમાલય વારોતરિયા હિમાલય વારોતરીયા જણાવે છે કે, હું ધો.૮માં અભ્યાસ કરું છું. બે વખત બાસ્કેટબોલ ક્ષેત્રે હું નેશનલ રમી ચુક્યો છું. અને હવે ત્રીજી વખત રમવા જઈ રહ્યો છું. આ અગાઉ હું ઉત્તરાખંડ અને જબલપુર ખાતે આયોજિત સ્પર્ધામાં ભાગ લઈ ચુક્યો છું, હવે વિજયવાડા રમવા જઈશ. અન્ડર ૧૪ બાસ્કેટબોલમાં સિલેક્ટ થયેલ ટીમોનો ટ્રેનીંગ કેમ્પ જામનગર ખાતે યોજવામાં આવ્યો હતો. અને કલેકટર પી.બી.પંડ્યાએ ટીમોની મુલાકાત લઈ શુભેચ્છાઓ પાઠવી હતી. તાજેતરમાં રાજ્ય કક્ષાએ રમ્યા બાદ મારી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી કરવામાં આવી છે.સ્પેશિયલ એરિયા ગેમ્સ અંતર્ગત ગ્રાઉન્ડ, હોસ્ટેલ તથા કેન્ટીન સહિતની સુવિધાઓ માટે પ્રિમાઈસીસ ઉપલબ્ધ કરાવવામાં આવતા ટ્રેનિંગ કેમ્પનું આયોજન સુચારૂ રીતે કરી શકાયું : કોચ નિશીત ઠાકરઆણંદ ખાતે યોજાયેલ અંડર-૧૪ બાસ્કેટબોલ સ્ટેટ ચેમ્પિયનશિપના અનુસંધાને ગુજરાત રાજ્યની ટીમની પસંદગી માટેના કેમ્પનું આયોજન જામનગર ખાતે કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના સહયોગથી જામનગરના ક્રિકેટ બંગલા સ્થિત બાસ્કેટબોલ ગ્રાઉન્ડ, ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટર ખાતે આ કેમ્પ યોજાયો હતો.ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટરના પે એન્ડ પ્લે સ્કીમના ટ્રેનરશ્રી નિશીત ઠાકરે જણાવ્યું હતું કે, સ્પેશિયલ એરિયા ગેમ્સ અંતર્ગત ગ્રાઉન્ડ, હોસ્ટેલ તથા કેન્ટીન સહિતની સુવિધાઓ માટે પ્રિમાઈસીસ ઉપલબ્ધ કરાવવામાં આવતા આ કેમ્પનું આયોજન સુચારૂ રીતે કરી શકાયું હતું. આ કેમ્પમાં ગર્લ્સ અને બોયઝ એમ કુલ ૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેમ્પમાં જામનગર ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટરના પાંચ ખેલાડીઓ સહભાગી થયા હતા તે પૈકી ત્રણ ખેલાડીઓની ગુજરાત રાજ્યની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. જામનગર જિલ્લો ક્રિકેટ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે, ત્યારે હવે બાસ્કેટબોલ ક્ષેત્રે પણ જિલ્લાના ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે.ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટર ખાતે છેલ્લા ચાર વર્ષથી કોચિંગ એકેડમીનું સંચાલન કરવામાં આવે છે, જ્યાં ડી.એસ.સી.સી. પે એન્ડ પ્લે સ્કીમ તથા જામનગર ડિસ્ટ્રિક્ટ બાસ્કેટબોલ એસોસિએશનના ખેલાડીઓ નિયમિત પ્રેક્ટિસ કરે છે. દર વર્ષે આ સેન્ટરમાંથી બે થી ત્રણ ખેલાડીઓ નેશનલ કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે.

# રામ નામ



- રુપાલી દવે

મંગલ ભવન અમંગલ હારી દ્રવહું સૂ,દશરથ અજીર બિહારી "રામ નામ" એ મંગલ નિધાન નું સ્મરણ છે રામ ના નામે પથરા તરે એ આમ જ થોડું કીધું છે. જ્યારે વાનર સેના અને રીંછ સેના,ભાઈ લક્ષ્મણ અને હનુમાનજી અને વિભીષણ સાથે ભગવાન રામચંદ્ર જી સમુદ્ર કિનારે આવ્યા ત્યારે સો યોજન ઘૂઘવતા સમુદ્ર ને લંકા સુધી પહોંચવાનો રસ્તો આપવા સમજાવ્યું.સમુદ્ર ને પોતે સો યોજન નો અફાટ ઘૂઘવતો દરિયો છે એનું અભિમાન વધારે હતું એટલે ભગવાન શ્રી રામ ની વાત સાંભળવા છતાંય અનુસરી નહી. જ્યારે ખુદ ને ભગવાન માનવાનું દુઃસાહસ પૃથ્વી ના સર્જન માં આવી જાય છે ત્યારે ખુદ નો વિનાશ એ ખુદ સર્જી નાખે છે. શેષ નાગ ના અવતાર લક્ષ્મણ જી ને સમુદ્ર ના અભિમાન અને વધારે પડતો ઘમંડ જોતા ગુસ્સો આવ્યો એણે ભગવાન રામ ને વિનંતી કરતા કહ્યું કે પ્રભુ,આપ આજ્ઞા આપો તો વિદ્રોહી સમુદ્ર ના ઘમંડ ને ચૂરચૂર કરી નાખું.ભગવાન શ્રી રામ એ લક્ષ્મણજી ને કહ્યું હતું કે ધીરજ ધરો સમય આવ્યે શસ્ત્ર નો પ્રયોગ કરવો પડશે તો કરશુ. સમુદ્ર એ ત્રણ દિવસ વીત્યા બાદ પણ રસ્તો ન આપ્યો ત્યારે ભગવાન શ્રી રામ એ ધનુષ ઉઠાવ્યું સુંદરકાંડ માં તુલસીદાસ જી લખે છે



કે

विनय न मानत जलधि जड गये तीन दिन बीती,
बोले राम सकोप तब भय बिनु होई न प्रीति।

ભગવાન શ્રી રામ એ સમુદ્ર ને સૂકવી નાખવા ભાથા માંથી અગ્નિ બાણ કાઢ્યું ને જેવું અભિમંત્રિત કરી ને પ્રત્યંચા પર ચડાવ્યું એ ભેગા સમુદ્ર વિવિધ ભેટ સોગાદો સાથે પ્રગટ થઈ ને ભય થી ધ્રુજતા ધ્રુજતા ભગવાન શ્રી રામ ના ચરણો માં પડી ને માફી માંગતા કહ્યું કે પ્રભુ,મારો અપરાધ માફ કરવા લાયક તો નથી છતાંય મારી પ્રાર્થના ને સાંભળી ને માફ કરવા લાયક લાગે તો માફ કરો.પ્રભુ ભલ કીન્હી મોહિ સિખ દીન્હી ।મરજાદા પુનિ તુમ્હરી કીન્હી ॥ઢોલ ગવાઁર શૂદ્ર પસુ નારી ।સકલ તારના કે અધિકારી ॥'મારા જેવા મૂઢ, ગવાર અને ઢોલ ની જેમ વિના કારણ ગુંજ્યા કરતા જીવો ની બુદ્ધિ આપ જ ઠેકાણે લાવી શકો છો. આપ સ્વયં ભગવાન છો જાણતા હોવા છતાંય આપ નો આદેશ અવગણ્યો.મારા પ્રભુ,સમુદ્ર નું પાણી સુકાઈ જશે તો મારા અંદર વસતા અસંખ્ય જળચર જીવો પણ વિના કારણ દંડિત થશે. આપ તો જાણો છો કે સમુદ્ર નો સ્વભાવ મર્યાદા જાળવવા નો છે એટલે તો કિનારા થી અમુક અંતર થી દૂર મોજા જતા નથી. જો હું મર્યાદા ભૂલી ને આપોઆપ રસ્તો આપી દઉં કે સુકાઈ જાવ તો સૃષ્ટી નો નિયમ તૂટી જશે.સમુદ્ર દેવ એ ભગવાન રામ ચંદ્ર જી ને લંકા સુધી પહોંચવા ના માર્ગ નો ઉપાય સૂચવતા કહ્યું કે પ્રભુ, નલ અને નીલ વાનરો ને ઋષિ નું વરદાન છે એના હાથે સમુદ્ર માં નાખેલ પથ્થરો તરશે. મારા આરાધ્ય નું રામ નામ અંકિત પથ્થરો થી બનેલ રામસેતુ ને હું સમુદ્ર પોતે મજબૂતી આપીશ.પૃથ્વી ના સમગ્ર કાળ ખંડ વીત્યા બાદ પણ "રામ સેતુ" ક્યારેય ડૂબશે જ નહીં. આજે પણ રામસેતુ ના અસ્તિત્વને ગુગલ મેપ પરથી જોઈ શકાય છે. તુલસી દાસ અતિ આનંદ દેખતે મુખારવિંદ, રઘુવર છબી કે સમાન રઘુવર છબી બનીયા.. જ્યારે તુલસીદાસ જી રામાયણ ગ્રંથ માં બાલચરિત માનસ માં ભગવાન શ્રી રામ ના પાત્ર નું વર્ણન વિચારી રહ્યા હતા ત્યારે ધ્યાનસ્થ અવસ્થા માં એને શ્રી રામ ના બાળ મુખારવિંદ માં શ્રી રામ ના દર્શન થતા એ અત્યંત ભાવુક બની ગયા હતા. એકવાર ઋષિ કાગભૂષંડિજી એ ભગવાન શ્રી રામ ની પરીક્ષા કરવા માટે કાગડા નું રૂપ ધારણ કરી ને અયોધ્યા ના મહેલ માં પ્રવેશ્યા. નાનકડા પગ માં ઝાંઝર પહેરીને હાથ માં રોટલી નો ટુકડો લઈને મહેલ ના આંગણા માં રમતા હતા.બાળ શ્રી રામ ના હાથ માંથી રોટલી નો ટુકડો ઝૂંટવી ને કાગભૂષંડીજી ઊંચે આકાશ માં ઊડવા લાગ્યા.જ્યારે તેમણે પાછળ ફરી ને જોયું કે એની આસપાસ બ્રહ્માંડ માં બધેય ભગવાન શ્રી રામ છે ત્યારે એનો મોહભંગ થતા સમજી ગયા કે રામ એ સાધારણ બાળક નથી પ્રત્યેક્ષ પૂર્ણ પરમાત્મા છે એણે એજ ક્ષણે રામનામ ની માળા ધારણ કરી લીધી હતી. તૃણ ધરી ઓટ કહેતી વૈદેહી, સુમરી અવધપતિ પરમ સનેહી.. અશોક વાટિકા માં ભયાનક રક્ષશીઓ વચ્ચે રાત દિવસ વિતાવતા માતા સીતા ના મુખ માંથી ક્ષણવાર પણ રામ સ્મરણ છૂટતું નહતું. કામી રાવણ એની પત્ની મંદોદરી સાથે નિત્ય સવારે આવી ને જાનકી જી ને સામ,દંડ અને ભેદભાવ થી ડરાવી ધમકાવી ને રામ નામ ત્યજી ને રાવણ ની ધર્મ પત્ની બનવા સમજાવતા કહેતા હતા કે જો સાત દિવસ માં મારી વાત ન માની તો પ્રાણ ગુમાવા પડશે અથવા તો બળજબરી થી મારી પત્ની બનવું પડશે. ત્યારે સીતાજી નું એક જ વાક્ય રહેતું હતું કે લંકાપતિ, મને રામનામ પર પૂરો વિશ્વાસ છે એટલે તારા મનનો મનસુબો મન માં જ રહેશે. તારા થી મોટા માં મોટી ભૂલ એ થઈ ગઇ છે કે તું રામ નામ ને જાણતો નથી એટલે રામ તત્વ શું? થી અજાણ છો. નતસિંહ મહેતા એના કાવ્ય માં કહે છે કે રામ સભા માં અમે રમવા ને ગ્યાતા,હે પસલી ભરી ને રસ પીધો રે,હરિ નો રસ પુરણ પાયો રે..
પહેલો પ્યાલો મારા ગુરુજી એ પાયો રે,બીજે પિયાલે રંગ ની હેલી રે..
સંત કે ગુરુ ના આશ્રય માં રહીને "રામ નામ" ધારણ કર્યા બાદ આ દુનિયા ના એવા એકપણ સંકટ નથી કે જે રામ નામ માત્ર થી ભાગી જાય.જ્યારે રામ ભક્ત હનુમાનજી ને સીતાજી એ સાચા મોતી ની માળા ભેટ સ્વરૂપે આપી ત્યારે હનુમાનજી એ મોતી ની માળા તોડી ને એક પછી એક મોતી ધ્યાન થી જોવા લાગ્યા. હનુમાન જી નું વિચિત્ર વર્તન જોતા સીતાજી બોલ્યા કે બેટા,તમે કિંમતી મોતી ની માળા તોડી નાખી એનો અર્થ એ થાય કે તમને મેં આપેલ ભેટ પસંદ પડી નથી. હનુમાનજી એ નમ્રતા પૂર્વક હાથ જોડી ને માફી માંગતા કહ્યું કે માતા, આપની ભેટ ખરેખર ખૂબ કિંમતી હતી પણ એ મારા લાયક નહતી. મારા પ્રભુ શ્રી રામ નું નામ મેં મોતીઓ માં ખૂબ શોધ્યું પણ મને મળ્યું નહી."રામનામ" જેવી અતિ મૂલ્યવાન કીમતી ભેટ મને અન્ય માં ક્યાંય દેખાતી નથી. સીતાજી ને પોતાની ભૂલ સમજાતા એણે હનુમાનજી ને વરદાન આપતા કહ્યું કે,w
અષ્ટ સિદ્ધિ નવનિધિ કે દાતા,અસબર દીન જાનકીમાતા,
રામ રસાયણ તુમ્હારે પાસા,સદા રહો રઘુપતિ કે દાસા,

# નેશનલ અવૉર્ડ લઈને કાર્તિક આર્યન લાલબાગચા રાજા પહોંચ્યો

## બાપ્પાના ચરણોમાં અવૉર્ડ રાખ્યો; ભાવુક થઈ કહ્યું- 'નાના શહેરના છોકરાનું સપનું પૂરું થયું'

(એજન્સી) મુંબઈ | તા.23

ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો છે. સમારોહ મંગળવારે ગુજરાતના એકતા નગરમાં યોજાયો હતો, જ્યાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કાર્તિકને પુરસ્કાર આપ્યો. આ કાર્તિકનો પહેલો રાષ્ટ્રીય પુરસ્કાર છે. અવોર્ડ જીત્યા બાદ કાર્તિક આર્યન લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચ્યો અને બાપ્પાના ચરણોમાં અવોર્ડ રાખીને આશીર્વાદ લીધા. આ પહેલા તેણે ભાવુક અંદાજમાં નાના શહેરમાંથી નીકળીને સપનાં પૂરાં કરવાની સફરને યાદ કરી.

કાર્તિકે રાષ્ટ્રીય પુરસ્કાર સમારોહની કેટલીક તસવીરો સાથે લખ્યું છે, 'ગ્વાલિયરના એ મમ્માઝ બોયને આજે પ્રેમથી હસતાં યાદ કરી રહ્યો છું, જેણે એવા વાતાવરણમાં અભિનેતા બનવાનું સપનું જોવાની હિંમત કરી, જ્યાં લોકો ઘણીવાર આવા સપનાઓ પર હસીને આગળ વધી જાય છે. આખરે એ ક્ષણ મારી આંખો સામે હતી, જેને મેં જીવી પણ અને અનુભવી પણ. આજે પણ ઉત્સાહ અને ગભરામણને કારણે વિશ્વાસ થઈ રહ્યો નથી.'

કાર્તિકે આગળ લખ્યું, 'એક નાના શહેરના છોકરાનું સપનું, દેશના દરેક એક્ટરનું સપનું, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં શ્રેષ્ઠ અભિનેતાનું સન્માન મેળવવાનું. 'હું ચંદુ નહીં, ચેમ્પિયન છું.' હું હંમેશાં કબીર સર અને સાજિદ સરનો આભારી રહીશ, જેમણે મારા પર વિશ્વાસ મૂક્યો અને મને ભારતના પ્રથમ પેરાલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ મુરલીકાંત પેટકર સરની ભૂમિકા મોટા પડદા પર ભજવવાની જવાબદારી સોંપી. આ સફર અત્યંત મુશ્કેલ અને પીડાદાયક રહી, પરંતુ તેનું પરિણામ રસ મલાઈની જેમ મીઠું છે. હું એકસાથે ખૂબ ભાવુક અને પોતાને અત્યંત ભાગ્યશાળી અનુભવી રહ્યો છું.'

'આ લાંબી સફરમાં મારો સૌથી મોટો સહારો રહ્યો છે- મારો પોતાના પરનો વિશ્વાસ, મારા માતા-પિતાના આશીર્વાદ, તેમનો બિનશરતી પ્રેમ અને સાથ, તેમજ દરેક પગલે મિત્રોનો ઉત્સાહ, ખાસ કરીને ત્યારે જ્યારે હું પોતે આશા ગુમાવવા લાગ્યો હતો. મારી સમગ્ર ટીમનો પણ આભાર, જે મારી પ્રોફેશનલ જિંદગીને સરળ બનાવવા માટે સતત મહેનત કરે છે. આ અશક્ય લાગતી સફરનો ભાગ બનનાર દરેક વ્યક્તિનો હું દિલથી આભાર માનું છું.'

અંતે કાર્તિક લખે છે, 'હું આ મારું સૌથી મોટું સન્માન દેશના દરેક પેરાલિમ્પિયન અને એ તમામ લોકો સાથે વહેંચવા માગું છું, જેઓ અશક્ય સપનાં જોવાની હિંમત કરે છે અને તેમને સાકાર કરવા માટે ક્યારેય હાર માનતા નથી. સન્માનિત જ્યુરી, માહિતી અને પ્રસારણ મંત્રાલય તથા માનનીય રાષ્ટ્રપતિજીનો આ ખાસ ક્ષણ માટે દિલથી આભાર. અંતે હું એટલું જ કહેવા માગું છું કે આ તો માત્ર શરૂઆત છે. આશા છે કે આવનારા સમયમાં આવા અનેક મુકામ હાંસલ કરીશ.'



### નેશનલ અવૉર્ડ સંબંધિત આ સમાચાર પણ વાંચો...

ગુજરાતમાં 72મો નેશનલ ફિલ્મ એવોર્ડ, કાર્તિક-યામી બેસ્ટ એક્ટર-એક્ટ્રેસ:KGF એક્ટર અનંત નાગને દાદાસાહેબ ફાળકે એનાયત, 'મારણ'ને બેસ્ટ ગુજરાતી ફિલ્મ એવોર્ડ

નર્મદાના કેવડિયા-એક્તાનગરમાં આજે 23 સપ્ટેમ્બરના 72મો નેશનલ ફિલ્મ એવોર્ડ યોજાયો હતો, જેમાં કાર્તિક આર્યનને 'ચંદુ ચેમ્પિનય' અને મમૂટીને 'બ્રહ્મયુગ' ફિલ્મ માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. ફિલ્મ 'આર્ટિકલ 370' માટે યામી ગૌતમને બેસ્ટ એક્ટ્રેસ એવોર્ડ અપાયો હતો.





# પત્નીને છોડી ગોવિંદાએ રૂમર્ડ ગર્લફ્રેન્ડ સાથે બાપ્પાના આશીર્વાદ લીધા

(એજન્સી) મુંબઈ | તા.23

ગોવિંદા મંગળવારે સાંજે રૂમર્ડ ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકાર સાથે મુંબઈના લાલબાગચા રાજા પહોંચ્યો. બંનેએ બાપ્પાનાં દર્શન કર્યા અને પૂજા-અર્ચના કરી. બંનેના અફેરની અફવાઓ ફરી તેજ થઈ ગઈ છે, કારણ કે ગોવિંદા અને રાનીના થોડા સમય પહેલાં જ સુનીતા આહુજા એકલી દર્શન કરવા પહોંચી હતી. જ્યારે ગયા વર્ષ સુધી ગોવિંદા-સુનીતા સાથે ગણેશોત્સવની ઉજવણી કરતા આવ્યા છે.

દર્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે. ગોવિંદા અને કોમલ રાનીએ પંડાલમાં પ્રસાદ ધરાવ્યો. બંનેએ પૂજા-અર્ચનામાં ભાગ લીધો. પૂજારીએ બંનેના કપાળ પર તિલક લગાવ્યું. દર્શન બાદ ગોવિંદાએ બહાર હાજર ચાહકો સામે હાથ હલાવીને મુલાકાત કરી.

ગોવિંદા અને રાની સ્વર્ણકરથી થોડા સમય પહેલાં જ સુનીતા આહૂજા પણ લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચી હતી. સુનીતા એકલી જ પોતાની સુરક્ષા ટીમ સાથે પહોંચી હતી.

'ગોવિંદા કોમલ સાથે બીજા લગ્ન કરવાનો હતો':છૂટાછેડાનો કેસ પાછો ખેંચવા પર સુનીતાનો ખુલાસો; રાખી સાવંતે કહ્યું- '200 કરોડ પર ધ્યાન આપો, બીજી લઈ જશે'

ગોવિંદા સાથેના ઝઘડા વચ્ચે પત્ની સુનીતાએ 19 ઓગસ્ટ 2026ના રોજ બાંદ્રા ફેમિલી કોર્ટ પહોંચીને છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે.

હવે સુનીતાના કહેવા મુજબ, ગોવિંદા ગર્લફ્રેન્ડ કોમલ સાથે બીજા લગ્ન કરવાનું પ્લાન કરી રહ્યો હતો, આ જ કારણ છે કે સુનીતાએ વિરોધ કરતા છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે

# ટૉરેન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં 'ધ કન્ફેશન ઑફ મેરી'નું સ્ક્રિનિંગ

## ટૉરેન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં 'ધ કન્ફેશન ઑફ મેરી'નું સ્ક્રિનિંગ:એક્ટર આદિલ હુસૈને કહ્યું, 'નાના પાટેકર સ્ક્રિપ્ટ વાંચતા જ પાત્રનો અર્ક પકડી લે છે'

મુંબઈ | આદિલ હુસૈનની ફિલ્મ 'ધ કન્ફેશન ઑફ મેરી'નું ટોરોન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શન થયું છે. ફિલ્મમાં નાના પાટેકર મહત્વપૂર્ણ ભૂમિકામાં છે. આ ફિલ્મ અંગે આદિલે દિવ્ય ભાસ્કર સાથે વાતચીત કરી. ફિલ્મને કોઈ એક વ્યક્તિ અથવા ઘટનાની સીધી વાર્તા તરીકે જોવું યોગ્ય નહીં હોય. ફિલ્મના સંદર્ભમાં કોઈ જૂની ઘટનાથી પ્રેરણા લેવામાં આવી હોવાની વાત અહેવાલોમાં કહેવામાં આવી હતી, પરંતુ તે ઘટનાની ચોક્કસ ઓળખ અંગે સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નહોતી. તેથી તેને કોઈ વાસ્તવિક વ્યક્તિનું સીધું ચિત્રણ માનવાને બદલે તેના વિષય અને નૈતિક દ્વંદ્વના સ્તરે જોવું વધુ યોગ્ય છે.



કથાનું મુખ્ય કેન્દ્ર એવા વ્યક્તિ પર છે, જે અત્યંત જવાબદારીવાળા પદ પર છે અને પરિસ્થિતિઓના દબાણ છતાં પોતાના સિદ્ધાંતો જાળવી રાખવાનો પ્રયાસ કરે છે. ફિલ્મ કોઈ એક ઘટનાનું પુનરાવર્તન કરવાને બદલે તેની સાથે જોડાયેલા માનવીય અને નૈતિક પ્રશ્નોને સિનેમેટિક અંદાજમાં રજૂ કરે છે.

કોઈ એક વાસ્તવિક વકીલની નકલ કરવાને બદલે મેં આ વાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું કે આ વ્યવસાયની કાર્યપ્રણાલી કેવી હોય છે? મારા માટે કોઈ પાત્રની વિશ્વસનીયતા તેના બાહ્ય હાવભાવ કરતાં તેની વિચારસરણી અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં વધુ હોય છે. જો પાત્ર વકીલનું હોય, તો તેની સામે આવતી પરિસ્થિતિઓને એ જ વ્યાવસાયિક દૃષ્ટિકોણથી સમજવી જરૂરી છે. તે કોઈ વ્યક્તિ વિશે પોતાની અંગત ધારણા બનાવવાને બદલે તેની બાજુને કાનૂની દૃષ્ટિકોણથી જોશે. તેથી મેં કોઈ ચોક્કસ વ્યક્તિની નકલ કરવાને બદલે વ્યવસાયની તકનીકી સમજને પ્રાથમિકતા આપી.

સમાનતા કદાચ આ સ્તરે છે કે બંને માટે પાત્રને સમજવું મહત્વપૂર્ણ છે, પરંતુ દરેક એક્ટરનો માર્ગ અલગ હોઈ શકે છે. રંગમંચની પૃષ્ઠભૂમિએ મને પણ એ શીખવ્યું છે કે પાત્રને માત્ર ઉપરછલ્લી રીતે ન જોવું જોઈએ, પરંતુ કોઈ કલાકારની પોતાની તૈયારી, અનુભવ અને અંદરની પ્રક્રિયા તેના એક્ટિંગને અલગ બનાવે છે.

નાના સાહેબની ખાસિયત એ લાગી કે તેઓ સ્ક્રિપ્ટ વાંચતાં વાંચતાં જ પાત્રની અંદર રહેલા કોઈ જરૂરી તત્વને પકડી લે છે. આ પ્રક્રિયાને બહારથી જોઈને સંપૂર્ણપણે સમજવી શક્ય નથી, કારણ કે એક્ટરની અંદર ચાલી રહેલી તૈયારી દેખાતી નથી. સ્વતંત્ર સિનેમા માટે ફેસ્ટિવલ સર્કિટ એક મહત્વપૂર્ણ માધ્યમ બની શકે છે, કારણ કે ત્યાં એવી ફિલ્મોને દર્શકો મળે છે.

# બાપ્પાના ચરણોમાં સંજય દત્ત-માન્યતા




(એજન્સી) મુંબઈ | તા.23 બોલીવુડ અભિનેતા સંજય દત્ત તેમની પત્ની માન્યતા દત્ત સાથે મુંબઈના પ્રખ્યાત 'લાલબાગચા રાજા'ના દરબારમાં બાપ્પાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. ગણેશોત્સવના પાવન અવસર પર બંનેએ ગણપતિ બાપ્પાની મૂર્તિ સામે શીશ નમાવ્યું હતું વિશેષ પૂજા-અર્ચના કરી હતી. વીડિયોમાં સંજય દત્ત કપાળ પર મોટું તિલક લગાવી, પારંપરિક અંદાજમાં જોવા મળી રહ્યા છે.

તેમની સાથે પત્ની માન્યતા દત્ત પણ હાથ જોડીને બાપ્પાની ભક્તિમાં લીન જોવા મળી હતી. બંનેએ પંડાલમાં હાજર પૂજારીઓ પાસેથી આશીર્વાદ લીધા હતા અને લાલબાગચા રાજાના ચરણોમાં પ્રાર્થના કરી હતી. આ દરમિયાન સંજય દત્તે પોતાના કપાળ પર તિલક કર્યા પછી ખુદ પત્ની માન્યતાના માથા પર પણ તિલક લગાવી માંગ ભરી

# સિદ્ધાર્થ, તમન્નાની ફિલ્મ ધી વનમાં મંજૂરી વિના ગીતની ચોરી



મુંબઇ : મુંબઈમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની ફિલ્મ 'વન-ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'ના ટ્રેલર ગીત પર વિવાદ થયો છે. સંગીતકાર સરગમ વૈશે દાવો કર્યો કે, તેમની મંજૂરી વિના 'અયિગિરી નંદિની' ગીતનો ઉપયોગ કરાયો છે, જેના પર તેઓ 3 વર્ષથી કામ કરી રહ્યા હતા. તેમણે ગીત તાત્કાલિક હટાવવા ચેતવણી આપી છે.સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ 'વન-ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'નું ટ્રેલર રિલિઝ થતાં જ તેમાં વપરાયેલાં ગીત વિશે વિવાદ ફાટી નીકળ્યો છે. સંગીતકાર સરગમ વૈશે રવિવારે એક પોસ્ટ મુકી જણાવ્યું હતું કે મારી મંજૂરી કે સંમતિ વિના જ આ ગીતને ટ્રેલરમાં બેકગ્રાઉન્ડમાં વાપરવામાં આવ્યું છે જેને તત્કાળ હટાવી લેવામાં આવે.આ પોસ્ટમાં સરગમે જણાવ્યું હતું કે હું આ ગીત અયિગિરી નંદિની પર ત્રણ વર્ષથી કામ કરી રહ્યો છું અને તે વાપરવા માટે મારી કોઇ મંજૂરી કે સંમતિ લેવામાં આવી નથી. મેં એક મ્યુઝિક લેબલ સાથે આ ગીત માટે કરાર કરેલાં હોઇ તેના ગેરકાયદે ઉપયોગથી મારા કરાર પર અસર પડે છે. સરગમના આક્ષેપોનો વન- ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ ફિલ્મમેકર્સ દ્વારા કોઇ પ્રતિભાવ આપવામાં આવ્યો નથી. સરગમે તેની પોસ્ટમાં ફિલ્મમેકર્સે કોઇ મંજૂરી કે લાયસન્સ લીધું હોય તો તેની માહિતી પુરી પાડવા પણ જણાવ્યું હતું.



# સલમાન ખાનના નિવેદન પર વિવેક ઓબેરોયની પ્રતિક્રિયા : કહ્યું- 'જીવનમાં કેટલા સકારાત્મક કામ છે, નેગેટિવ બાબતોમાં કેમ પડવું છે?'

(એજન્સી) મુંબઈ | તા.23

વર્ષોથી ચાલી રહેલા વિવાદ વચ્ચે વિવેક ઓબેરોયે એક નિવેદન અંગે સલમાન ખાનનું સમર્થન કર્યું છે. વિવેકે સોશિયલ મીડિયા ટ્રોલિંગને એક નેગેટિવ પ્રવૃત્તિ ગણાવી અને લોકોને તેનાથી દૂર રહેવાની અપીલ કરી. તેણે કહ્યું કે ટ્રોલિંગને બદલે લોકોએ પોઝિટિવ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

વાસ્તવમાં, 'બોલિવૂડ ક્રોનિકલ' સાથેની વાતચીત દરમિયાન વિવેક ઓબેરોયને પૂછવામાં આવ્યું કે, 'સલમાન ખાને ટ્રોલિંગને લઈને નિવેદન આપ્યું છે, આ અંગે તમારું શું કહેવું છે?' તેના જવાબમાં વિવેકે કહ્યું, 'મને લાગે છે કે ટ્રોલિંગ ન કરવું જોઈએ. ટ્રોલિંગ એક નેગેટિવ બાબત છે. જીવનમાં કરવા માટે આટલાં બધાં પોઝિટિવ કામો છે, તો પછી નેગેટિવ બાબતોમાં શા માટે પડ્યા છો?'

નોંધનીય વાત એ છે કે, સલમાન ખાન અને વિવેક ઓબેરોય વચ્ચેનો વિવાદ બોલિવૂડના સૌથી ચર્ચિત વિવાદોમાં ગણાય છે. બંને વચ્ચેના તણાવની શરૂઆત ઐશ્વર્યા રાય સાથેના સંબંધોને લઈને થઈ હતી. 2003માં વિવેક ઓબેરોયે એક પ્રેસ કોન્ફરન્સ કરીને સલમાન ખાન પર ફોન કરીને ધમકી આપવા અને હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો.

વિવેકના જણાવ્યા મુજબ, સલમાને તેને ઘણી વખત ફોન કર્યો હતો. આ પ્રેસ કોન્ફરન્સ બાદ વિવાદ ઘણો વધી ગયો અને વિવેકના જણાવ્યા મુજબ તેની ફિલ્મી કારકિર્દી પર પણ તેની અસર પડી. ત્યારપછીના વર્ષોમાં વિવેકે સલમાન પાસે માફી માંગવાનો પ્રયાસ કર્યો હતો.

સલમાન ખાને તાજેતરમાં ટીવી શો 'બિગ બોસ 20'માં સોશિયલ મીડિયા ટ્રોલિંગ, બોડી-શેમિંગ અને એજ-શેમિંગ પર નારાજગી વ્યક્ત કરી હતી.

તેણે કહ્યું હતું કે, સોશિયલ મીડિયા આજે ગેમિંગ, કન્ટેન્ટ ક્રિએશન અને વીડિયો એડિટિંગ જેવા ક્ષેત્રોમાં રોજગાર અને ઓળખનું માધ્યમ બની ગયું છે, પરંતુ તેનો એક નકારાત્મક પાસું ટ્રોલિંગ પણ છે.

સલમાને પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, કોઈ અન્ય વ્યક્તિનું અપમાન કરીને પૈસા કમાવાની જરૂર શા માટે પડે છે. તેણે કહ્યું કે લોકો સોશિયલ મીડિયા પર કોઈના શરીર, વજન, દેખાવ, પરિવાર, ઉંમર, સ્મિત, કારકિર્દી અથવા અંગત જીવનને લઈને વાંધાજનક ટિપ્પણીઓ કરે છે.

તેણે ટ્રોલર્સને પૂછ્યું હતું કે, જે વ્યક્તિને તેઓ ગાળો આપી રહ્યા છે, તે અંગત રીતે કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહી છે, તે તેઓ જાણતા નથી.

સલમાને એમ પણ કહ્યું હતું કે, ટ્રોલર્સે વિચારવું જોઈએ કે તેમના પોતાના પરિવારના કોઈ સભ્ય વિશે આવી ટિપ્પણી કરવામાં આવે તો તેમને કેવું લાગશે. તેણે જણાવ્યું હતું કે, તેને પણ સોશિયલ મીડિયા પર 'ઘરડો થઈ ગયો' જેવી ટિપ્પણીઓ સાંભળવા મળે છે. સલમાને કહ્યું કે, 60 વર્ષનું થવું સ્વાભાવિક છે. ત્યાર બાદ તેણે શોના મંચ પર પોતાની ટોપી, જૅકેટ અને ટી-શર્ટ ઉતારીને પોતાના એબ્સ બતાવ્યા હતા. જોકે, સલમાને કોઈનું નામ લીધું નથી, પરંતુ તેની આ ટિપ્પણીને પ્રેગ્નન્સી બાદ કેટરીના કૈફની સોશિયલ મીડિયા પર થયેલી બોડી-શેમિંગ સાથે જોડીને જોવામાં આવી રહી છે.

એક્ટ્રેસ ઋચા ચઢ્ઢાએ સલમાન ખાનના આ વલણની પ્રશંસા કરી છે. ન્યૂઝ18 સાથેની વાતચીતમાં ઋચાએ કહ્યું કે, તેને પહેલાં સલમાનના નિવેદન વિશે જાણકારી નહોતી, પરંતુ તેના વિશે જાણીને તેને સારું લાગ્યું. તેણે કહ્યું કે, આવી વાત કહેવી એક મોટી અને ઉદાર વિચારસરણી દર્શાવે છે અને લોકોએ ટ્રોલિંગ પર ધ્યાન આપવું જોઈએ નહીં. ઋચાએ તે પુરુષો પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, જેઓ મહિલાઓના શરીર અને તેમના દેખાવને લઈને વાંધાજનક ટિપ્પણીઓ કરે છે. તેણે કહ્યું કે, પુરુષો મહિલાઓ વિના અસ્તિત્વમાં રહી શકતા નથી, કારણ કે દરેક વ્યક્તિ માતાના ગર્ભમાંથી જન્મે છે.

તેના મતે, જો કોઈ માતાઓની મજાક ઉડાવે છે, તો તેની અસર ઊલટી પડી શકે છે.ઋચાએ એમ પણ કહ્યું કે, જે લોકો મહિલાઓના શરીર પર ટિપ્પણી કરે છે, તેઓ ઘણીવાર પોતાનાં શરીરને લઈને અસંતુષ્ટ હોય છે. તેણે મહિલાઓ પર સમાજ અને ફિલ્મ ઉદ્યોગ તરફથી ઊભા કરવામાં આવતા બોડી ઈમેજના દબાણ વિશે પણ વાત કરી છે. રિચાએ પોતે પણ પોસ્ટપાર્ટમ બોડી-શેમિંગનો સામનો કર્યો છે. તે 2024માં માતા બની હતી અને તે પહેલાં શરીરને લઈને સામાજિક દબાણ વિશે ખૂલીને વાત કરી ચૂકી છે. તેણે ઐશ્વર્યા રાય બચ્ચનના પોસ્ટપાર્ટમ વજનને લઈને થયેલી ટ્રોલિંગ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## શ્રીલંકાને હરાવી ભારતની ઐતિહાસિક જીત, સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્માનું શાનદાર પ્રદર્શન



(એજન્સી) અમદાવાદ । તા. 23

એશિયન ગેમ્સ ૨૦૨૬ના મહાકુંભમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પરાક્રમ દાખવતા શ્રીલંકા સામેની ફાઈનલ મેચમાં ૧૪૭ રનના તોફાની અંતરથી ભવ્ય વિજય મેળવીને દેશ માટે પહેલો સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે, જેમાં મંગળવારે નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલા આ મુકાબલામાં બેટિંગ અને બોલિંગ બંને ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન જોવા મળ્યું હતું અને સમગ્ર રાષ્ટ્રમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.

મેચની શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓનો આત્મવિશ્વાસ સાતમા આસમાને જોવા મળ્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે નિર્ધારિત ઓવરોમાં માત્ર ૩ વિકેટ ગુમાવીને ૨૧૬ રનનો વિશાળ પહાડ જેવો સ્કોર ખડો કર્યો હતો. ઓપનિંગ જોડીએ મેદાન પર ઉતરતાની સાથે જ વિરોધી બોલરો પર આક્રમણ શરૂ કરી દીધું હતું અને મેદાનના ચારેય ખૂણે શાનદાર શૉટ્સ ફટકાર્યા હતા.

ઈનિંગ્સ દરમિયાન સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ ધમાકેદાર બેટિંગ કરતા ૪૫ બોલમાં ૭ છગ્ગા અને ૫ ચોગ્ગાની મદદથી ૭૯ રનનું નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત, વિસ્ફોટક બેટ્સમેન રિચા ઘોષે માત્ર ૨૨ બોલમાં અણનમ ૪૯ રન ફટકાર્યા હતા, જેમાં ૬ ચોગ્ગા અને ૩ ગગનચુંબી છગ્ગા સામેલ હતા. બીજી તરફ, ઓપનર શેફાલી વર્માએ પણ ૨૯ બોલમાં ૪૮ રનની ઝડપી ઈનિંગ રમી હતી. સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે ૯૯ રનની મૂલ્યવાન ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે ટીમ મોટા સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી.

**સાતમા રાઉન્ડમાં રોમાંચક જંગ**

## ચેસ ઓલિમ્પિયાડમાં ભારત ઈંગ્લેન્ડ સામે ટકરાશે



(એજન્સી) સમરકંદ । તા. 23

ઉઝબેકિસ્તાનની મનોહર ધરતી પર ચાલી રહેલી ૪૬મી ફિડે ચેસ ઓલિમ્પિયાડ ૨૦૨૬ના સાતમા રાઉન્ડમાં આજે ભારતીય ખેલાડીઓ ઓપન વિભાગમાં ઈંગ્લેન્ડ સામે અને મહિલા વિભાગમાં જર્મની સામે જોરદાર ટક્કર આપવા માટે મેદાનમાં ઉતરી રહ્યા છે, જેમાં ગત રાઉન્ડમાં મળેલી નાની હારમાંથી શીખીને ભારતીય મહાન ખેલાડીઓ પ્રજ્ઞાનંદ, અર્જુન, નિહાલ અને ગુકેશ પોતાની બુદ્ધિમત્તા અને રણનીતિના જોરે વિજય મેળવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને સમગ્ર વિશ્વના ખેલપ્રેમીઓની નજર આ મહામુકાબલા પર કેન્દ્રિત થઈ ગઈ છે.

આ અખિલ વિશ્વ સ્પર્ધાની શરૂઆતથી જ ભારતીય દળે પોતાની પ્રતિભાનો પરચો આપીને વિરોધીઓને હંફાવી દીધા છે, પરંતુ અગાઉના છઠ્ઠા રાઉન્ડમાં યજમાન ઉઝબેકિસ્તાન સામેની રોમાંચક બાજીમાં ભારતને ૧.૫ વિરુદ્ધ ૨.૫ ના પાતળા અંતરથી પરાજયનો કડવો ઘૂંટ પીવો પડ્યો હતો, જેના કારણે ઓપન વિભાગમાં ટીમ દસ અંક સાથે હાલ સાતમા સ્થાન પર સરકી ગઈ છે, જ્યારે મહિલા વર્ગમાં યુએસએ સામે ૩-૧ થી શાનદાર વિજય મેળવીને દસ અંક પ્રાપ્ત કરી લીધા છે અને ત્રીજું સ્થાન મજબૂત બનાવ્યું છે.

ટૂર્નામેન્ટના આ નિર્ણાયક તબક્કે પહોંચતાની સાથે જ ખેલાડીઓ પર દબાણ અને ઉત્સાહ બંને સમાનરૂપે જોવા મળી રહ્યા છે, જ્યાં ઉઝબેકિસ્તાન સામેના મુકાબલામાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે ભારતીય સ્ટાર્સ પોતાની આગામી ચાલ પર ઊંડાણપૂર્વક મંથન કરી રહ્યા છે. બીજી બાજુ, મહિલાઓની સ્પર્ધામાં ચીન અને કઝાકિસ્તાન બાર અંક સાથે સંયુક્ત રીતે ટોચ પર બિરાજમાન છે, જ્યારે ભારતીય મહિલા ટીમ પણ પોતાના વિજયી અભિયાનને વેગ આપવા માટે જર્મની સામે જીત મેળવવા એડીચોટીનું જોર લગાવવા માટે મેદાન પર પરસેવો પાડી રહી છે.

**ભારત અને જાપાન વચ્ચે 75 વર્ષના કૂટનીતિક સંબંધોની ઉજવણીરૂપે રમાયેલી T20 મેચમાં ટીમ ઈન્ડિયાનો 2 રને રોમાંચક વિજય**

# અમ્પાયર સાથે શ્રેયસ અય્યરની ચકમક, જાપાન સામે માંડ માંડ જીતી ટીમ ઈન્ડિયા, મેચમાં હાઈવૉલ્ટેજ ડ્રામા

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ભારત અને જાપાન વચ્ચેની ઐતિહાસિક T20 મેચ અત્યંત રોમાંચક અને હાઈ-વોલ્ટેજ ડ્રામાથી ભરપૂર સાબિત થઈ છે. બંને દેશો વચ્ચેના ૭૫ વર્ષના કૂટનીતિક સંબંધોની ઉજવણી નિમિત્તે રમાયેલા આ મુકાબલામાં ટીમ ઈન્ડિયાએ માંડ માંડ ૨ રને રોમાંચક વિજય મેળવ્યો છે. આ મેચને રોમાંચક બનાવવામાં પીચના મિજાજથી લઈને ખેલાડીઓના પ્રદર્શન સુધી તમામ બાબતોનું યોગદાન રહ્યું, પરંતુ સૌથી મોટી ભૂમિકા જાપાનની ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં જોવા મળેલા હાઈ-વોલ્ટેજ ડ્રામાએ ભજવી હતી.

વરસાદના કારણે ૫ ઓવરની આ ટૂંકી કરવામાં આવેલી મેચમાં ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૫ ઓવરમાં ૪ વિકેટે



માત્ર ૩૨ રન જ બનાવ્યા હતા. સામાન્ય સ્કોરના જવાબમાં મેદાને ઉતરેલી જાપાનની ટીમે શાનદાર રમત દાખવીને ભારતને પરસેવો છોડાવી દીધો અને મુકાબલો છેલ્લી ઓવર સુધી પહોંચાડી દીધો. જાપાનને જીતવા માટે છેલ્લી ઓવરમાં થોડા જ રનની જરૂર હતી અને મેદાન પર ભારે તણાવ હતો, જ્યાં અક્ષર પટેલ બોલિંગ કરી રહ્યો હતો.

મેચની આ સૌથી તણાવપૂર્ણ ક્ષણ એટલે કે છેલ્લી ઓવર દરમિયાન અમ્પાયર ક્રિસ થર્ગેટે અક્ષર પટેલના એક બોલને વાઈડ જાહેર કરી દીધો. સતત વાઈડ બોલ પહેલેથી જ ટીમ ઈન્ડિયાની મુશ્કેલીઓ વધારી રહ્યા હતા, એવામાં આ નિર્ણયથી બોલર અક્ષર પટેલ ખૂબ જ નિરાશ થયો. વાત અહીં જ ન અટકતા ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે પોતાનો કાબુ ગુમાવ્યો અને આક્રમક અંદાજમાં તરત જ અમ્પાયર પાસે પહોંચીને પોતાની નારાજગી વ્યક્ત કરી. મેચના આ નાજુક વળાંક પર એક વધારાનો રન ભારતને ભારે પડી શકતો હતો.

કેપ્ટનના ગુસ્સા અને ખેલાડીઓના દબાણને જોતાં મેદાની અમ્પાયરો ક્રિસ થર્ગેટ અને ક્રિસ બ્રાઉને અંદરોઅંદર ચર્ચા કરી અને એક મોટો નાટકીય વળાંક આવ્યો. અમ્પાયરોએ પોતાનો નિર્ણય બદલીને તે બોલને માન્ય જાહેર કરી દીધો, જેનાથી મેચમાં જબરદસ્ત ટર્ આવ્યો. આ હાઈ વૉલ્ટેજ ડ્રામા પછી પણ ભારતીય ટીમે પોતાની માનસિક સ્થિતિ મજબૂત રાખી અને જાપાનને ૩૦/૩ રન પર રોકીને ૨ રનથી યાદગાર વિજય મેળવી લીધો.

સતત વાઈડ બોલ પહેલેથી જ ટીમ ઈન્ડિયાની મુશ્કેલીઓ વધારી રહ્યા હતા, એવામાં અમ્પાયરનો આ નિર્ણય જોઈને બોલર અક્ષર પટેલ ખૂબ જ નિરાશ થઈ ગયો.

# એશિયન ગેમ્સ સોફ્ટ ટેનિસમાં જય મીણાનો ઐતિહાસિક મેડલ

## જય મીણા સોફ્ટ ટેનિસ બ્રોન્ઝ વિજેતા, મીરાબાઈ ચાનુ વેઈટલિફ્ટિંગ સિલ્વર

(એજન્સી) નવી દિલ્હી । તા. 23



એશિયન ગેમ્સ ૨૦૨૬ના ચોથા દિવસે ભારતીય ખેલાડીઓએ વિવિધ સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન જારી રાખીને શૂટિંગ અને સોફ્ટ ટેનિસમાં વધુ પદકો પોતાના નામે કર્યા હતા, જેમાં મંગળવારે રમાયેલી રોમાંચક સ્પર્ધાઓ દરમિયાન દેશના ખેલાડીઓએ શાનદાર કૌશલ્ય દાખવીને કુલ મેડલની સંખ્યા અગિયાર પર પહોંચાડી દીધી છે અને સમગ્ર રાષ્ટ્રમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

આજના દિવસની શરૂઆતથી જ ભારતીય દળના ખેલાડીઓનો આત્મવિશ્વાસ ખૂબ જ ઊંચો રહ્યો હતો. વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓએ અગાઉના તમામ રેકોર્ડ તોડીને મેડલ ટેલીને મજબૂત બનાવવાનું કામ શરૂ કરી દીધું હતું. ખાસ કરીને શૂટિંગ અને વેઈટલિફ્ટિંગ તેમજ સોફ્ટ ટેનિસની રમતગમતમાં ભારતીય ખેલાડીઓએ પરાક્રમ દાખવીને વિદેશી ધરતી પર દેશનો પરચો બતાવ્યો હતો અને વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કર્યું હતું.

આજના દિવસનું સૌથી મોટું અને વિશેષ આકર્ષણ સોફ્ટ ટેનિસ રમત રહી હતી, જ્યાં ભારતના પ્રભાવી ખેલાડી જય મીણાએ સેમિફાઈનલ મુકાબલામાં જાપાનના ખેલાડી સામે સખત સંઘર્ષ કર્યો હતો અને અંતે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસના પાનાઓમાં પોતાનું નામ અમર કરી દીધું હતું. એશિયન ગેમ્સના ઈતિહાસમાં સોફ્ટ ટેનિસ રમતની અંદર ભારતનો આ સર્વપ્રથમ અને અત્યંત મૂલ્યવાન મેડલ છે, જેણે દેશની રમતગમત સફરમાં નવો અધ્યાય જોડ્યો છે. બીજી બાજુ, અનુભવી ખેલાડી મીરાબાઈ ચાનુએ વેઈટલિફ્ટિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા ગોલ્ડ મેડલ મેળવવાની તક ગુમાવી હતી પરંતુ અંતે શાનદાર રમત દાખવીને સિલ્વર મેડલ સાથે સંતોષ માન્યો હતો.

મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધી રમાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ભારતે કુલ અગિયાર મેડલ જીતી લીધા છે, જેમાં મહિલા ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટ અને વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર મેડલ, પુરુષ ૧૦ મીટર એર રાઈફલ ટીમ અને વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ, મહિલા ટ્રેડિશનલ સ્પર્ધામાં બ્રોન્ઝ, મહિલા ક્રિકેટ ટીમનો ગોલ્ડ મેડલ, સ્કીટ મહિલા અને પુરુષ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ તેમજ સોફ્ટ ટેનિસ અને વેઈટલિફ્ટિંગના પદકો સામેલ છે. આ તમામ વિજયી પ્રદર્શનથી દેશભરમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

આ ઐતિહાસિક સફળતા બાદ દેશભરમાંથી ખેલાડીઓ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે અને રમતગમતના નિષ્ણાતો દ્વારા આ પ્રદર્શનને ભવિષ્યની મોટી સફળતાઓ માટેની મજબૂત શરૂઆત ગણાવવામાં આવી રહી છે.

## એશિયન ગેમ્સ બેડમિન્ટન મેન્સ ટીમમાં ભારતનો બ્રોન્ઝ

### ભારતનો બ્રોન્ઝ, ચીન સામેની સેમિફાઈનલ હાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 23

એશિયન ગેમ્સ ૨૦૨૬ના મહાકુંભમાં ભારતીય પુરુષ બેડમિન્ટન ટીમે શાનદાર અને કાંટાની ટક્કર આપનારું પ્રદર્શન કરતા સેમિફાઈનલ મુકાબલામાં ચીન સામે સંઘર્ષપૂર્ણ હારનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે મંગળવારે જાપાનના ઈચિનોમિયા સિટી મ્યુનિસિપલ જીમનાસિયમ ખાતે રમાયેલી આ રોમાંચક સ્પર્ધામાં દેશ માટે વધુ એક મૂલ્યવાન કાંસ્ય ચંદ્રક નિશ્ચિત થઈ ગયો છે અને રમત જગતમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે.

સ્પર્ધાની શરૂઆતથી જ ભારતીય શટલર્સે પોતાની સર્વોત્તમ ખેલદિલી અને મજબૂત રમતનું પ્રદર્શન કરીને વિરોધી ખેલાડીઓને જોરદાર ટક્કર આપી હતી. ગત વખતની ચેમ્પિયન ટીમ સામે મેદાનમાં ઉતરેલી ભારતીય પુલની ટીમે શિસ્તબદ્ધ રમત દાખવીને સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી હતી અને સેમિફાઈનલ સુધીની સફર ખેડીને લાખો રમતપ્રેમીઓનું દિલ જીતી લીધું હતું.

મુકાબલા દરમિયાન ભારતીય સ્ટાર ખેલાડીઓ લક્ષ્ય સેન, આયુષ શેટ્ટી, એચ. એસ. પ્રણય, કિદાંબી શ્રીકાંત તેમજ સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પોતાની તાકાતનો પૂરેપૂરો પરચો આપ્યો હતો. જો કે, અત્યંત પ્રતિસ્પર્ધી અને રસાકસી ભરેલા મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીની ટીમ સામે થોડા ગુણોના તફાવતથી પરાજય સ્વીકારવો પડ્યો હતો, છતાં ખેલાડીઓની લડાયક વૃત્તિ અને અદ્ભુત કૌશલ્યએ સ્ટેડિયમમાં બેઠેલા દર્શકોના મન મોહી લીધા હતા અને સેમિફાઈનલની આ સફર ઐતિહાસિક બની રહી હતી.

આ મેચમાં હાર મળવા છતાં ભારતીય ટીમે પદક મેળવવામાં મોટી સફળતા મેળવી છે અને એશિયન ગેમ્સના ઈતિહાસમાં સતત ઉત્કૃષ્ટ દેખાવ કરવાની પોતાની પરંપરાને જાળવી રાખી છે. ડબલ્સ મુકાબલામાં સાત્વિક અને ચિરાગની જોડીએ શાનદાર વિજય મેળવીને મેચમાં રોમાંચ પેદા કર્યો હતો, જ્યારે સિંગલ્સના ખેલાડીઓએ પણ અંતિમ ક્ષણ સુધી હાર ન માનવાની જીજીવિષા બતાવીને ઉત્તમ રમતનું પ્રદર્શન કર્યું હતું.

**ઈરાન અને બાંગ્લાદેશ સામે ભવ્ય જીત** **મહિલા અને પુરુષ ટીમોનું અજેય અભિયાન**

# એશિયન ગેમ્સમાં ભારતીય કબડ્ડી ટીમોનો વિજય

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

એશિયન ગેમ્સ ૨૦૨૬ના મહાકુંભમાં ભારતીય કબડ્ડી ટીમોએ પોતાના શાનદાર પ્રદર્શનની ધાક બેસાડતા બુધવારે રમાયેલા રોમાંચક ગ્રૂપ-સ્ટેજ મુકાબલાઓમાં મહિલા ટીમે ઈરાનને અને પુરુષ ટીમે બાંગ્લાદેશને ધૂળ ચટાડીને ટૂર્નામેન્ટમાં પોતાનું અજેય અભિયાન સફળતાપૂર્વક જાળવી રાખ્યું છે અને સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે.

સ્પર્ધાની શરૂઆતથી જ ભારતીય કબડ્ડી ખેલાડીઓએ મેદાન પર અદભુત ફિટનેસ, ચપળતા અને રણનીતિનો પરિચય આપીને વિરોધી ટીમોના હોશ ઉડાડી દીધા છે. મહિલા વર્ગમાં અગાઉની હારનો બદલો લેવાના નિર્ધાર સાથે મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમે શરૂઆતની મુશ્કેલીઓમાંથી બહાર આવીને શાનદાર પુનરાગમન કર્યું હતું, જ્યારે પુરૂષ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમે પણ પ્રથમ મિનિટથી જ એકછત્ર શાસન જમાવીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી હતી.



મુકાબલા દરમિયાન મહિલા કબડ્ડી ટીમનો મુકાબલો પરંપરાગત પ્રતિસ્પર્ધી ઈરાન સામે ખૂબ જ કાંટાની ટક્કરવાળો રહ્યો હતો, જ્યાં પ્રથમાર્ધમાં ઈરાને પકડ બનાવી હતી પરંતુ પૂજા અને સોનાલી સિંહાતેના શાનદાર દાવ તથા અંતિમ ક્ષણોમાં નિકિતાના સફળ રેડ્સના સહારે ભારતે ૩૭-૨૩ના સ્કોરથી ભવ્ય વિજય મેળવ્યો હતો. બીજી તરફ, પુરૂષ વિભાગમાં અયાન લોચબ, આશુ મલિક અને દેવાંક દલાલની આગેવાનીમાં ભારતીય ટીમે બાંગ્લાદેશ સામે આક્રમક રમત રમીને ૪૮-૨૫ના મોટા અંતરથી જીત મેળવી હતી અને મેચ દરમિયાન બે શાનદાર ઓલ-આઉટ આપ્યા હતા.

આ શાનદાર જીત બાદ ઉત્સાહિત બનેલી ભારતીય મહિલા ટીમ હવે ગુરુવારે ૨૪ સપ્ટેમ્બરે જાપાન સામે ટકરાશે, જ્યારે પુરૂષ ટીમ તે જ દિવસે ચાઈનીઝ તાઈપેઈ સામે પોતાનું આગામી મહત્વપૂર્ણ અભિયાન ખેડશે.

**એશિયન ગેમ્સમાં યુ ઝિડીએ રચ્યો નવો રેકોર્ડ**

## યુ ઝિડીનો ગોલ્ડન હેકિ વિજય, રેકોર્ડબ્રેક પ્રદર્શનથી ઈતિહાસ રચ્યો

(એજન્સી) ટોક્યો । તા. 23

એશિયન ગેમ્સ ૨૦૨૬ના મહાકુંભમાં ચીનની તેર વર્ષીય સ્વિમિંગ સનસનાટી યુ ઝિડીએ અદ્ભુત અને અકલ્પનીય પ્રદર્શન કરતા બુધવારે



ટોક્યો ખાતે રમાયેલી ૪૦૦ મીટર વ્યક્તિગત મેડલે સ્પર્ધામાં ગેમ્સ-રેકોર્ડ સાથે ભવ્ય વિજય મેળવીને પોતાની સોનાની હેટ્રિક પૂરી કરી લીધી છે અને સમગ્ર વિશ્વના ખેલ જગતમાં ભારે ચર્ચા જગાવી છે. સ્પર્ધાની શરૂઆતથી જ આ યુવા ખેલાડીએ પોતાની ધારદાર શૈલીથી પૂલ પર એકછત્ર શાસન જમાવી દીધું હતું. અગાઉ ૨૦૦ મીટર બટરફ્લાય અને ૨૦૦ મીટર વ્યક્તિગત મેડલે સ્પર્ધાઓમાં પણ ગોલ્ડ જીતી ચૂકેલી આ તેર વર્ષીય પ્રતિભાએ આજે પોતાની અંતિમ વ્યક્તિગત સ્પર્ધામાં પણ શાનદાર દેખાવ કરીને ત્રણેય ગોલ્ડ મેડલ પર કબજો જમાવી લીધો છે અને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી છે.

મુકાબલા દરમિયાન યુ ઝિડીએ ૪ મિનિટ ૨૮.૫૬ સેકન્ડનો સમય નોંધીને ૨૦૧૪માં બનેલો જૂનો રેકોર્ડ લગભગ પાંચ સેકન્ડના મોટા માર્જીનથી તોડી નાખ્યો હતો. તેણે શરૂઆતની જ ક્ષણથી રેસમાં મજબૂત પકડ જમાવી હતી અને અંત સુધી કોઈને નજીક ફરકવા દીધા નહોતા. રમતગમતના મીડિયા અહેવાલ મુજબ, આ પ્રદર્શન આ વર્ષે વિશ્વભરમાં ચોથું સૌથી ઝડપી પ્રદર્શન રહ્યું છે, જેના કારણે આ યુવા સ્વિમરને આગામી ઓલિમ્પિક માટે અત્યારથી જ એક મજબૂત દાવેદાર તરીકે જોવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવી ચૂકેલી આ યુવા ખેલાડીની સફર અત્યંત પ્રેરણાદાયી રહી છે. વોટર પાર્કમાંથી કોચની નજરે ચડેલી આ ખેલાડીએ આજે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા દિગ્ગજોને હરાવીને સોનાની હેટ્રિક મેળવી છે. ટોક્યોમાં રમાયેલી આ ફાઈનલ રેસમાં તેણે રજત ચંદ્રક વિજેતા કરતા લગભગ ચાર સેકન્ડ અગાઉ રહીને પોતાની સર્વોચ્ચ પ્રતિભાનો પરચો આપ્યો છે અને ભવિષ્ય માટે નવી આશાઓ જગાવી છે.

**મહાકુંભ** // **થાઈલેન્ડ સામે ભારતની ભવ્ય જીત, દીપિકાએ ફટકાર્યા શાનદાર નવ ગોલ**

# એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા હોકી ટીમનો ધમાકેદાર વિજય

(એજન્સી) ગિફુ । તા. 23

એશિયન ગેમ્સ ૨૦૨૬ના મહાકુંભમાં ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું અત્યંત આક્રમક અને વિજયી અભિયાન જારી રાખતા બુધવારે ગિફુ પ્રિફેક્ચરલ ગ્રીન સ્ટેડિયમ ખાતે રમાયેલા પુલ બીના મુકાબલામાં થાઈલેન્ડ સામે ૨૦-૧ ના વિશાળ ગોલ માર્જીનથી ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે, જેનાથી સમગ્ર દેશના રમતપ્રેમીઓમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે અને ટીમનું મનોબળ સાતમા આસમાને પહોંચી ગયું છે.

ટૂર્નામેન્ટની શરૂઆતથી જ ભારતીય મહિલા હોકી ખેલાડીઓએ મેદાન પર અદભુત તાલમેલ અને કૌશલ્ય બતાવીને વિરોધી ટીમોને પાણીચું આપી દીધું છે. અગાઉ ઉઝબેકિસ્તાન અને ઈન્ડોનેશિયા સામે પણ ભારતીય ટીમે ધમાકેદાર વિજયો નોંધાવ્યા હતા, અને થાઈલેન્ડ સામેની આ મેચમાં પણ શરૂઆતની જ મિનિટોથી પોતાના મજબૂત હોકી કૌશલ્યનો પરચો આપીને પૂલ બીના શિખર પર પોતાની પકડ અત્યંત



મજબૂત કરી લીધી છે.

મુકાબલા દરમિયાન સ્ટાર ડ્રેગ-ફ્લિકર અને ફોરવર્ડ ખેલાડી દીપિકાએ અદ્ભુત પ્રદર્શન કરતા એકલા હાથે નવ ગોલ ફટકાર્યા હતા, અને આ તમામ નવ ગોલ શાનદાર પેનલ્ટી કોર્નરના માધ્યમથી આવ્યા હતા. આ ઉપરાંત નવનીત કૌરે ચાર ગોલ નોંધાવ્યા હતા, રુતુજા પીસલે શાનદાર હેટ્રિક પૂરી કરી હતી, જ્યારે નેહા, લાલરેમસિયામી, સાક્ષી રાણા અને કેપ્ટન સલિમા ટેટેએ પણ શાનદાર ગોલ કરીને સ્કોરબોર્ડમાં મોટું યોગદાન આપ્યું હતું. થાઈલેન્ડની ટીમ સામે ભારતીય ખેલાડીઓ સમગ્ર મેચ દરમિયાન હાવી રહ્યા હતા અને મેદાનના દરેક ખૂણેથી આક્રમક રમત દાખવીને વિરોધી રક્ષણ પંક્તિને સંપૂર્ણપણે ધ્વસ્ત કરી નાખી હતી.

મીડિયા અહેવાલ મુજબ, આ શાનદાર જીત બાદ સ્જોર્ડ મરિજનેના માર્ગદર્શન હેઠળ રમી રહેલી ભારતીય ટીમ પૂલ બીમાં મોખરે બિરાજમાન છે અને આગામી શુક્રવારે જાપાન સામે રમાનારી અત્યંત મહત્ત્વપૂર્ણ મેચ માટે સંપૂર્ણપણે સજ્જ થઈ રહી છે. ગત વર્ષે કાંસ્ય ચંદ્રક જીતનારી ભારતીય ટીમ આ વખતે વર્ષ ૧૯૮૨ પછીનો પોતાનો પહેલો સુવર્ણ ચંદ્રક જીતવાના નિર્ધાર સાથે મેદાન પર ઉતરી રહી છે, અને ખેલાડીઓની આ લડાયક ભાવના દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણો સર્જી રહી છે.

આ સતત શાનદાર પ્રદર્શનથી ભારતીય હોકી જગતમાં નવો ઉત્સાહ સંચાર થયો છે અને રમત નિષ્ણાતોનું માનવું છે કે જો ટીમ આ જ ગતિ અને પ્રદર્શન જાળવી રાખશે તો એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાનું સ્વપ્ન ચોક્કસપણે સાકાર થશે, જેનાથી સમગ્ર રાષ્ટ્રમાં આનંદ અને ગર્વની લાગણી વ્યાપી ગઈ છે.

**એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા શૂટિંગ ટીમનો બ્રોન્ઝ**

# મહિલા શૂટિંગમાં ભારતનો બ્રોન્ઝ, રાયઝા અને પરિનાઝ ફાઈનલમાં ચૂકી

(એજન્સી) નાગોયા । તા. 23

એશિયન ગેમ્સ ૨૦૨૬ના મહાકુંભમાં ભારતીય મહિલા શૂટિંગ ટીમે અદ્ભુત કૌશલ્યનું પ્રદર્શન કરતા બુધવારે જાપાનના આઈચી-નાગોયા ખાતે રમાયેલી સ્પર્ધામાં સ્કીટ મહિલા ટીમ ઈવેન્ટમાં શાનદાર કાંસ્ય ચંદ્રક જીતીને દેશનું નામ ફરી એકવાર રોશન કર્યું છે, જેનાથી સમગ્ર રમત જગતમાં આનંદ અને ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે અને ભારતની મેડલ ટેલી વધુ મજબૂત બની છે.

સ્પર્ધાની શરૂઆતથી જ ભારતીય નિશાનેબાજોએ પોતાની ધાક જમાવી રાખી હતી અને સતત ત્રણ દિવસ સુધી ચાલેલી અત્યંત રોમાંચક ક્વોલિફાઈંગ રાઉન્ડની સફર બાદ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી હતી. ચાઈના અને કઝાકિસ્તાન જેવી મજબૂત ટીમો સામે સખત સ્પર્ધા આપતા ભારતીય ત્રિપુટીએ શિસ્તબદ્ધ શૂટિંગ કૌશલ્ય દાખવીને પોડિયમ પર પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું હતું અને દેશની રમતગમત સફરમાં વધુ એક સુવર્ણ અધ્યાય જોડ્યો છે.

મુકાબલા દરમિયાન મહેશ્વરી ચૌહાણ, પરિનાઝ ધાલીવાલ અને રાયઝા ધિલ્લોનની બનેલી ભારતીય



મહિલા ટીમે સંયુક્ત રીતે ૩૩૧નો શાનદાર સ્કોર નોંધાવીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું, જેમાં ચીને ૩૫૭ના સ્કોર સાથે ગોલ્ડ અને કઝાકિસ્તાને ૩૩૬ના સ્કોર સાથે સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. આ ઉપરાંત, વ્યક્તિગત ફાઈનલમાં પણ રાયઝા અને પરિનાઝે પ્રવેશ મેળવ્યો હતો પરંતુ થોડા ગુણોના તફાવતથી પદક મેળવવામાં ચૂકી ગઈ હતી, જ્યાં રાયઝા ૨૩ પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહી હતી જ્યારે પરિનાઝ આઠમા ક્રમે રહી હતી.

બીજી તરફ, પુરુષ વિભાગમાં અનંતજીત સિંહ નારુકા ફાઈનલમાં પહોંચનાર એકમાત્ર ભારતીય શૂટર બન્યા હતા.

### તો બીજી તરફ એર્દોઆને ગલ્ફની મુશ્કેલીઓ વહેલી તકે ઉકેલવાનો વ્યક્ત કર્યો વિશ્વાસ

# ‘એ મારા મિત્ર છે, પંગો ના કરતા...’, ટ્રમ્પે ચેતવ્યાં

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 23

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્ક ખાતે મિડલ ઈસ્ટના નેતાઓ સાથે યોજાયેલી એક મહત્ત્વપૂર્ણ બેઠક દરમિયાન તૂર્કિયે (તુર્કી)ના પ્રમુખ રેસેપ તૈયપ એર્દોઆનની ખુલ્લેઆમ પ્રશંસા કરી છે. ટ્રમ્પે એર્દોઆનને પોતાના મિત્ર ગણાવતા તેમને ‘ટફ કુકી’ એટલે કે અત્યંત સખત અને મજબૂત શખ્સ તરીકે ઓળખાવ્યા હતા.

આ બેઠક દરમિયાન ત્યાં ઉપસ્થિત અન્ય ક્ષેત્રીય નેતાઓને ચેતવણી આપતા ટ્રમ્પે જણાવ્યું હતું કે એર્દોઆન સાથે ક્યારેય પંગો લેવો નહીં. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે ટ્રમ્પનું આ નિવેદન વૈશ્વિક રાજકારણમાં ભારે ચર્ચાનો વિષય બન્યું છે.

જીસીસી (GCC) ની આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં ઈરાકના વડાપ્રધાન અલી અલ-જેદ, જોર્ડનના કિંગ અબ્દુલ્લા બીજા, કતરના અમીર શેખ તમીમ બિન




હમદ અલ-થાની, સીરિયાના પ્રમુખ અહમદ અલ-શરા સહિત અનેક ક્ષેત્રીય નેતાઓ હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન ટ્રમ્પે એર્દોઆન તરફ ઈશારો કરીને કહ્યું હતું કે તૂર્કિયેથી આવેલા તેમના મિત્ર ખૂબ જ મજબૂત ઈચ્છાશક્તિ ધરાવનાર વ્યક્તિ છે. આ દરમિયાન ટ્રમ્પે રમુજી ટિપ્પણી કરતા મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે તેમને આશા છે કે તેમની આ વાતનું સાચું ભાષાંતર કરનાર કોઈ સારો ટ્રાન્સલેટર ત્યાં હાજર હશે. ત્યારબાદ તેમણે એર્દોઆનને ‘ફેન્ટાસ્ટિક’ ગણાવ્યા હતા.

આ બેઠક બાદ ન્યૂયોર્ક સ્થિત ‘તુર્ક હાઉસ’ની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા પ્રમુખ એર્દોઆને સ્પષ્ટ કર્યું હતું કે તૂર્કિયે અને ક્ષેત્રના અન્ય દેશો ગલ્ફ સામે ઊભી થયેલા વિવિધ પડકારોને પહોંચી વળવા માટે સઘન પ્રયાસો કરી રહ્યા છે. એર્દોઆને જણાવ્યું કે આશરે આઠ જેટલા દેશોએ ગલ્ફની મુશ્કેલીઓને વહેલી તકે ઉકેલવા માટે ભાગ લીધો છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્રને સંબોધિત કર્યા બાદ અને અનેક દ્વિપક્ષીય બેઠકો યોજ્યા પછી તેમણે આ નિવેદન આપ્યું હતું. વૈશ્વિક નેતાઓની આ બેઠકો અને ચર્ચાઓના આગામી સમયમાં ખૂબ જ સકારાત્મક પરિણામો જોવા મળશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

### ફરી કિંમત 100 ડૉલર નીચે

# ટ્રમ્પના એક ઈશારાથી અચાનક જ ક્રૂડ ઓઈલ સસ્તુ થવા લાગ્યું



(એજન્સી) નવી દિલ્હી । તા. 23

અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા તણાવ અને યુદ્ધના માહોલ વચ્ચે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં એક મોટો અને રાહતરૂપ ઘટાડો જોવા મળી રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદન અને ચેતવણી બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો કડાકો બોલાયો છે. આ ઘટાડાને કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ૧૦૦ ડૉલરની નીચે ગગડીને સીધો ૯૮ ડૉલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગયો છે, જેનાથી આયાતકાર દેશોને મોટી રાહત મળી છે.

યુએનજીએ (UNGA) માં સામેલ થયેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક તરફ ઈરાનને કોઈ પણ પ્રકારની સમજૂતી ન થવાની સ્થિતિમાં ‘સંપૂર્ણપણે તબાહ’ કરી દેવાની કડક ચેતવણી ઉચ્ચારી છે, તો બીજી તરફ ઓઈલના ભાવ ઝડપથી ઘટવાની ભવિષ્યવાણી પણ કરી હતી. ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપ્યાના થોડા જ કલાકોમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હોવાની વાત શેર કરી હતી. આ બેઠક બાદ તેમણે દાવો કર્યો હતો કે આગામી સમયમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે ઘટાડો જોવા મળશે અને બજાર સામાન્ય બનશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીત અને ટ્રમ્પના દાવાની અસર તરત જ બજાર પર જોવા મળી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ૯૮ ડૉલર પ્રતિ બેરલ થયું છે, જ્યારે ડબલ્યુટીઆઈ (WTI) ક્રૂડ ઓઈલ પણ ઘટીને ૮૯ ડૉલર પ્રતિ બેરલ સુધી ગગડી ગયું છે. આ ઉપરાંત મરબન ક્રૂડ ઓઈલ પણ ઘટીને ૧૦૮ ડૉલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગયું છે. અગાઉ આ તમામ કિંમતો ૧૦૦ ડૉલરથી ઉપર ચાલી રહી હતી, જેના કારણે આયાત પર નિર્ભર દેશોમાં મોંઘવારીનું જોખમ સતત વધી રહ્યું હતું.

બીજી તરફ, ઓઈલ માર્કેટને સૌથી વધુ પ્રભાવિત કરનાર હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લી મુકવા માટે ઈરાને એક શરત મૂકી છે. ઈરાની અધિકારીના જણાવ્યા અનુસાર, જો અમેરિકા પોતાનું સૈન્ય દબાણ ઓછું કરે અને ઈરાની બંદરગાહો પરથી નાકાબંધી હટાવી લે, તો આગામી સાત દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલી શકાય છે. તેહરાન સ્પષ્ટપણે ઈચ્છે છે કે વાશિંગ્ટન સત્તાવાર રીતે એ વાતની સ્પષ્ટતા કરે કે તે રાજદ્વારી ઉકેલ ઈચ્છે છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીત અને ટ્રમ્પના દાવાની અસર તરત જ બજાર પર જોવા મળી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત ઘટીને 98 ડૉલર પ્રતિ બેરલની આસપાસ આવી ગઈ છે. આ ઉપરાંત ડબલ્યુટીઆઈ (WTI) ક્રૂડ ઓઈલ 89 ડૉલર પ્રતિ બેરલ સુધી ગગડી ગયું છે, જ્યારે મરબન ક્રૂડ ઓઈલ પણ ઘટીને 108 ડૉલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગયું છે. અગાઉ આ તમામ કિંમતો 100 ડૉલરથી ઉપર ચાલી રહી હતી, જેના કારણે આયાત પર નિર્ભર દેશોમાં મોંઘવારીનું જોખમ વધી ગયું હતું.

#### ઈરાનને ધમકી અને ઓઈલ સસ્તુ થવાની ભવિષ્યવાણી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક તરફ ઈરાનને કોઈ પણ પ્રકારની સમજૂતી ન થવાની સ્થિતિમાં ‘સંપૂર્ણપણે તબાહ’ કરી દેવાની કડક ચેતવણી આપી છે, તો બીજી તરફ ઓઈલના ભાવ ઝડપથી ઘટવાની ભવિષ્યવાણી પણ કરી છે. યુએનજીએ (UNGA)માં સામેલ થયેલા ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપ્યાના થોડા જ કલાકોમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હોવાની વાત શેર કરી હતી. આ બેઠક બાદ તેમણે દાવો કર્યો હતો કે આગામી સમયમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે ઘટાડો જોવા મળશે.

## ન્યૂઝ બ્રીફ

### તુર્કીયેના રાષ્ટ્ર પ્રમુખ એર્દોગનની UNGAમાં 'નાપાક' હરકત



નવીદિલ્હી | અમેરિકાના ન્યૂયોર્કમાં UNGAની બેઠકમાં તુર્કીયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને ફરી કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે દક્ષિણ એશિયાના વિવાદોને UN ચાર્ટર અંતર્ગત વાટાઘાટોથી ઉકેલવાની વાત કરી. ભારતે એર્દોગનના નિવેદનોનો સખત વિરોધ કર્યો છે, અને સ્પષ્ટ કર્યું છે કે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. ભારતે તુર્કીયેને આંતરિક મામલામાં દખલ ન કરવા જણાવ્યું છે. તુર્કીયેના રાષ્ટ્ર પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગને ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના મંચ પરથી કશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે, દક્ષિણ એશિયાના તમામ વિવાદો, જેમાં કશ્મીરનો મુદ્દો પણ સામેલ છે, તેને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના ફ્રેમવર્ક અંતર્ગત વાટાઘાટો દ્વારા ઉકેલવો જોઈએ. અમેરિકાના ન્યૂયોર્કમાં આયોજિત સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકમાં મંગળવારે પોતાના સંબોધન દરમિયાન તુર્કીયેના રાષ્ટ્ર પ્રમુખ એર્દોગને કહ્યું, ’દક્ષિણ એશિયામાં એ ખૂબ જ જરૂરી છે કે, કશ્મીર મુદ્દાની સાથે-સાથે બાકીના તમામ વિવાદોને યુએન ચાર્ટર અને અન્ય સંબંધિત પ્રસ્તાવોના ફ્રેમવર્ક અંતર્ગત વાટાઘાટો અને ચર્ચા દ્વારા ઉકેલવામાં આવે.’

### ટ્રમ્પ ’ઈરાન સાથે ડીલ કરીશું પણ પરમાણુ બોમ્બ નહીં બનાવવા દઈએ’



ન્યૂયોર્ક | અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ના ૮૧મા સત્રને સંબોધિત કરતા દુનિયા સામે અમેરિકાની મજબૂતી અને પોતાની નીતિઓ સ્પષ્ટ કરી છે. પોતાના સંબોધનની શરૂઆત પ્રતિનિધિઓનું સ્વાગત કરીને કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાનું શાનદાર પુનરાગમન થઈ ચૂક્યું છે અને અમારો દેશ આજે પહેલા કરતાં અનેકઘણો વધુ મજબૂત છે. આ અગાઉ તેમણે રશિયન પ્રમુખને યુદ્ધ સમાપ્ત કરવાનો કડક સંદેશ પણ આપ્યો હતો. સંબોધન દરમિયાન ટ્રમ્પે ઈરાન પર આકરા પ્રહારો કરતા સૌથી મોટું નિવેદન આપ્યું હતું કે અમેરિકા ઈરાન સાથે ડીલ જરૂર કરશે, પરંતુ ક્યારેય પણ ઈરાનને પરમાણુ બોમ્બ બનાવવા દેશે નહીં. ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકાએ પોતાની સેના પર છેલ્લા ૧૨ મહિનામાં પહેલા કરતાં પણ વધુ નાણાં ખર્ચ્યાં છે અને આ વખતે આ ખર્ચ ૧.૫ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચશે. નવી ઉર્જા અને શક્તિશાળી યુનાઈટેડ સ્ટેટ્સની સંપત્તિ તથા જુસ્સા સાથે વિશ્વ આગળ વધી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

### પાકિસ્તાનનું ખાસ મિત્ર તૂર્કિયે પણ હવે ભારત પર નિર્ભર

# પાકિસ્તાનના મદદગારને ભારતે સૌથી વધુ ડીઝલ સપ્લાય કર્યો, યુરોપની પણ જરૂરિયાતો પૂર્ણ કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા ગંભીર સંઘર્ષો અને તણાવપૂર્ણ પરિસ્થિતિ વચ્ચે ભારતે પોતાની મજબૂત રણનીતિ અને રિફાઈનિંગ ક્ષમતાના બળે દુનિયાભરમાં ઈંધણની પૂર્તિ કરતા મુખ્ય દેશ તરીકે અદ્ભુત સ્થાન હાંસલ કર્યું છે, જ્યાં ઓગસ્ટ 2026 દરમિયાન પાકિસ્તાનનું મિત્ર ગણાતું તૂર્કિયે અને યુરોપ જેવા વિકસિત દેશો પણ પોતાની ઊર્જા જરૂરિયાતો માટે ભારતીય રિફાઈનરો પર સંપૂર્ણ રીતે નિર્ભર બન્યા છે.

અમેરિકા-ઈરાન તણાવ અને રશિયા-યુક્રેન યુદ્ધ જેવા આંતરરાષ્ટ્રીય સંઘર્ષોને કારણે સમગ્ર દુનિયામાં ક્રૂડ ઓઈલ અને ગેસની સપ્લાય શ્રૃંખલા ગંભીર રીતે પ્રભાવિત થઈ છે, જેના પરિણામે અનેક વિકાસશીલ દેશો મોંઘવારી અને ઈંધણની અછતનો સામનો કરી રહ્યા છે. પરંતુ આ વૈશ્વિક કટોકટીના સમયમાં પણ ભારતે કુશળતાપૂર્વક પોતાની નીતિઓ બનાવીને સ્થાનિક બજારને સુરક્ષિત રાખવાની સાથેસાથે અન્ય દેશો માટે પણ મોટો તારણહાર સાબિત થઈને વૈશ્વિક સ્તરે પોતાની આર્થિક અને વ્યૂહાત્મક તાકાતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

અગાઉ લાંબા સમય સુધી રશિયા પર નિર્ભર રહેનાર તૂર્કિયેને રશિયા તરફથી સપ્લાય ઘટતા મોટો ઝટકો લાગ્યો હતો, ત્યારબાદ તે ભારત તરફ વળ્યું અને ઓગસ્ટ 2026ના આંકડા મુજબ ભારત પાસેથી દરરોજ એક લાખ વીસ હજાર બેરલથી વધુ ડીઝલની ખરીદી કરીને ભારતને પોતાનું ટોચનું સપ્લાયર બનાવ્યું છે. માત્ર તૂર્કિયે જ નહીં, પરંતુ યુરોપની સાઠ ટકા જેટલી ડીઝલ અને ગેસોલિનની જરૂરિયાતો પણ ભારતીય રિફાઈનરો દ્વારા જ સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી છે, જે ભારતની વધતી ક્ષમતા દર્શાવે છે.

પૂર્વ આફ્રિકાના દેશ કેન્યાએ પણ પશ્ચિમ એશિયાના તણાવને કારણે પોતાનો ફ્યુઅલ સોર્સ બદલીને ભારતને પ્રાથમિકતા આપી છે, અને ભારતે ગેસોલિન તથા ડીઝલની નિકાસમાં અન્ય પરંપરાગત સપ્લાયરોને પાછળ છોડી દીધા છે. ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો રિફાઈનર હોવાના નાતે ઘરેલુ જરૂરિયાતો પૂરી કર્યા બાદ પણ વિશાળ માત્રામાં નિકાસ




કરવા સક્ષમ બન્યો છે, જે દેશની આર્થિક પ્રગતિ માટે અત્યંત ગર્વની બાબત છે.

પાકિસ્તાનનું સમર્થક ગણાતું તૂર્કિયે લાંબા સમયથી તેની જરૂરિયાતના ઓઈલ માટે રશિયા પર નિર્ભર હતું. વર્ષ 2025માં તૂર્કિયેની કુલ ડીઝલ આયાતનો આશરે 85 ટકા હિસ્સો માત્ર રશિયામાંથી આવતો હતો. પરંતુ વર્ષ 2026માં રશિયા તરફથી સપ્લાય ઘટવાને કારણે તૂર્કિયેની મુશ્કેલીઓ વધી ગઈ અને તે ભારત તરફ વળ્યું. ઓગસ્ટ 2026ના આંકડા મુજબ ભારત તૂર્કિયે માટે ડીઝલનું ટોપ સપ્લાયર બન્યું છે. રશિયા પાસેથી ઝટકો મળ્યા બાદ તૂર્કિયેએ ભારત પાસેથી દરરોજ 1.2 લાખ બેરલથી વધુ ડીઝલની ખરીદી કરી છે, જે ઓગસ્ટ 2022 પછીની સૌથી મોટી માસિક સપ્લાય છે.

માત્ર તૂર્કિયે જ નહીં, પરંતુ યુરોપ જેવા વિકસિત દેશો માટે પણ ભારત મોટું સંકટમોચક સાબિત થયું છે. રિપોર્ટ્સ અનુસાર, બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ થઈને યુરોપ જતી ડીઝલ અને ગેસોલિનની કુલ સપ્લાયનો આશરે 60 ટકા હિસ્સો ભારતીય રિફાઈનરો દ્વારા મોકલવામાં આવ્યો છે. રશિયા અને અમેરિકાથી થતી નિકાસમાં ઘટાડો થવાને કારણે યુરોપ હવે મોટા પ્રમાણમાં ભારતીય પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ પર નિર્ભર બન્યું છે.ભૌગોલિક નકશા તપાસો

પૂર્વ આફ્રિકાના દેશ કેન્યા લાંબા સમયથી સાઉદી અરામકો અને અબુ ધાબીની કંપનીઓ પાસેથી ઓઈલ ખરીદતો હતો. પરંતુ અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે પશ્ચિમ એશિયામાં સર્જાયેલા તણાવને કારણે કેન્યાને પોતાનો ફ્યુઅલ સોર્સ બદલવો પડ્યો. કેપ્લરના ઓગસ્ટ 2026ના ડેટા મુજબ, ભારતે ગેસોલિન, ડીઝલ અને જેટ ફ્યુઅલની સપ્લાયમાં યુએઈ અને સાઉદી અરેબિયાને પાછળ છોડી દીધા છે અને કેન્યા માટે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સનો સૌથી મોટો સપ્લાયર બની ગયો છે.

ભારતની આ વધતી વૈશ્વિક ભૂમિકા પાછળ દેશની શક્તિશાળી રિફાઈનિંગ ક્ષમતા મુખ્ય કારણ છે. ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો રિફાઈનર છે, જેની વાર્ષિક ક્ષમતા 258.1 મિલિયન ટન છે. ઘરેલુ જરૂરિયાત પૂરી કર્યા બાદ ભારત મોટા પ્રમાણમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની નિકાસ કરે છે. આ સમગ્ર રણનીતિમાં રશિયા પાસેથી સસ્તા દરે ક્રૂડ ઓઈલ આયાત કરીને તેને રિફાઈન કરવાની ભારતની નીતિ અત્યંત સફળ રહી છે, જેનાથી ભારત વૈશ્વિક બજારમાં એક મહત્ત્વપૂર્ણ ઊર્જા કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

# ન્યુયોર્કમાં UNGએ સત્ર દરમિયાન US અને ઈરાન વચ્ચે 3 કલાક ચાલી ઉચ્ચ સ્તરીય બેઠક

(એજન્સી) ન્યુયોર્ક । તા. 23

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા તણાવ અને યુદ્ધના માહોલ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ન્યુયોર્ક ખાતે યોજાયેલા યુએનજીએ (UNGA) સત્ર દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે અંદાજે ૩ કલાક સુધી એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ હાઈ-લેવલ મીટિંગમાં અમેરિકી અધિકારીઓ સ્ટીવ વિટકૉફ અને જેરેડ કુશનર સાથે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી પણ સામેલ થયા હતા. આ બેઠક દરમિયાન ઈરાને હોર્મુજ ખાડીને સંપૂર્ણપણે ખોલવા અને યુદ્ધ સમાપ્ત કરવા માટે પોતાની શરતો રજૂ કરી હતી.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જ યુએન મહાસભાને સંબોધિત કરતા ઈરાનને કોઈ સમજૂતી ન થવાની સ્થિતિમાં ‘સંપૂર્ણ તબાહી’ની કડક ચેતવણી આપી હતી. ટ્રમ્પે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ઈરાન અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીઓ સુધી હોર્મુજ ખાડી ખોલવાની સમજૂતીને લંબાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. નોંધનીય છે કે ટ્રમ્પના આ ભાષણ દરમિયાન વિરોધ સ્વરૂપે ઈરાની પ્રતિનિધિમંડળના મોટાભાગના સભ્યો હોલની બહાર જતા રહ્યા હતા અને વોકઆઉટ કર્યું હતું. જોકે, આ કડવાશ બાદ પણ આશ્ચર્યજનક રીતે બંને દેશો વચ્ચે આ હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખુદ મંગળવારે માહિતી આપી હતી કે આ બેઠક ખૂબ જ સકારાત્મક રહી હતી અને લગભગ ૩ કલાક સુધી ચાલી હતી. ઈરાની સરકારી મીડિયાના દાવા મુજબ, આ બેઠક અમેરિકી પ્રતિનિધિ સ્ટીવ વિટકૉફની વિનંતી પર યોજાઈ હતી.

# શારજાહમાં ભારતીય યુવકની નિર્દય હત્યા, મૃતદેહના 9 ટુકડા મળ્યા, પત્ની અને પુત્ર પણ રહસ્યમય રીતે ગુમ

(એજન્સી) શારજાહ । તા. 23

યુએઈના શારજાહ શહેરમાં કર્ણાટકના ઉડુપી જિલ્લાના એક પ્રતિષ્ઠિત ભારતીય યુવકની અત્યંત ઘાતકી અને નિર્દયતાપૂર્વક હત્યા કરવામાં આવ્યાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. છેલ્લા ચૌદ વર્ષથી શારજાહ એરપોર્ટ પર ફરજ બજાવતા એલ્વિન પ્રકાશ કુંદર નામના આ યુવકની ગત જુલાઈ મહિનામાં કરપીણ હત્યા કરવામાં આવી હતી અને તેમના શરીરના નવ ટુકડા કરીને બે અલગ-અલગ બેગમાં ભરીને ઓમાન તરફ જતા રસ્તે પાર્ક કરાયેલી એક કારમાંથી ફેંકી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ભયાનક રહસ્ય લગભગ બે મહિના પછી ત્યારે બહાર આવ્યું જ્યારે પરિવારના સભ્યોએ તેમની લાંબી ગેરહાજરી અને સંપર્ક ન થવાને કારણે સઘન તપાસ શરૂ કરી હતી.

આ ભયાનક ઘટનાના મૂળમાં જ્યારે પરિવારે તપાસ કરી ત્યારે અનેક ચોંકાવનારા પાસાઓ



બહાર આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક એલ્વિન પ્રકાશ પોતાના પરિવાર સાથે યુએઈમાં જ રહેતા હતા. જુલાઈ મહિનાની આસપાસ જ્યારે તેમના ભાઈ અનિલ પ્રશાંતે તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પ્રકાશે ફોન કૉલ રીસીવ કરવાને બદલે માત્ર એક ટેક્સ્ટ મેસેજ મોકલીને એવું જણાવ્યું હતું કે તે એકદમ મજામાં છે. પરંતુ પરિવારના જણાવ્યા મુજબ પ્રકાશ ક્યારેય ટેક્સ્ટ મેસેજ દ્વારા વાત કરતા ન હતા અને હંમેશાં વોઈસ મેસેજ જ મોકલતા હતા. આ નાની બાબતે પરિવારના મનમાં શંકાનું બીજ રોપ્યું હતું. થોડા અઠવાડિયા પછી જ્યારે ફરીથી ફોન પર કોઈ જ પ્રત્યુત્તર ન મળ્યો, ત્યારે ભાઈએ શારજાહમાં જ રહેતા પ્રકાશના એક જૂના સહાધ્યાયી મનોહરનો સંપર્ક કર્યો હતો, અને ત્યારબાદ આ સમગ્ર ગુનાનો પર્દાફાશ થયો હતો.

આ પ્રકરણમાં સૌથી મોટું રહસ્ય મૃતકની પત્ની ટીના કુંદર અને તેમના કિશોર પુત્રની શંકાસ્પદ લાપતા સ્થિતિ છે. અહેવાલો મુજબ, હત્યાની આ ગોઝારી ઘટના બાદથી જ પત્ની અને ધોરણ દસમાં અભ્યાસ કરતો તેમનો પુત્ર પણ અચાનક ગુમ થઈ ગયા છે. પ્રાથમિક વિગતો મુજબ તેઓ શારજાહ છોડીને સંભવતઃ ભારત પરત ફર્યા હોઈ શકે છે, પરંતુ તેમનું ચોક્કસ ઠેકાણું ક્યાં છે અથવા આ જઘન્ય હત્યાકાંડ સાથે તેમનો કોઈ સીધો સંબંધ છે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ઉડુપીના વતની એવા ટીના અગાઉ એક સ્થાનિક શાળામાં શિક્ષિકા તરીકે સેવા આપતા હતા.

**વાઈન** ફ્રાંસમાં આબોહવા પરિવર્તનનો કહેર: વાઈન ઉદ્યોગ પર ગંભીર જોખમ,

# ઉત્પાદન 70 વર્ષના સૌથી નીચા સ્તરે ગગડ્યું

(એજન્સી) પેરિસ । તા. 23

વૈશ્વિક સ્તરે અનેક પ્રકારના બદલાવો અને કુદરતી પ્રકોપના કારણે દુનિયાભરમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે, ત્યારે ફ્રાંસ દેશમાં આવેલી અસાધારણ પરિસ્થિતિને કારણે સમગ્ર વાઈન ઉદ્યોગ ઉપર ગંભીર જોખમ તોળાઈ રહ્યું છે. વર્ષ 2026 દરમિયાન અહીંની આબોહવામાં આવેલા મોટા ફેરફારો, અસહ્ય ઉષ્ણતામાન અને ભીષણ દુષ્કાળ જેવી વિકટ પરિસ્થિતિના કારણે દ્રાક્ષના દારૂનું ઉત્પાદન સીધું જ 70 વર્ષના સૌથી નીચા સ્તરે ગગડી ગયું છે, જેનાથી આર્થિક અને સામાજિક સ્તરે હચમચાવી દેનારા અહેવાલો સામે આવ્યા છે.

ફ્રાંસની ધરતી પર તૈયાર થતો દ્રાક્ષનો દારૂ આખી દુનિયામાં પોતાની વિશેષ ગુણવત્તા માટે અત્યંત જાણીતો છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા આબોહવા પરિવર્તને આ ક્ષેત્રને મોટો ફટકો આપ્યો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, દેશના કૃષિ મંત્રાલય દ્વારા સત્તાવાર રીતે એ વાતની ચેતવણી આપવામાં



આવી છે કે આ વર્ષે ઉત્પાદનનું પ્રમાણ અત્યંત નબળું રહ્યું છે. અગાઉના વર્ષોની સરખામણીએ આ વર્ષે પરિસ્થિતિ વધુ વણસી છે અને ઉત્પાદન સતત ઘટવાના કારણે ખેડૂતો તેમજ ઉદ્યોગકારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, પરંપરાગત સમય કરતા ઘણી વહેલી તકે દ્રાક્ષની કાપણી શરૂ કરવાની ફરજ પડી હતી કારણ કે આકાશમાંથી વરસતી આગ અને વધતી ગરમીને કારણે ફળો છોડ પર જ સૂકાવા લાગ્યા હતા. વારંવાર બદલાતી તારીખો અને અણધાર્યા હવામાનના કારણે સમગ્ર પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે. આ સમસ્યા પાછળનું મુખ્ય કારણ ફ્રાંસમાં નોંધાયેલું અત્યંત ઊંચું તાપમાન છે. મીડિયા અહેવાલો અને સરકારી આંકડાઓ દર્શાવે છે કે કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો 40 ડિગ્રી સેલ્સિયસ કરતા પણ ઉપર પહોંચી ગયો હતો. આટલી બધી ગરમી અને પાણીની તીવ્ર અછતના કારણે ખેતરો સંપૂર્ણપણે સૂકાઈ ગયા હતા. દ્રાક્ષના માંડવા પર ઝૂલતી સુંદર અને રસદાર દ્રાક્ષ ખેડૂતો તેને ઉતારે કે કાપણી માટે લોકો પહોંચે તે પહેલા જ સૂર્યના તાપથી બળીને ખાખ થઈ ગઈ હતી.

સરકારી આંકડાકીય સંસ્થાઓના અંદાજ મુજબ, આ વર્ષે ફ્રાંસના વાઈન ઉત્પાદકો દ્વારા આશરે 34 મિલિયન હેક્ટોમિટર જેટલું ઓછું ઉત્પાદન કરવામાં આવશે, જે દેશની અર્થવ્યવસ્થા માટે મોટો આંચકો સાબિત થઈ શકે છે.

વિદેશી બજારોમાં અને સ્થાનિક સ્તરે ફ્રેન્ચ વાઈનની ભારે માંગ રહેતી હોય છે, પરંતુ આ પ્રકારની કુદરતી વિપત્તિને કારણે વ્યાપારી સમુદાય ચિંતિત બન્યો છે.

# અમેરિકા એરપોર્ટ અંધાધૂંધી એફએએ તપાસ ફ્લાઈટ્સ રદ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

અમેરિકાના ફિલાડેલ્ફીયા શહેર સ્થિત એર ટ્રાફિક કંટ્રોલ સેન્ટરમાં સોમવારે અચાનક ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા ન્યૂયોર્ક અને આસપાસના એરપોર્ટસ પરથી સંચાલિત થતી અનેક ફ્લાઈટ્સ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવી હતી, જેના કારણે સંયુક્ત રાષ્ટ્ર મહાસમિતિમાં ભાગ લેવા માટે દુનિયાભરમાંથી આવી પહોંચેલા અનેક મહાનુભાવો તેમજ સેંકડો સામાન્ય મુસાફરો એરપોર્ટ પર જ કલાકો સુધી રખડી પડ્યા હતા અને ગંભીર અંધાધૂંધીનો માહોલ સર્જાયો હતો.

મીડિયા અહેવાલો અને સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ આખી ઘટના સોમવારે અમેરિકી સમય મુજબ ત્યારે શરૂ થઈ જ્યારે ફિલાડેલ્ફીયાના એર ટ્રાફિક કંટ્રોલ સેન્ટરમાં સિસ્ટમ ફેલ થવાની માહિતી સામે આવી. એક પછી એક આસપાસના તમામ એરપોર્ટસ પર પણ તેના કારણે કંટ્રોલ સંબંધી મુશ્કેલીઓ ઊભી થઈ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામે સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે તમામ ફ્લાઈટ્સને અટકાવી દેવામાં આવી હતી. આ ગંભીર ત્રુટિને કારણે અનેક મહાનુભાવોના વિમાન પણ નિર્ધારિત સ્થળોએ ઉતરાણ ન કરી શકતા તેમને દૂરના અન્ય એરપોર્ટસ પર ડાયવર્ટ કરવા પડ્યા હતા. આ સમસ્યાની ગંભીરતા ત્યારે વધુ વધી ગઈ જ્યારે સત્તાવાળાઓ દ્વારા તેની તપાસ શરૂ કરવામાં આવી. સૂત્રોના જણાવ્યા અનુસાર, એરપોર્ટ વિસ્તારમાં ચાલી રહેલા બાંધકામના કામકાજને કારણે ભૂગર્ભમાં રહેલી મહત્વપૂર્ણ બેકઅપ ફાઈબર ઓપ્ટિક લાઈન અકસ્માતે કપાઈ ગઈ હતી. બેકઅપ કનેક્શનના આ નુકસાન અને સર્કિટ ફેલ્યરના કારણે એર ટ્રાફિક કંટ્રોલની કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.

# ડૉ. પી. કે. મિશ્રા દ્વારા SBI બેંકિંગ એન્ડ ઈકોનોમિક્સ કોન્ક્લેવ 2026 નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.23

પ્રધાનમંત્રીના પ્રિન્સિપાલ સેક્રેટરી ડૉ. પી. કે. મિશ્રાએ આજે મુંબઈ ખાતે "ફ્રોમ ઈમર્જિંગ ટુ લીડિંગ: ઈન્ડિયાઝ એક્સપાન્ડિંગ રોલ ઈન ધ ગ્લોબલ ઈકોનોમિક ઓર્ડર" વિષય પર યોજાયેલા 13મા SBI બેંકિંગ એન્ડ ઈકોનોમિક્સ કોન્ક્લેવ 2026 ના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું હતું.ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે ભારતની એક ઉભરતી અર્થવ્યવસ્થામાંથી અગ્રણી અર્થવ્યવસ્થા તરફની સફર એ માત્ર આર્થિક કદનો પ્રશ્ન નથી, પરંતુ મૂળભૂત રીતે એક સંસ્થાકીય સફર છે. એક અગ્રણી અર્થવ્યવસ્થા, તેમણે કહ્યું કે, વૃદ્ધિ પામવા માટે, ઘરો અને નાણાકીય પ્રણાલીમાં તેને અસંગત રીતે ટ્રાન્સમિટ કર્યા વિના બાહ્ય આંચકાઓને શોષી લેવા માટે અને વૈશ્વિક અર્થવ્યવસ્થાની સુખાકારીમાં સતત યોગદાન આપવા માટે સક્ષમ હોવી જોઈએ.છેલ્લા દાયકામાં ભારતના મજબૂત આર્થિક માળખાના પાયા પર પ્રકાશ પાડતા, ડૉ. મિશ્રાએ મેક્રોઈકોનોમિક સ્થિરતા, રાજકોષીય એકીકરણ, બેંકોના વધુ મજબૂત બેલેન્સ શીટ્સ, ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ, GST, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વધેલા જાહેર મૂડી ખર્ચ તરફ નિર્દેશ કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે મૂડી ખર્ચ 2015-16 માં આશરે 2.5 લાખ કરોડથી વધીને 2026-27 માં 12 લાખ કરોડથી વધુ થયો છે, જે ખાનગી સાહસો માટે ઉત્પાદક પાયાને મજબૂત બનાવે છે.ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે જન ધન-આધાર-મોબાઈલ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી લઈને UPI, એકાઉન્ટ એગ્રીગેટર અને ડિજિટલ લેન્ડિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પરિવર્તનમાં ધિરાણ સુધીની પહોંચને મૂળભૂત રીતે વિસ્તારવામાં મદદ કરી છે. 'નાણાકીય પ્રણાલીએ હવે વૃદ્ધિને સમાવી લેવાથી આગળ વધીને વૃદ્ધિને સક્ષમ બનાવવાની દિશામાં સતત આગળ વધવું જોઈએ,' તેમણે કહ્યું. સ્થિતિસ્થાપકતાના મહત્વ પર ભાર મૂકતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળો, યુક્રેન સંઘર્ષ અને પશ્ચિમ એશિયા સંકટમાંથી ઉદ્ભવતા તાજેતરના વિક્ષેપોએ સાપેક્ષ સ્થિરતાના સમયગાળા દરમિયાન બનેલી સંસ્થાકીય અને નાણાકીય ક્ષમતાઓનું મૂલ્ય દર્શાવ્યું છે. તેમણે નોંધ્યું હતું કે મહામારી પછી ભારતીય અર્થતંત્ર વાસ્તવિક દ્રષ્ટિએ સરેરાશ 7 ટકાથી વધુના દરે વૃદ્ધિ પામ્યું છે, જ્યારે ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિ 7.8 ટકા રહી હતી.ડૉ. મિશ્રાએ ખંડિત વૈશ્વિક જોડાણો, વધતા વેપાર અવરોધો, આયાત નિર્ભરતા, બાહ્ય ખાતાઓ પરના દબાણ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઝડપી વિકાસથી ઉદ્ભવતા જોખમો પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્થાનિક ઉત્પાદન, કૌશલ્ય વિકાસ, પ્રત્યક્ષ વિદેશી રોકાણ અને ભારતીય અર્થતંત્રની વ્યાપક સ્પર્ધાત્મકતાને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. 'કોલેટરલથી કેશ ફ્લો' તરફ શિફ્ટ થવા માટે આહ્વાન કરતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે ટેકનોલોજી નાણાકીય સંસ્થાઓને GST રિટર્ન, બેંક સ્ટેટમેન્ટ, પેમેન્ટ ફ્લો અને અન્ય ડિજિટલ માહિતી દ્વારા સાહસોનું વધુ અસરકારક રીતે આકલન કરવા માટે સક્ષમ બનાવી શકે છે. આનાથી, તેમણે કહ્યું કે, ખાસ કરીને પ્રથમ પેઢીના સાહસિકો, એસેટ-લાઈટ વ્યવસાયો અને નાના સાહસોને લાભ થઈ શકે છે જેમની ધિરાણપાત્રતા કૌટુંબિક માલિકીની સંપત્તિઓને બદલે તેમના વ્યવસાયોની તાકાતમાં રહેલી છે.ડૉ. મિશ્રાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વધતી વસ્તી રોકાણ જરૂરિયાતોને માત્ર બેંકો દ્વારા નાણાં પૂરા પાડી શકાય તેમ નથી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદન, શહેરીકરણ, ઉર્જા સંક્રમણ અને ઈનોવેશનને નાણાં પૂરા પાડવા માટે વધુ ઊંડા કોર્પોરેટ બોન્ડ અને ઈક્વિટી બજારો, મોટા સંસ્થાકીય રોકાણકારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ્સ અને સ્થાનિક બચતને ઉત્પાદક રોકાણમાં રૂપાંતરિત કરવા માટે વધુ કાર્યક્ષમ માર્ગો આવશ્યક બનશે.ભારતની વૈશ્વિક આર્થિક આકાંક્ષાઓ પર, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે દેશ પાસે પ્રાથમિક રીતે એક વિશાળ બજાર હોવાથી આગળ વધીને એક મહત્વપૂર્ણ ઉત્પાદન અને ઈનોવેશન હબ બનવાની તક છે. તેમણે ઉચ્ચ ડોમેસ્ટિક વેલ્યુ એડિશન, મજબૂત કમ્પોનન્ટ ઈકોસિસ્ટમ્સ, ડિઝાઈન ક્ષમતાઓ, બૌદ્ધિક સંપદા અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ભારતીય બ્રાન્ડ્સ માટે આહ્વાન કર્યું હતું. સફર, તેમણે કહ્યું કે, "મેક ઈન ઈન્ડિયાથી ડિઝાઈન ઈન ઈન્ડિયા, ઈનોવેટ ઈન ઈન્ડિયા અને આખરે લીડ ફ્રોમ ઈન્ડિયા" તરફ આગળ વધવી જોઈએ.તેમણે ભારતની વિસ્તરતી આંતરરાષ્ટ્રીય આર્થિક જોડાણને ટેકો આપવામાં GIFT-IFSC, રૂપિયામાં વેપારના વ્યાપક પતાવટ અને ભારતીય ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મની ક્ષમતા પર પણ પ્રકાશ પાડ્યો હતો. વધુ આર્થિક વજન સાથે, તેમણે કહ્યું કે, વૈશ્વિક વાણિજ્ય અને ફાઈનાન્સને નિયંત્રિત કરતા ધોરણો, નિયમો અને સંસ્થાઓને આકાર આપવામાં ભાગ લેવાની ભારત પાસે મોટી જવાબદારી હશે.ડૉ. મિશ્રાએ રેખાંકિત કર્યું કે સ્થિતિસ્થાપકતા અને વિશ્વસનીયતા સમય જતાં મજબૂત સંસ્થાઓ, સુસંગત નીતિઓ અને અસરકારક ડિલિવરી દ્વારા બને છે. તેમણે કહ્યું કે ભારતના તાજેતરના સોવરિન રેટિંગ અપગ્રેડ એ ઘણા વર્ષોથી બનેલા ફેરફારોનું બાહ્ય પ્રતિબિંબ છે, જ્યારે ચેતવણી આપી હતી કે વ્યાપક પાઠ એ છે કે 'વિશ્વસનીયતા સુસંગતતામાંથી આવે છે.'ઉપસંહાર આપતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે 2047 નું ભારત માત્ર મોટા જીડીપી (GDP) સાથેનું આજનું ભારત હોઈ શકે નહીં. તે ઉત્પાદક, ઈનોવેટિવ, ટેકનોલોજીકલ રીતે સક્ષમ, નાણાકીય રીતે અત્યાધુનિક અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અર્થતંત્ર હોવું જોઈએ. તેમણે સરકાર, ઉદ્યોગો, નાણાકીય સંસ્થાઓ, અર્થશાસ્ત્રીઓ અને નીતિ ઘડવૈયાઓને ભારતીય સાહસની આગામી પેઢીને નાણાં પૂરા પાડવા અને ભારતને આર્થિક કદને ઉત્પાદક ક્ષમતા અને વૈશ્વિક નેતૃત્વમાં રૂપાંતરિત કરવા માટે મળીને કામ કરવા આહ્વાન કર્યું હતું.



## રેલવે સ્ટેશનના VIP રૂમના સોફામાં હતા માંકડ, મેજિસ્ટ્રેટે DRMને મોકલી દીધી નોટિસ

ઔરંગાબાદ : મહારાષ્ટ્રના ઔરંગાબાદ રેલવેના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે નાંદેડ ડિવિઝનના DRMને નોટિસ પાઠવી છે. આ નોટિસ VIP વેઈટિંગ રૂમમાં મુકેલા સોફા પર માંકડ મળવાને લઈને આપવામાં આવી છે. નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે મેજિસ્ટ્રેટે સોફા બદલવા અને પેસ્ટ કંટ્રોલ કરવા માટે આદેશ આપ્યો હોવા છતાં તેનું પાલન કરવામાં આવ્યું નહોતું. જણાવવામાં આવી રહ્યું છે કે 20 મે 2026ના રોજ આ આદેશ આપવામાં આવ્યો હતો, છતાં તેનો અમલ ન થતાં આ નોટિસ ફટકારવામાં આવી છે.વાત જાણે એમ છે કે મામલો 20 મે 2026નો છે. જ્યારે VIP રૂમના જૂના સોફામાં ઘણા માંકડ મળ્યા પછી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે DRMને પત્ર લખીને આ બાબતની જાણ કરી હતી. રેલવે અધિકારીઓને પેસ્ટ કંટ્રોલ કરાવવા, હાલના સોફાની જગ્યાએ નવા સોફા મુકવા અને VIP રૂમની બરાબર જાળવણી સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી. લગભગ 4 મહિના પછી 19 સપ્ટેમ્બર સુધી પણ ન તો સોફા બદલાયા કે ન તો પેસ્ટ કંટ્રોલ થયું. જે બાદ આ કારણ દર્શક નોટિસ આપવામાં આવી છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે અત્યારના સોફામાં હજુ પણ માંકડ છે અને આ સ્થિતિ હાઈકોર્ટના જજોના બેસવા માટે એકદમ અયોગ્ય અને ખરાબ છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જજ VIP રૂમ વાપરવાને બદલે પોતાની કારમાં બેસી રહ્યા હતા.નોટિસમાં જણાવ્યું છે કે બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચમાં 15 થી વધુ હાઈકોર્ટ જજ છે અને તેમાંથી મોટાભાગના ટ્રેનથી મુસાફરી કરે છે અને તેમને VIP રૂમમાં રાહ જોવી પડે છે. રેલવે અધિકારીઓને 20 મેના રોજ મોકલેલા પત્રનો જવાબ ન આપવા અને કોઈ યોગ્ય પગલાં ન લેવા બદલ પણ ફટકાર લગાવવામાં આવી છે.

## 'જ્ઞાનેશ કુમાર દેશના દુશ્મન છે...', CJP લીડર અભિજિત દીપકેના પ્રહાર, આશુતોષ રાંકાએ કહ્યું - લોકતંત્રને બરબાદ કરનારાઓમાં ટોચ પર નામ આવશે

(એજન્સી) નવી દિલ્હી | તા.23

CJP પ્રમુખ અભિજીત દીપકેએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને 'દેશના દુશ્મન' ગણાવ્યા છે. ઇન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, SIR પ્રક્રિયામાં 10 મહિનામાં 14 વખત વાંધો ઉઠાવાયો હતો. દીપકેએ જ્ઞાનેશ કુમાર પર 12 કરોડથી વધુ નામ મતદાર યાદીમાંથી કથિત રીતે હટાવવાનો આરોપ લગાવ્યો છે. AAP સહિત વિપક્ષે આ મુદ્દે એક થવાની અપીલ કરી છે.'જ્ઞાનેશ કુમાર દેશના દુશ્મન છે...', CJP લીડર અભિજિત દીપકેના



પ્રહાર, આશુતોષ રાંકાએ કહ્યું - લોકતંત્રને બરબાદ કરનારાઓમાં ટોચ પર નામ આવશે.કોકરોચ જનતા પાર્ટીના (CJP) પ્રમુખ અભિજિત દીપકેએ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ શરૂ કર્યો છે. ચૂંટણી પંચમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર મતભેદ હોવાના દાવા સાથેના એક રિપોર્ટ બાદ દીપકેએ સીઈસી જ્ઞાનેશ કુમાર પર હુમલો કરતા કહ્યું હતું કે, તેઓ દેશના દુશ્મન છે. દીપકેએ કહ્યું કે, તેઓ ચૂંટણી નથી કરાવી રહ્યા, પરંતુ તેની પટકથા લખી રહ્યા છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ SIR પ્રક્રિયા દરમિયાન 10 મહિનામાં કુલ 14 વખત ઔપચારિક રીતે વાંધો ઉઠાવ્યો હતો. દાવો કરવામાં આવ્યો છે કે, વાંધાને ધ્યાને ન રાખીને કેટલાક નિર્ણયો લાગુ કરવામાં આવ્યા હતા. આ રિપોર્ટ પબ્લિશ થતાં જ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી સહિત કેટલાક વિપક્ષી પક્ષો સહિત સીજેપી નેતાઓએ પહેલેથી જ રડારમાં રહેલા સીઈસી જ્ઞાનેશ કુમાર પર પ્રહાર શરૂ કર્યા છે.અભિજિત દીપકેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે, 'જ્ઞાનેશ કુમાર ભારતના દુશ્મન છે. કથિત રીતે 12 કરોડથી વધુ નામ વોટર લિસ્ટમાંથી હટાવી દીધા છે. આ સંખ્યા વર્ષ 2024 લોકસભા ચૂંટણી દરમિયાન કુલ 97 કરોડ મતદાતાઓના 12.4 ટકા છે. ભાજપની આગેવાનીવાળી NDA અને વિપક્ષ વચ્ચે માત્ર 2 ટકાનું અંતર છે. જ્ઞાનેશ કુમાર ચૂંટણી નથી કરાવતા, તેઓ તેમની પટકથા લખે છે.' દીપકેએ અન્ય એક પોસ્ટમાં SIRની વાત કરી છે.

## 'મને અને CJP ને દેશદ્રોહના કેસમાં ફસાવવાની તૈયારી...', સૌરભ દાસનો ચોંકાવનારો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા.23

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સહ સંયોજક સૌરભ દાસે ગંભીર આરોપ લગાવ્યો છે કે તેમને અને પાર્ટીના અન્ય નેતાઓને કાવતરા હેઠળ ફસાવવાની તૈયારી ચાલી રહી છે. દાસના જણાવ્યા અનુસાર, તેમને વિશ્વસનીય સૂત્રો દ્વારા માહિતી મળી છે કે દિલ્હી પોલીસ કોઈપણ



ભોગે તેમને દેશદ્રોહી સાબિત કરવાનો પ્રયાસ કરી રહી છે અને આ માટે આધાર પુરાવા વગરની બાબતો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડીપફેક તેમજ બનાવટી ચેટ્સનો સહારો લેવામાં આવી શકે છે. તેમણે જણાવ્યું કે જનતાના ટેક્સના નાણાંનો ઉપયોગ કરીને આ પ્રકારની કાલ્પનિક કહાનીઓ રચવામાં આવી રહી છે, જે અત્યંત ખર્ચાળ સાબિત થઈ શકે છે. આ ખર્ચ પણ દેશના વિકાસ માટે નહી પરંતુ અમારી પાર્ટીના લોકોને ફસાવવા માટે થઈ રહ્યો છે.ગત જૂન અને જુલાઈ મહિનામાં નીટ પેપર લીક વિરુદ્ધ જંતર-મંતર પર ઉગ્ર આંદોલન ચલાવનાર કોકરોચ જનતા પાર્ટી હાલમાં વિવિધ રાજ્યોમાં 'સ્કૂલ ઠીક કરો' અને 'આદિવાસી સ્કૂલ ઠીક કરો' જેવા અભિયાનો ચલાવી રહી છે. અગાઉ જંતર-મંતર પર થયેલા પ્રદર્શન દરમિયાન નોંધાયેલી એફઆઈઆરને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધી છે અને પાર્ટીના નેતાઓને કાયદાકીય કાર્યવાહી સામે વિશેષ રક્ષણ પણ પૂરું પાડ્યું છે. આ સંદર્ભમાં સૌરભ દાસે દિલ્હી પોલીસને સર્વોચ્ચ કોર્ટના આદેશોની યાદ અપાવતા જણાવ્યું હતું કે કોર્ટે પ્રદર્શનકારીઓને કાયદાકીય મામલે સુરક્ષા આપી છે અને કાલ્પનિક કહાનીઓ લખવી એ પોલીસ મેન્યુઅલનો હિસ્સો નથી.દાસે વધુમાં જણાવ્યું હતું કે પોલીસને સાહિત્ય રચવા બદલ કોઈ એવોર્ડ મળવાનો નથી, તેથી જનતાનો સમય અને નાણાં બગાડવાને બદલે પોલીસે માફિયા, હોસ્પિટલ માફિયા અને એજ્યુકેશન માફિયા સામે વાસ્તવિક તપાસ કરવી જોઈએ.

## કોર્ટ દસ્તાવેજો સોશિયલ મીડિયા પર શેર કરવા સામે માલ્યાને હાઈકોર્ટની ચેતવણી

મુંબઈ : મંગળવારે બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ દારૂના વેપારી વિજય માલ્યાને તેમના મની લોન્ડરિંગને લગતા કેસ દરમિયાન સોશિયલ મીડિયા પર કોર્ટના દસ્તાવેજો પોસ્ટ કરવા સામે ચેતવણી આપી હતી. માલ્યાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોટ દ્વારા કોર્ટ સમક્ષ કરાયેલાં સોગંદનામાને સોશિયલ મીડિયા પર અપલોડ કર્યું હતું. કોર્ટ હજુ આ એફિડેવિટની સમીક્ષા કરે તે પહેલાં માલ્યાના આ પગલાંનો ઈડી દ્વારા વાંધો ઉઠાવાયો હતો અને આ



કોર્ટનો તિરસ્કાર છે તેમ જણાવાયું હતું.ઈડીએ માલ્યા સામે આઠમી સપ્ટેમ્બરે એફિડેવિટ ફાઈલ કરી હતી. તેની કોપી માલ્યાની લીગલ ટીમને પણ અપાઈ હતી. આ એફિડેવિટની સમીક્ષા હાઈકોર્ટ તા. નવમી સપ્ટેમ્બરે કરવાની હતી. જોકે, તે પહેલાં આઠમી `સાંજે જ માલ્યાએ આ એફિડેવિટ સોશિયલ મીડિયા પર મૂકી દીધી હતી.જસ્ટીસ મિલિંદ જાધવે આ બાબતની ગંભીર નોંધ લેતાં માલ્યાના વકીલોને કહ્યું હતું કે આ બહુ ગંભીર બાબત છે. તમારા ક્લાયન્ટને આવું કૃત્ય ન કરવા જણાવો. નહીં તો કોર્ટ યોગ્ય લાગે તે આદેશ આપશે. માલ્યાએ તેમની સામે થયેલા કેસને બંધ કરવાની અરજી કરી છે. આ કેસમાં વધુ સુનાવણી ૧૩ ઓક્ટોબરના રોજ યોજાશે.માલ્યાએ દલીલ કરી હતી કે પોતે બેન્કને દેવું પાછું ચૂકવી ચૂક્યા છે. જોકે, ઈડીએ દલીલ કરી હતી કે માલ્યાએ દેવું પાછું ચૂકવી દીધું હોય તો પણ તેમની સામેનો મની લોન્ડરિંગનો કેસ ચાલુ જ રહેશે. આ સંદર્ભમાં અદાલતે એસબીઆઈને એફિડેવિટ કરવા જણાવ્યું છે.માલ્યાએ યુકેની કોર્ટમાં ચાલી રહેલી કાનૂની કાર્યવાહીનો હવાલો આપીને ભારત પાછા ફરવાની અસમર્થતા વ્યક્ત કરી છે. તેમના વતી, બોમ્બે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે જ્યાં સુધી તે કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમને યુકે છોડવા પર પ્રતિબંધ છે.

## જાતિગત રાજનીતિ નહી.. શિક્ષણ પ્રણાલી સુધારો..વિદ્યાર્થી મોત મામલે રાજ ઠાકરે દુઃખ વ્યક્ત કર્યું

મુંબઈ : રાજ ઠાકરેએ IIT બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેની આત્મહત્યા પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું. તેમણે આ મૃત્યુ માટે જાતિ આધારિત તણાવને જવાબદાર ઠેરવ્યો અને યોગ્ય તપાસ વિના પ્રોફેસરોને દોષિત ઠેરવવાની વૃત્તિની ટીકા કરી. IIT બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેની આત્મહત્યાનો મામલો અત્યંત સંવેદનશીલ મુદ્દો બની ગયો છે. કેમ્પસમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનોની સાથે સાથે, આ બાબતે તીવ્ર રાજકીય ચર્ચા પણ જગાવી છે. આ દરમિયાન, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેએ આ ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું અને શિક્ષણ પ્રણાલીમાં વધતા શૈક્ષણિક દબાણ તથા જાતિગત રાજકારણની ટીકા કરી.ઠાકરેએ IIT વહીવટીતંત્રની ટીકા કરતા કહ્યું કે તેમણે યોગ્ય તપાસ કર્યા વિના જ વિદ્યાર્થી પર પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન અને ChatGPTનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પરીક્ષા દરમિયાન ગેરરીતિ અટકાવવી એ પ્રોફેસરોની ફરજ છે, પરંતુ તપાસ પહેલાં વિદ્યાર્થીને દોષિત જાહેર કરવો અયોગ્ય છે. તેવી જ રીતે, જાતિ આધારિત ઉત્પીડનના આરોપો ઉઠતાની સાથે જ, સંપૂર્ણ તપાસ વિના પ્રોફેસરોને દોષિત ઠેરવવા પણ એટલા જ અયોગ્ય છે.MNS વડાએ ચિંતા વ્યક્ત કરી કે મુખ્ય મુદ્દો એ હોવો જોઈતો હતો કે એક યુવાન વિદ્યાર્થીને પોતાનો જીવ આપવા માટે શા માટે મજબૂર થવું પડ્યું. તેના બદલે, સમગ્ર મામલાને જાતિના ચશ્માથી જોવામાં આવી રહ્યો છે. ઠાકરેએ ટિપ્પણી કરી હતી કે વર્ષ 2000થી મહારાષ્ટ્રમાં જાતિવાદ એટલી હદે વધી ગયો છે કે તે હવે IIT જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પણ વ્યાપી ગયો છે. એવી સંસ્થાઓ જેને પંડિત નેહરુએ "આધુનિક ભારતના મંદિરો" તરીકે વર્ણવી હતી.તેમણે નોંધ્યું હતું કે પ્રવેશ પરીક્ષાઓમાં તીવ્ર સ્પર્ધા, ભારે શૈક્ષણિક બોજ અને કેમ્પસ પ્લેસમેન્ટના તણાવને કારણે, માત્ર IITમાં જ નહીં પરંતુ તમામ ક્ષેત્રોના યુવાનો હતાશા (ડિપ્રેશન)નો શિકાર બની રહ્યા છે.

### કાર્યવાહી કરવાના બદલે પ્રશાસન મૌન

## મોંઘીદાટ દવાઓ ફાર્મા કંપનીઓની ઊઘાડી લૂંટ : સુપ્રીમ

નવી દિલ્હી : કેન્સરની દવાઓના મોંઘા ભાવોને લઈને સુપ્રીમ કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું, સુપ્રીમે કહ્યું હતું કે આ તો દર્દીઓ પાસેથી ધોળા દિવસે થતી ઉઘાડી લૂંટ છે. કેન્સર સામેની એક દવા રિટેલર્સને ૨૭૦૦ રૂપિયામાં પુરી પડાય છે જ્યારે તેનો વેચાણભાવ એટલે કે એમઆરપી ૨૭,૦૦૦ રૂપિયા છે. દર્દીઓને ખુલ્લેઆમ ફાર્મા કંપનીઓ અને વેચાણકર્તાઓ દ્વારા લૂંટવામાં આવી રહ્યા છે. આશ્ચર્યની વાત છે કે આ મુદ્દે કાર્યવાહી કરવાના બદલે પ્રશાસન મૌન છે.સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મેહતાની બેંચ સમક્ષ બે અરજીઓ સુનાવણી માટે આવી હતી, આ અરજીઓમાં એવી માગ કરવામાં આવી હતી કે દવાઓના ભાવ પર આકરી રીતે કન્ટ્રોલ રાખવા માટે પ્રશાસનને આદેશ આપવામાં આવે, આ ઉપરાંત પણ દવાઓ સાથે જોડાયેલા મુદ્દાઓને ઉઠાવવામાં આવ્યા હતા. રજુ કરાયેલા પુરાવાઓ પર ધ્યાન જતા સુપ્રીમે આઘાત વ્યક્ત કર્યો હતો. સુપ્રીમે કહ્યું હતું કે કેન્સરને ઠીક કરવા માટે જરૂરી દવાઓ રિટેલરને અપાય છે તેના દસગણા વધુ ભાવથી દર્દીઓને વેચાય છે. આ દવાની પ્રાઈસ ટુ રિટેલર (પીટીઆર) ૨૭૦૦ હતી જ્યારે તેની એમઆરપી એટલે કે વેચાણ ભાવ રૂ. ૨૭૦૦૦ છે. સુપ્રીમે વધુ આકરા શબ્દોમાં કહ્યું હતું કે દવાનો ભાવ ૧૦ ગણો વધુ છે, આ ખંડણી નથી તો શું છે? લોકો સારવાર લેવા માટે પોતાના ઘર, ઘરેણા વેચવા મજબુર થતા હોય છે. આટલી મોંઘી દવાઓ દર્દીઓ સાથે ધોળા દિવસે થતી લૂંટ છે. દર્દીઓની સાથે આ રીતે છેતરપિંડી કેમ ચલાવી લેવાય? આશ્ચર્યની વાત છે કે જે જવાબદાર અધિકારીઓ કે પ્રશાસને આ મુદ્દે કાર્યવાહી કરવી જોઈએ તે મૌન છે.

### સાત જિલ્લાઓમાં શાળાઓ બંધ

## ભારતમાં 2026નું પ્રથમ વાવાઝોડું આવી ગયું? જાણો IMDની લેટેસ્ટ અપડેટ અને વરસાદી એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.23

બંગાળની ખાડીમાં સર્જાયેલું ડીપ ડિપ્રેશન વાવાઝોડામાં ફેરવાઈ શકે છે, જે 'અર્નબ' નામ ધારણ કરશે. તેની સીધી અસર આંધ્ર પ્રદેશ અને ઓડિશા પર થશે. ઓડિશાના 7 જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે અને શાળાઓ બંધ રાખવામાં આવી છે. 23 સપ્ટેમ્બરની રાત્રે તે વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે તટ પાર કરી શકે છે, જેથી ભારે વરસાદની સંભાવના છે.બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલા હવામાનના ફેરફારોને કારણે એક નવું સંકટ તોળાઈ રહ્યું છે. અહીં એક ડીપ ડિપ્રેશન વાવાઝોડામાં પરિવર્તિત થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, તે અનિવાર્ય નથી કે આ વેધર સિસ્ટમ વાવાઝોડાનું જ રૂપ ધારણ કરે. આ નવી હવામાનકીય પ્રવૃત્તિઓની સીધી અસર આંધ્ર પ્રદેશ અને ઓડિશા પર જોવા મળી રહી છે અને બંને રાજ્યોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે.બંગાળની ખાડીમાં બનેલી આ સિસ્ટમ હાલમાં ડીપ ડિપ્રેશનની શ્રેણીમાં છે અને તે વાવાઝોડું બની શકે તેવી શક્યતા છે. જો આ સિસ્ટમ વાવાઝોડામાં ફેરવાશે તો તેનું નામ 'અર્નબ' રાખવામાં આવશે. સુરક્ષાની દ્રષ્ટિએ ઓડિશા સરકાર દ્વારા સાત જિલ્લાઓમાં શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે અને સરકારી અધિકારીઓની રજાઓ પણ રદ કરી દેવામાં આવી છે.હવામાન વિભાગ (IMD) અનુસાર આ સિસ્ટમ પશ્ચિમ-ઉત્તરથી પશ્ચિમ દિશા તરફ આગળ વધી શકે છે. IMDએ જણાવ્યું છે કે આ સિસ્ટમ 23 સપ્ટેમ્બરની રાત્રે વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે ઉત્તર આંધ્ર પ્રદેશ તથા દક્ષિણ ઓડિશાના તટને પાર કરી શકે છે. આ સિસ્ટમથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય ઓડિશા રહેવાની સંભાવના છે, જ્યાં સુરક્ષાના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે અને અધિકારીઓની ટીમ તથા મશીનરી તૈનાત કરી દેવામાં આવી છે.

# 20 બેઠક જીતવા છતાં કોંગ્રેસ સાથે થયો ખેલ

(એજન્સી) નવી દિલ્હી | તા.23

રાજસ્થાનની નોહર નગરપાલિકા ચૂંટણીમાં રોમાંચક પલટો આવ્યો છે. 14 સપ્ટેમ્બરે કોંગ્રેસે 40માંથી 20 વોર્ડ જીત્યા હતા, જ્યારે ભાજપને 2 અને અપક્ષને 18 બેઠકો મળી હતી. 20-20 મત મળતા ટાઈ થઈ અને લોટરીથી ભાજપ સમર્થિત અપક્ષ મુસ્લિમ મહિલા હાજન ખાતુન તક અધ્યક્ષ બન્યા. આ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે.રાજસ્થાનના નોહર નગરપાલિકા ચૂંટણીમાં એક અત્યંત રોમાંચક અને ચોંકાવનારો રાજકીય ઘટનાક્રમ સામે આવ્યો છે, જ્યાં આંકડાઓને હાસ્યાસ્પદ બનાવીને બાજી પલટાઈ ગઈ છે. 14 સપ્ટેમ્બરના રોજ યોજાયેલા નોહર નગરપાલિકાના પરિણામોમાં કોંગ્રેસ પાર્ટીએ 40માંથી 20 વોર્ડ જીતીને સ્પષ્ટ બહુમત મેળવ્યો હતો, જ્યારે ભાજપના ખાતામાં માત્ર 2 જ બેઠકો આવી હતી. બાકીની 18 બેઠકો પર અપક્ષ ઉમેદવારો વિજયી થયા હતા. આ અંકગણિત જોતા કોંગ્રેસની જીત નિશ્ચિત માનવામાં આવતી હતી, પરંતુ અંતિમ પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે.સોમવારે યોજાયેલા નગરપાલિકા અધ્યક્ષના ચૂંટણી જંગમાં મોટો પલટો જોવા મળ્યો. ભાજપે પોતાની રણનીતિ બદલીને અપક્ષ તરીકે જીતેલા 62 વર્ષીય મુસ્લિમ મહિલા હાજન ખાતુન તકને પોતાની સાથે જોડી લીધા અને તેમને અધ્યક્ષપદના ઉમેદવાર બનાવ્યા. સાત દિવસ સુધી ચાલેલી પડદા પાછળની જોરદાર રાજકીય જોડતોડના અંતે જ્યારે કાઉન્સિલરોએ મતદાન કર્યું, ત્યારે ભાજપના ઉમેદવાર હાજન ખાતુન તકને પણ કોંગ્રેસના ઉમેદવાર સુમિત ચાચનની જેમ બરાબર 20-20 મત મળ્યા. આમ, માત્ર બે બેઠકો ધરાવતી ભાજપનો આંકડો સીધો 20 વોટો સુધી પહોંચી ગયો.બ બંને પક્ષોને સમાન 20-20 મત મળતા ગૃહમાં ટાઈની સ્થિતિ સર્જાઈ હતી. નિયમ મુજબ ફરી મતદાનની કોઈ જોગવાઈ ન હોવાથી વિજેતા નક્કી કરવા માટે લોટરી પદ્ધતિનો સહારો લેવામાં આવ્યો. એક નાની બાળકીએ કાગળની મુડેલી પર્ચી ઉપાડી, જેના પર હાજન ખાતુન તકનું નામ નીકળ્યું. આ સાથે જ ભાજપ સમર્થિત હાજન ખાતુન તક નોહર નગરપાલિકાના નવા અધ્યક્ષ જાહેર થયા.ઉલ્લેખનીય છે કે હાજન ખાતુન તકનો પરિવાર અગાઉથી જ રાજકારણમાં સક્રિય રહ્યો છે. તેમના દિવંગત પતિ મંજૂર અલી તક પણ આ જ નગરપાલિકાના અધ્યક્ષ રહી ચૂક્યા છે, તેમજ તેઓ રાજસ્થાન સરકારના પૂર્વ રાજ્ય મંત્રી મેહરુનિસ્સા તકનાં સાસુ છે. બીજી તરફ, ચૂંટણીના બરાબર એક દિવસ પહેલા કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાચનના નજીકના સહયોગીઓ અને નેતાઓના ઘરો પર પોલીસે જમીન કૌભાંડના મામલે નોટિસ ચોંટાડવાની કાર્યવાહી કરતા રાજકીય ગરમાવો પણ ભારે ચર્ચાનો વિષય બન્યો હતો.

### પૂજારીઓ પાસે ઓળખકાર્ડ માંગવા મુદ્દે બોલાચાલી થઈ

## પત્ની, બે પૂજારી અને દીકરાની હત્યા કરનારા માથા ફરેલાનું પોલીસે આઝમગઢમાં કર્યું એન્કાઉન્ટર

આઝમગઢ : ઉત્તર પ્રદેશના આઝમગઢમાં એક ચોંકાવનારી ઘટના બની છે. અરવિંદ સિંહે પત્ની, 2 પૂજારી અને પોતાના બાળકને ગોળી મારી હત્યા કરી. પૂજારીઓ પાસે ઓળખકાર્ડ માંગવા મુદ્દે બોલાચાલી થતા આ હત્યાકાંડ સર્જાયો. બાળકોને બંધક બનાવી ધમકી આપનાર આરોપીને પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર માર્યો. આ ઘટનામાં કુલ 5 લોકોના મોત થયા. પોલીસે અન્ય 2 બાળકોને સુરક્ષિત બહાર કાઢ્યા. ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના અહરોલા થાણા વિસ્તાર હેઠળ આવેલા શંભૂપુર ગામમાં મંગળવાર સાંજથી મોડી રાત સુધી એક અત્યંત ખોફનાક અને દર્દનાક ઘટનાક્રમ સામે આવ્યો છે. અરવિંદ સિંહ નામના એક માથાભારે શખ્સે પોતાની પત્ની, બે પૂજારી અને પોતાના જ બાળકની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આ ભીષણ હત્યાકાંડ બાદ બાળકોને બંધક બનાવીને બેઠેલા આરોપીને બચાવવા અને બાળકોને સુરક્ષિત બહાર કાઢવા માટે પોલીસે કરેલી જવાબી કાર્યવાહી (એનકાઉન્ટર) માં આરોપી પણ ગંભીર રીતે ઘવાય બાદ મૃત્યુ પામ્યો હતો. આ સમગ્ર ઘટનામાં કુલ 5 લોકોના મોત નીપજ્યા છે. મળતી માહિતી મુજબ, અરવિંદ સિંહના ઘરે છેલ્લા કેટલાક દિવસોથી એક વિશેષ પૂજા ચાલી રહી હતી. મંગળવારે સાંજે ઘરમા પૂજા ચાલી રહી હતી ત્યારે અરવિંદ બજારમાંથી ઘરે પહોંચ્યો હતો. ઘરે પૂજારીઓને જોઈને તે અચાનક ઉશ્કેરાઈ ગયો હતો અને પૂજારીઓ પાસે ઓળખકાર્ડ માંગવા લાગ્યો હતો. આ બાબતે તેની પોતાની પત્ની બબીતા સાથે તીવ્ર ચડસાચડસી થઈ હતી. ઉશ્કેરાટમાં આવીને અરવિંદે પોતાની લાઈસન્સી પિસ્તોલથી અંધાધૂંધ ગોળીબાર કરી દીધો હતો, જેમાં તેની પત્ની બબીતા અને બે પૂજારીઓ - મહેન્દ્ર પાઠક અને અખિલેશ મિશ્રાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ત્રણ લોકોની હત્યા કર્યા બાદ આરોપી અરવિંદે પોતાના બચાવ માટે પોતાના જ બાળકોને રૂમમાં બંધ કરી દીધા હતા અને અંદરથી દરવાજો બંધ કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ આઝમગઢના એસએસપી ડો. અનિલ કુમાર સહિત ભારે પોલીસ કાફલો, એસઓજી (SOG) અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.


**એડેલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
CIN-U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઈસ હાઉસ, ઓફ સી.એસ.ટી. રોડ, એડલવાઈસ કાલિના, મુંબઈ 400098, +91 22 4183 0600
Edelweiss Asset Reconstruction

પરિશિષ્ટ IV-A
[જુઓ નિયમ 8(6) ના પ્રોવિસો સાથે વાંચતા નિયમ 9(1) નું પ્રોવિસો]

**સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('SARFAESI એક્ટ') નીકલમ 8(6) r/w નિયમ 9(1) ના પ્રોવિસો સાથે વાંચવામાં આવતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, 2002 ('નિયમો') હેઠળ સુરક્ષિત અસેટની ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ.

આથી સામાન્ય જનતાને તેમજ ખાસ કરીને ઉછીના લેનાર અને જામીનદારોને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ('સુરક્ષિત મિલકત') અને જે 'એડેલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ' (EARC ટ્રસ્ટ SC-37 ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્યરત) ('EARC'/ 'સુરક્ષિત લેણદાર') ની તરફેણમાં ગીરો મુકવામાં આવેલ છે, જેની ભૌતિક કબજો EARC ના અધિકૃત અધિકારી દ્વારા 27 ડિસેમ્બર, 2022 ના રોજ લેવામાં આવ્યો છે, તે ઈ-હરાજી એજન્સી, M/s ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ (ઓક્શન ટાઈગર) ની વેબસાઈટ/પોર્ટલ https://edelweissarc.auctiontiger.net પર 13 ઓક્ટોબર, 2026 ના રોજ બપોરે 12:00 થી 1:00 વાગ્યા વચ્ચે, જો ઈ-હરાજી બંધ થાય તે પહેલાં બોલી લગાવવામાં આવે તો દરેકની 5 મિનિટના અમર્યાદિત વધારા સાથે, 'જે સ્થિતિમાં છે તે છે', 'જેવી છે તેવી છે', 'જે પણ છે તે છે' અને 'કોઈ રીકોર્સ નથી' ના ધોરણે કુલ રકમ રૂ. 162,53,72,484/- (રૂપિયા એક સો બાસઠ કરોડ ત્રેપન્ન લાખ બોંતેર હજાર ચાર સો ચોર્યાસી માત્ર) જે 08 ફેબ્રુઆરી, 2023 ના રોજ બાકી છે, તેની વસૂલાત માટે, માસિક ધોરણે વાર્ષિક 12% ના દરે આગળના વ્યાજ તેમજ અન્ય ખર્ચાઓ અને ખર્ચ સાથે, EARC ને ડી કોર નેનોસેમિકન્ડક્ટર્સ લિમિટેડ ('બોરોઅર'), હર્ષ ઈન્દર લુમ્બા (સ્વ. દીપક લુમ્બા ના કાનૂની વારસદાર તરીકે ('વ્યક્તિગત જામીનદાર')) અને ડી કોર સાયન્સ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડ ('કોર્પોરેટ જામીનદાર') પાસેથી વેચવામાં આવશે.

સુરક્ષિત મિલકતોની રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (બાનાની રકમ) નીચે મુજબ રહેશે:

| સુરક્ષિત મિલકતનું વિગતવાર વર્ણન | રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (બાનાની રકમ) |
|---|---|---|
| પ્લોટ નં. 13 જે 5521.38 ચોરસ મીટર વિસ્તાર ધરાવે છે અને પ્લોટ નં. 33, 34, અને 35 જે 13887 ચોરસ મીટર વિસ્તાર ધરાવે છે તેવી જમીનના તમામ ટુકડા અને પાર્સલ, જે ગાંધીનગર ઈલેક્ટ્રોનિક સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ઈન્ડસ્ટ્રિયલ એરિયા/એસ્ટેટ, કોલાવાડા રોડ, સેક્ટર 25, ગાંધીનગર 382028 (ગુજરાત) ખાતે ફેક્ટરી બિલ્ડિંગ અને તેના પરના માળખા સાથે આવેલા છે. | રૂ. 11,13,00,000/- | રૂ. 1,11,30,000/- |

**ઈ-હરાજીની સમયમર્યાદા:**

| | |
|---|---|
| સાઈટ નિરીક્ષણ: | 01 ઓક્ટોબર, 2026 ના રોજ સવારે 11:00 થી બપોરે 4:00 વાગ્યા સુધી. |
| દસ્તાવેજ ચકાસણી : | |
| બીડ દસ્તાવેજ ખરીદી : | 28 સપ્ટેમ્બર, 2026 થી 08 ઓક્ટોબર, 2026 દરમિયાન કામકાજના દિવસોમાં સવારે 11 થી સાંજે 5 વાગ્યા સુધી. |
| EMD જમા કરાવવાની છેલ્લી તારીખ : | 12 ઓક્ટોબર, 2026 ના રોજ બપોરે 2 વાગ્યા સુધી. |
| બીડ દસ્તાવેજ જમા કરાવવાની છેલ્લી તારીખ : | 12 ઓક્ટોબર, 2026 ના રોજ સાંજે 5 વાગ્યા સુધી. |
| ઈ-હરાજી વેચાણની શરૂઆત : | 13 ઓક્ટોબર, 2026 ના રોજ બપોરે 12 વાગ્યે. |
| બેંક વિગતો : | એકાઉન્ટ નં. 0004103000054719, IFSC નં. IBKL0000004, IDBI બેંક, મિત્તલ કોર્ટ, નરીમાન પોઈન્ટ, મુંબઈ. |
| અધિકારીની સંપર્ક વિગતો : | sheetal.chaturvedi@edelweissarc.in, Awasthia.naman@edelweissarc.in, +91 9100018502 |

ઈ-હરાજી વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને EARC ની વેબસાઈટ www.edelweissarc.in/Propertysale પરની લિંક જુઓ.

તારીખ: 24.09.2026
સ્થળ: મુંબઈ
Sd/-
અધિકૃત અધિકારી

## ક્રાઈમ બ્રાન્ચે ₹1.5 કરોડની કિંમતનું એમ્બરગ્રીસ જપ્ત કર્યું

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વન્યજીવ સંબંધિત ગેરકાયદે વેપાર સામે મોટી કાર્યવાહી કરતાં નરોડા વિસ્તારમાંથી 1.5 કરોડ રૂપિયાની કિંમતનું 1.051 કિલોગ્રામ 'એમ્બરગ્રીસ' (વ્હેલની ઉલટી) જપ્ત કર્યું છે. ગેરકાયદે રીતે એમ્બરગ્રીસ રાખીને તેનો વેપાર કરવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ શખસોની પોલીસે ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓના જણાવ્યાનુસાર, વન્યજીવો અને વનસ્પતિ-પ્રાણીસૃષ્ટિના ગેરકાયદે વેપાર તથા જંગલ સંબંધિત ગુનાઓ રોકવાના ઉદ્દેશ્યથી ચલાવવામાં આવી રહેલા સરકારી અભિયાન 'ઓપરેશન થંડર-2026' હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

## ગુજરાતમાં આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ | ગુજરાતમાં 23 થી 29 સપ્ટેમ્બર દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ગાજવીજ સાથે 30-40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. માછીમારોને દરિયો ન ખેડવા એલર્ટ અપાયું છે. અમદાવાદમાં હળવો વરસાદ અને સૌરાષ્ટ્રમાં 25મી સુધી છૂટાછવાયા ઝાપટાંની શક્યતા છે. કચ્છમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ છે. મજબૂત પવન અને વાવાઝોડાની આગાહીને પગલે તટીય અને દરિયાકાંઠાના માછીમારોને દરિયો ન ખેડવા માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# ગુજરાતમાં હવે સરકારી તંત્રને મળશે AIની 'GPU પાવર'

## AI એક્શન પ્લાનના બીજા સ્તંભ Infrastructureને મજબૂત કરવા માટે રાજ્યવ્યાપી GPU-as-a-Service ફ્રેમવર્ક અમલમાં : સરકારી વિભાગો, સંસ્થાઓ અને પસંદગીના AI સ્ટાર્ટઅપ્સને હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગની સુવિધા



ગાંધીનગર : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ગવર્નન્સ અને નવીનતાને વેગ આપવા માટે વધુ એક મહત્વનું પગલું ભર્યું છે અને State-wide GPU-as-a-Service (GPUaaS) Frameworkને તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આ વ્યવસ્થા હેઠળ સરકારી વિભાગો અને સંલગ્ન સંસ્થાઓને હાઈ-પરફોર્મન્સ GPU કમ્પ્યુટિંગ રિસોર્સિસની સામૂહિક અને કેન્દ્રિત સુવિધા ઉપલબ્ધ બનશે.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વ હેઠળ કરાયેલા આ નિર્ણય મુજબ રાજ્ય સરકાર AIનો ઉપયોગ માત્ર ટેક્નોલોજી સુધી મર્યાદિત ન રાખીને સુશાસન, જાહેર સેવા વિતરણ અને નવીનતામાં તેનો વ્યાપ વધારવા માગે છે. આ માટે અમલમાં મુકાયેલા AI Action Planના છ મુખ્ય સ્તંભોમાં Data, Infrastructure, Capacity Building, Foundational R&D and Use Case Development, Deeptech Startup Facilitation તથા Safe & Trusted AIનો સમાવેશ થાય છે. આ જ યોજનાના બીજા સ્તંભ એટલે કે Infrastructureને મજબૂત કરવા માટે હવે GPUaaS માળખું કાર્યરત કરાયું છે.

આ નવા માળખા હેઠળ ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ (GIL) દ્વારા કેન્દ્રિત GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરવામાં આવશે. આથી અલગ-અલગ સરકારી વિભાગોને પોતાના સ્તરે મોંઘા હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની જરૂરિયાતમાં ઘટાડો થઈ શકે છે અને ઉપલબ્ધ સંસાધનોનો કેન્દ્રિત રીતે ઉપયોગ શક્ય બનશે.

સરકારી વિભાગો ઉપરાંત સરકારી સંસ્થાઓ, બોર્ડ-કૉર્પોરેશન, સ્વાયત્ત સંસ્થાઓ અને વિજ્ઞાન-ટેક્નોલોજી વિભાગ દ્વારા સમયાંતરે મંજૂર કરવામાં આવતી અન્ય સંસ્થાઓ પણ મંજૂર AI તથા ડેટા આધારિત ઉપયોગના કિસ્સાઓ માટે આ GPU સુવિધાનો લાભ લઈ શકશે.

GPU રિસોર્સિસની ફાળવણી કેન્દ્રિય વ્યવસ્થા મારફતે થશે. તેમાં ટેક્નિકલ શક્યતા, ઉપલબ્ધ સંસાધનો, મંજૂર ઉપયોગ-કેસ, જરૂરિયાતની પ્રાથમિકતા અને લાગુ પડતી સરકારી નીતિઓ જેવા માપદંડોને ધ્યાનમાં લેવામાં આવશે. GIL GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રોવિઝનિંગ, ઓપરેશન, મોનિટરિંગ અને મેનેજમેન્ટ સહિતની જવાબદારી સંભાળશે. પરિણામે AI આધારિત પ્રોજેક્ટ્સ માટે જરૂરી કમ્પ્યુટિંગ ક્ષમતાનું વ્યવસ્થિત સંચાલન થઈ શકશે.

આ નિર્ણયનું સૌથી મહત્વનું પાસું એ છે કે પાત્ર રાજ્ય સરકારના વિભાગો, સરકારી સંસ્થાઓ અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓને GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચર 100 ટકા સબસિડીના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત AI CoEમાં AI Innovation Challenge હેઠળ પસંદ થયેલા સ્ટાર્ટઅપ્સ દ્વારા AI Use Casesના production rollout માટે પણ આ સુવિધા 100 ટકા સબસિડીના આધારે ઉપલબ્ધ રહેશે. આથી AI ક્ષેત્રમાં નવીન પ્રયોગો કરી રહેલા સરકારી તંત્ર તેમજ પસંદગીના સ્ટાર્ટઅપ્સ માટે હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગનો પ્રવેશ વધુ સરળ બનશે.

સરકારી વિભાગો અને પસંદગીના સ્ટાર્ટઅપ્સ ઉપરાંત અન્ય સ્ટાર્ટઅપ્સને પણ GPU સંસાધનો ઉપલબ્ધ કરાવી શકાશે. જોકે આ માટે GPU રિસોર્સિસની ઉપલબ્ધતા અને મંજૂર GPUaaS Framework હેઠળની શરતો લાગુ પડશે. આવા કિસ્સામાં વાસ્તવિક GPU સેવા ખર્ચ સાથે લાગુ પડતી GIL કન્સલ્ટન્સી ફી ચૂકવવાની રહેશે.

GPUaaS ઈકોસિસ્ટમને માત્ર કમ્પ્યુટિંગ રિસોર્સ ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયા પૂરતી સીમિત રાખવામાં આવી નથી. GILને ઓપરેશનલ, ટેક્નિકલ અને વહીવટી સંકલન, મોનિટરિંગ, નાણાકીય વ્યવસ્થાપન અને ગવર્નન્સ સપોર્ટ સહિતની એન્ડ-ટુ-એન્ડ જવાબદારી સોંપવામાં આવી છે. IndiaAI દ્વારા empanelled Cloud Service Provider પાસેથી લેવામાં આવતી GPU સેવાઓના વાસ્તવિક ખર્ચ પર GILને 7 ટકા કન્સલ્ટન્સી ફી ચૂકવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

AIની વધતી પહોંચ સાથે ડેટા અને સાયબર સુરક્ષાને પણ સમાન મહત્વ આપવામાં આવ્યું છે. વિભાગો અને વપરાશકર્તા સંસ્થાઓ GPU સંસાધનોનો ઉપયોગ માત્ર મંજૂર હેતુ માટે જ કરી શકશે. સાથે જ માહિતી સુરક્ષા, ડેટા પ્રાઈવસી, સાયબર સિક્યોરિટી અને Responsible Use of AI સંબંધિત લાગુ સરકારી નીતિઓનું પાલન કરવાનું રહેશે.

GPUaaSના વ્યવહારુ અમલીકરણ માટે પાત્રતા, અરજી પ્રક્રિયા, GPU ફાળવણીની પદ્ધતિ, ઓપરેશનલ ગાઈડલાઈન્સ, ચાર્જિંગ મેથોડોલોજી અને મોનિટરિંગ ફ્રેમવર્ક સહિતની વિગતવાર માર્ગદર્શિકા GIL દ્વારા વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગની મંજૂરીથી સમયાંતરે બહાર પાડવામાં આવશે. આથી રાજ્યમાં AI માટેની GPU ક્ષમતાનો ઉપયોગ એકસમાન, વ્યવસ્થિત અને નીતિબદ્ધ રીતે થાય તે માટેનું માળખું પણ તૈયાર થશે.

ગુજરાત સરકારના AI Action Planમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મહત્વના છ સ્તંભોમાં સ્થાન આપવામાં આવ્યું છે. હવે GPUaaS Frameworkના અમલીકરણથી આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્તંભને વ્યવહારુ સ્વરૂપ મળ્યું છે. હાઈ-પરફોર્મન્સ GPU કમ્પ્યુટિંગની કેન્દ્રિત સુવિધા ઉપલબ્ધ થવાથી મંજૂર AI અને ડેટા આધારિત ઉપયોગ-કેસ માટે જરૂરી કમ્પ્યુટિંગ ક્ષમતાનો ઉપયોગ વધુ સુવ્યવસ્થિત રીતે કરી શકાશે. સરકારી વિભાગોથી લઈને સરકારી શૈક્ષણિક સંસ્થાઓ અને પસંદગીના AI સ્ટાર્ટઅપ્સ સુધી આ વ્યવસ્થાનો વ્યાપ રાખવામાં આવ્યો છે. આમ; ગુજરાતમાં હવે AI માટે માત્ર નીતિ અને આયોજન નહીં, પરંતુ તેને અમલમાં મૂકવા માટેનું સંયુક્ત, કેન્દ્રિત અને સંચાલિત કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર થઈ ગયું છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે.

## પશ્ચિમ રેલવે દ્વારા ત્રણ જોડી ટ્રેનોનું સિદ્ધપુર સ્ટેશન પર તથા અસારવા-ખેડબ્રહ્મા મેમૂનું જાદર અને વડાલી સ્ટેશનો પર અસ્થાયી સ્ટોપેજ

અમદાવાદ | પિતૃ પક્ષ તથા "ભાદરવી પૂનમ" મેળા દરમિયાન મુસાફરો અને શ્રદ્ધાળુઓની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોની સુવિધા માટે ત્રણ જોડી ટ્રેનોને સિદ્ધપુર સ્ટેશન પર તથા અસારવા-ખેડબ્રહ્મા મેમૂને જાદર અને વડાલી સ્ટેશનો પર અસ્થાયી સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં



આવ્યો છે. આ અસ્થાયી સ્ટોપેજની વિગતો નીચે મુજબ છે:અસારવા-ખેડબ્રહ્મા મેમૂનું જાદર તથા વડાલી સ્ટેશનો પર અસ્થાયી સ્ટોપેજ, ભાદરવી પૂનમ મેળાના પ્રસંગે ટ્રેન નંબર 69251/69252 અસારવા-ખેડબ્રહ્મા-અસારવા મેમૂને તાત્કાલિક અસરથી 26 સપ્ટેમ્બર 2026 સુધી જાદર અને વડાલી સ્ટેશનો પર અસ્થાયી સ્ટોપેજ આપવામાં આવ્યું છે.ટ્રેન નંબર 69251 અસારવા-ખેડબ્રહ્મા મેમૂનો જાદર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય 19.59/20.00 કલાકે તથા વડાલી સ્ટેશન પર 20.24/20.25 કલાકે રહેશે.ટ્રેન નંબર 69252 ખેડબ્રહ્મા-અસારવા મેમૂનો વડાલી સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય 06.53/06.54 કલાકે તથા જાદર સ્ટેશન પર 07.10/07.11 કલાકે રહેશે.સિદ્ધપુર સ્ટેશન પર અસ્થાયી રોકાણ * ટ્રેન નંબર 20495/20496 જોધપુર-હડપસર-જોધપુર એક્સપ્રેસ, ટ્રેન નંબર 20495 જોધપુર-હડપસર એક્સપ્રેસને 04 ઓક્ટોબરથી 09 ઓક્ટોબર 2026 સુધી સિદ્ધપુર સ્ટેશન પર અસ્થાયી સ્ટોપેજ આપવામાં આવશે. તેનો સિદ્ધપુર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય 03.41/03.43 કલાકે રહેશે. ટ્રેન નંબર 20496 હડપસર-જોધપુર એક્સપ્રેસને પણ 04 ઓક્ટોબરથી 09 ઓક્ટોબર 2026 સુધી સિદ્ધપુર સ્ટેશન પર અસ્થાયી રોકાણ આપવામાં આવશે. તેનો આગમન/પ્રસ્થાન સમય 08.55/08.57 કલાકે રહેશે.* ટ્રેન નંબર 12547/12548 આગ્રા કેન્ટ-ગાંધીગ્રામ-આગ્રા કેન્ટ એક્સપ્રેસ, ટ્રેન નંબર 12547 આગ્રા કેન્ટ-ગાંધીગ્રામ એક્સપ્રેસને 05, 06, 08 તથા 09 ઓક્ટોબર 2026ના રોજ સિદ્ધપુર સ્ટેશન પર અસ્થાયી સ્ટોપેજ આપવામાં આવશે. તેનો સિદ્ધપુર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય 09.53/09.55 કલાકે રહેશે.ટ્રેન નંબર 12548 ગાંધીગ્રામ-આગ્રા કેન્ટ એક્સપ્રેસને 05, 07 તથા 08 ઓક્ટોબર 2026ના રોજ સિદ્ધપુર સ્ટેશન પર અસ્થાયી રોકાણ આપવામાં આવશે. તેનો આગમન/પ્રસ્થાન સમય 18.10/18.12 કલાકે રહેશે.* ટ્રેન નંબર 19409/19410 સાબરમતી-ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસ, ટ્રેન નંબર 19409 સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસને 08 તથા 10 ઓક્ટોબર 2026ના રોજ સિદ્ધપુર સ્ટેશન પર અસ્થાયી સ્ટોપેજ આપવામાં આવશે. તેનો સિદ્ધપુર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમય 11.45/11.47 કલાકે રહેશે.ટ્રેન નંબર 19410 ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસને 05 ઓક્ટોબર 2026ના રોજ સિદ્ધપુર સ્ટેશન પર અસ્થાયી રોકાણ આપવામાં આવશે. તેનો આગમન/પ્રસ્થાન સમય 08.04/08.06 કલાકે રહેશે.આ અસ્થાયી રોકાણોથી પિતૃ પક્ષના પ્રસંગે સિદ્ધપુર આવનારા મુસાફરો તથા ભાદરવી પૂનમ મેળામાં આવન-જાવન કરનારા શ્રદ્ધાળુઓને વધારાની રેલ કનેક્ટિવિટી તથા સુવિધા ઉપલબ્ધ થશે. ટ્રેનોના સમય, રોકાણ તથા રેક સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં GSFCના સાત નવા ઈનોવેટીવ ઉત્પાદનોનું લોંચીંગ કર્યુ

ગાંધીનગર | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના સાહસ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડના ઈનોવેટીવ ઉત્પાદનોનું ગાંધીનગર ખાતેથી લોન્ચિંગ કર્યુ હતું. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, રાજ્યમંત્રી શ્રી કૌશિક વેકરિયા તેમજ કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશ કટારા આ અવસરે ઉપસ્થિતિ રહ્યાં હતા.પાક સંરક્ષણના આ સાત શક્તિશાળી નિવારણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિકસિત કૃષિથી વિકસિત ગુજરાતનું પ્રતિબિંબ છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ટેક્નોલોજી આધારિત, કાર્યક્ષમ અને સસ્ટેનેબલ એગ્રીકલ્ચરની દિશામાં GSFCની ભૂમિકાની સરાહના કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનની સેવા સાધનાના 25 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રાજ્યવ્યાપી સેવા સંકલ્પ અભિયાનથી થઈ રહી છે ત્યારે GSFCની આ પહેલોના લોંચીંગને મુખ્યમંત્રીશ્રીએ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રને વધુ સમૃદ્ધ બનાવનારી ગણાવી હતી. તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં



ગરીબ, અન્નદાતા, યુવા અને નારીશક્તિને મુખ્ય પિલ્લર કહ્યાં છે. આ ચાર પિલ્લરમાં મહત્વપૂર્ણ એવા અન્નદાતા ખેડૂતના ઉત્પાદનોને ક્વોલિટી, વેલ્યુ એડીશન, પ્રોસેસિંગ અને વર્લ્ડ માર્કેટ સુધીની પહોંચ આપવા GSFCની આ સાત પહેલો ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ GSFCની 'સરદાર' બ્રાન્ડ નેમથી પ્રખ્યાત થયેલી પ્રોડક્ટ્સની શ્રૃંખલામાં આ નવી સાત પહેલો પાકને જરૂરી સંરક્ષણ પુરું પાડવામાં ખેડૂતોને શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડશે એમ પણ ઉમેર્યુ હતું. તેમણે જણાવ્યું કે, ગુણવત્તા સભર પાક સંરક્ષણ ઉકેલો ખેડૂતો સુધી સમયસર, સરળતાથી અને વિશ્વસનીય રીતે પહોંચે તે માટે GSFC કૃષિ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીમાં સંતુલિત પોષણ, બાયો ફર્ટીલાઈઝર અને અન્ય કૃષિ ઈનપુટ્સ પર કામ કરે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઈનોવેશનથી સમૃદ્ધિ, ટેક્નોલોજીથી ઉત્પાદક્તા અને પાક સંરક્ષણથી ખેડૂતોની આવક વૃદ્ધિના સંકલિત અભિગમથી સમૃદ્ધ ખેતીથી રાષ્ટ્રના વિકાસની યાત્રા સતત આગળ વધારવાની નેમ વ્યક્ત કરી હતી. GSFCના વૈજ્ઞાનિકો તથા સંશોધકોની ટિમને આ નવી પહેલોના લોંચીંગ માટે મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન આપ્યા હતા.

## સરસપુરમાં ઘરની બહાર રોડ પરથી સ્પોર્ટ્સ બાઈકની ચોરી શહેરકોટડા પોલીસે તપાસ શરૂ કરી



અમદાવાદ | શહેરના સરસપુર વિસ્તારમાં મોડી રાતે બે ચોરોએ ઘરની બહાર પડેલું સ્પોર્ટ્સ બાઈક ચોરી કર્યું છે. જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. એક ચોરે ઈંટ મારીને બાઈકનું લોક તોડ્યું હતું. જે બાદ બાઈક ચાલુ કરી ચોરી લઈ ગયા હતા. ચોરીની ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે જેના આધારે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સરસપુરમાં રહેતા અખિલેશ રામી નામનો 27 વર્ષીય યુવક આઈટી કંપનીમાં નોકરી કરે છે.અખિલેશ પાસે એક ડ્યુક બાઈક હતું. જે ઘરની બહાર રોડ પર પાર્ક કરતો હતો. 22 સપ્ટેમ્બરે અખિલેશ મોડી રાતે બહાર જઈને પરત આવ્યો હતો અને બાઈક ઘરની બહાર પાર્ક કરીને ગયો હતો. સવારે જ્યારે ઘરની બહાર જોયું ત્યારે બાઈક ગાયબ હતુ. જેથી આસપાસ તપાસ કરી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. પરંતુ CCTV ચેક કરતા બે ચોર આવ્યા હતા જેમાંથી એકે ઇંટથી બાઈકનું લોક તોડ્યું હતું. જે બાદ બાઈક ચલાવીને ચોરી કરીને લઈ ગયા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફિલ્મ જગતના મહેમાનો તથા વિશિષ્ટ આમંત્રિતોને ભારતીય રેલવેની ગૌરવશાળી વિરાસતથી પરિચિત કરાવવાની વિશેષ પહેલ

## રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના અવસરે એકતાનગરથી વડોદરા માટે હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

ગાંધીનગર : કેવડિયામાં આયોજિત 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં દેશભરમાંથી ઉપસ્થિત પુરસ્કાર વિજેતાઓ, ફિલ્મ જગતના પ્રતિષ્ઠિત મહેમાનો તથા અન્ય વિશિષ્ટ આમંત્રિતોની સુવિધા માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા એકતાનગર સ્ટેશનથી વડોદરા માટે હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનું વિશેષ સંચાલન કરવામાં આવ્યું હતું. આ વિશેષ ટ્રેનનું પ્રસ્થાન એકતાનગર સ્ટેશનથી રાત્રે 9:00 વાગ્યે કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના અવસરે આયોજિત આ વિશેષ રેલયાત્રાનો હેતુ મહેમાનોને સુવિધાજનક મુસાફરી પૂરી પાડવાની સાથે-સાથે ભારતીય રેલવેની સમૃદ્ધ અને ગૌરવશાળી રેલ વિરાસતથી પરિચિત કરાવવાનો હતો.

હેરિટેજ સ્પેશિયલ ટ્રેન ભારતીય રેલવેની વિરાસત, આધુનિક ટેકનોલોજી અને પ્રવાસનના સમન્વયનું અનોખું ઉદાહરણ છે. ટ્રેનની વિશેષ સંરચના અને સંચાલન



દ્વારા મુસાફરોને ભાપ એન્જિનના સુવર્ણ યુગની અનુભૂતિ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આધુનિક ઈલેક્ટ્રિક પ્રણાલીથી સંચાલિત હોવા છતાં ટ્રેનમાં ભાપ અને ધુમાડાની વિશેષ અસર તેમજ હોર્નની વ્યવસ્થા કરવામાં આવી છે, જે જૂના સમયના ભાપ એન્જિનની યાદોને જીવંત કરે છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેનના કોચમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ટ્રેનમાં છ કોચ, પેન્ટ્રીની સુવિધા તથા આકર્ષક સેલ્ફી પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલા કોચ મુસાફરોને આરામદાયક અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે.

ટ્રેન નંબર 09409 અમદાવાદ-એકતાનગર સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન દર શનિવાર અને રવિવારે સવારે 06:10 વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરીને 09:50 વાગ્યે એકતાનગર પહોંચે છે. એ જ રીતે ટ્રેન નંબર 09410 એકતાનગર-અમદાવાદ સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન દર શનિવાર અને રવિવારે 20:35 વાગ્યે એકતાનગરથી પ્રસ્થાન કરીને બીજા દિવસે 00:05 વાગ્યે અમદાવાદ પહોંચે છે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન વડોદરા સ્ટેશન પર રોકાય છે. આ ટ્રેનમાં ચાર એસી વિસ્ટાડોમ પ્રકારના કોચ છે, જેમાં ત્રણ વાતાનુકૂલિત એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ અને એક રેસ્ટોરન્ટ ડાઈનિંગ કારનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા વર્ષ 2023માં એકતાનગરથી સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેનની શરૂઆત કરવામાં આવી હતી.

## અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા 2026' અંતર્ગત વ્યાપક સ્વચ્છતા તથા જનજાગૃતિ અભિયાનનું આયોજન

અમદાવાદ: રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છતા હી સેવા 2026' અભિયાન અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મંડળના વિવિધ સ્ટેશનો, ટ્રેનો, કોચિંગ પ્રતિષ્ઠાનો, રેલવે કોલોનીઓ તથા કચેરીઓમાં વ્યાપક સ્વચ્છતા, સફાઈ અને જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. 21 થી 24 સપ્ટેમ્બર 2026 દરમિયાન આયોજિત આ પ્રવૃત્તિઓમાં સ્વચ્છ સ્ટેશનો, સ્વચ્છ ટ્રેનો, કચરાનું પૃથક્કરણ, પ્લાસ્ટિકમુક્ત પરિસર તથા જનભાગીદારી દ્વારા સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.21 અને 22 સપ્ટેમ્બર 2026ના રોજ 'સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ ટ્રેન તથા સ્વચ્છ જાહેર પરિસર' અભિયાન અંતર્ગત મંડળના 31 મુખ્ય તથા બિન-મુખ્ય સ્ટેશનો પર સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન 58 સ્ટેશનો પર સફાઈ મશીનો, સાધનો તથા વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો (PPE) ની ઉપલબ્ધતા









અને કાર્યક્ષમતાની તપાસ કરવામાં આવી તેમજ 24 કચરા પૃથક્કરણ ડબ્બાઓની પણ તપાસ કરવામાં આવી હતી. પ્લાસ્ટિકમુક્ત પ્લેટફોર્મ અભિયાન અંતર્ગત 104 પ્લેટફોર્મ/ વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી, જ્યારે 18 નિર્ધારિત/વિશેષ ટ્રેનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત 37 સ્ટેશનોના શૌચાલયોની તથા 362 કોચના શૌચાલયોની સફાઈ કરવામાં આવી હતી. કચેરીઓમાં સ્વચ્છ ડેસ્ક તથા ડિજિટલ દસ્તાવેજીકરણને પ્રોત્સાહન આપતાં 38 સ્થળોએ ડિજિટલ ડોક્યુમેન્ટેશન કરવામાં આવ્યું હતું.આ સ્વચ્છતા અભિયાનો દરમિયાન વિવિધ પ્રકારના કચરાનું પૃથક્કરણ તથા નિકાલ પણ કરવામાં આવ્યો હતો. 21-22 સપ્ટેમ્બર દરમિયાન 1,698 કિલોગ્રામ સૂકો કચરો, 4,329 કિલોગ્રામ ભીનો કચરો, 19 કિલોગ્રામ સેનિટરી કચરો તથા 12 કિલોગ્રામ વિશેષ દેખભાળવાળા કચરાનું એકત્રીકરણ તથા નિકાલ કરવામાં આવ્યો હતો. આ રીતે આ સમયગાળા દરમિયાન કુલ 6,058 કિલોગ્રામ કચરો એકત્રિત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.23 અને 24 સપ્ટેમ્બર 2026ના રોજ 'જનભાગીદારી એડવોકેસી' અંતર્ગત ઘન કચરા વ્યવસ્થાપન (SWM) નિયમો 2026, કચરાનું પૃથક્કરણ, કમ્પોસ્ટિંગ તથા સિંગલ-યુઝ પ્લાસ્ટિકથી બચાવ અંગે જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રેલવે કોલોનીઓ તથા વિવિધ સ્થળોએ લોકોને ખાસ કરીને ભીના અને સૂકા કચરાના પૃથક્કરણ તેમજ સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન 270 કિલોગ્રામ સૂકો તથા 1,215 કિલોગ્રામ ભીનો કચરો એકત્રિત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.અભિયાન અંતર્ગત અમદાવાદ સ્ટેશન તથા સરસપુર-1 રેલવે કોલોનીમાં સ્વચ્છતા શપથ અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક લોકોએ ભાગ લીધો હતો.

## દારૂના નશામાં ક્રેટાચાલક કોન્સ્ટેબલે એક્ટિવાને ટક્કર મારી:ચાંદખેડામાં કાકા-ભત્રીજીને ઈજા...

અમદાવાદ | અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં એક્ટિવા ઉપર કાકા ભત્રીજી જઈ રહ્યા હતા, ત્યારે પૂરઝડપે એક ક્રેટાચાલકે એક્ટિવાને ટક્કર મારી હતી. જેમાં કાકા-ભત્રીજી પડી જતા ઈજા થઈ હતી. અકસ્માત કરનાર ક્રેટા ચાલક નરોડા પોલીસ સ્ટેશનનો પોલીસ કર્મચારી દારૂના નશામાં હતો. જેની ટ્રાફિક પોલીસે ગુનો નોંધી ગૌરાંગ દવેની ધરપકડ કરી છે.

કાશીન્દ્રામાં રહેતા 40 વર્ષીય આશિષ પટેલ તેની 15 વર્ષીય ભત્રીજી સાથે એક્ટિવા પર ચાંદખેડાના સ્નેહ પ્લાઝા પાસેથી જઈ રહ્યા હતા, ત્યારે એક ક્રેટા ચાલક ગૌરંગ દવેએ એક્ટિવાને ટક્કર મારી હતી. ગાડીની પાછળથી ટક્કર વાગતા આશિષભાઈ અને તેની ભત્રીજી નીચે પડી ગયા હતાં. જેના કારણે ભત્રીજીને ઈજા પહોંચી હતી, જેથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

અકસ્માતનો બનાવ બનતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. લોકોએ જ્યારે અકસ્માત કરનાર ક્રેટા



ગાડીમાં તપાસ કરી તો આ ગાડી ચલાવનાર કોન્સ્ટેબલ ગૌરાંગ દવે હતા, જે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. આ પોલીસ કર્મીએ દારૂના નશામાં અકસ્માત કર્યો હતો. અકસ્માત બાદ પણ આ પોલીસકર્મીને કોઈ ભાન ન હતું. પોલીસની ગાડીમાં બેસાડવામાં આવ્યા ત્યારે પણ તે કેસ કરી દો તેવું કહેતા હતા. સમગ્ર મામલે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગૌરાંગ દવે વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...